દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 205 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ સુદ- ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 August 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૩૦ ઓગસ્ટ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# $=₹ ૮૮.૧૫ ડૉલર સામે રૂપિયો ૫૭ પૈસાના ગાબડાં સાથે ઐતિહાસિક તળિયે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલમાં વધેલા તણાવને પગલે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન એક તબક્કે ૭૫ પૈસાનું ગાબડું પડ્યા બાદ સત્રના અંતે ૫૭ પૈસાના કડાકા સાથે સૌપ્રથમ વખત ૮૮ની સપાટી પાર કરીને ૮૮.૧૫ના મથાળે બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર અમેરિકાએ ભારતથી થતી આયાત સામે લાદવામાં આવેલી ૫૦ ટકા જેટલી ઊંચી ટૅરિફ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીના દબાણ ઉપરાંત ઈક્વિટી માર્કેટમાં નરમાઈતરફી વલણને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૫૮ના બંધ સામે ૮૭.૭૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૩૩ અને ઉપરમાં ૮૭.૭૧ની રેન્જમાં અથડાઈને અંતે ૫૭ પૈસાના ગાબડાં સાથે ૮૮.૧૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનો સુધારો નોંધાયો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ પૂર્વે ડૉલર સામે રૂપિયો ગત પાંચમી ઑગસ્ટના રોજ ૮૭.૮૮ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. અમેરિકા દ્વારા ભારત પર અતિરિક્ત ટૅરિફ લાદવામાં આવી હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના દબાણને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા વધીને ૯૭.૯૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૭૦.૯૨ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૭૪.૦૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે રૂ. ૩૮૫૬.૫૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૭૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૧૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

## ગુજરાતના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા સહિત ૧૪ને આજીવન કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના વર્ષ ૨૦૧૮ના ચકચારી બિટકોઈન તોડકાંડ કેસમાં અમદાવાદની સિટી સેશન્સ કોર્ટની એસીબીની સ્પેશિયલ કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટના અપહરણ અને ખંડણીના કેસમાં કોર્ટે પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા, અમરેલીના પૂર્વ એસપી જગદીશ પટેલ, પૂર્વ પીઆઇ અનંત પટેલ સહિત ૧૪ આરોપીઓ દોષિત જાહેર કરી તમામને આજીવન કેદની સજા સંભળાવી હતી. દોષિતોએ શૈલેષ ભટ્ટનું અપહરણ કરીને ૨૦૦ બિટકોઇન પડાવ્યા હતા અને છોડવા માટે ૩૨ કરોડની માગ કરી હતી.

પૂર્વ અમરેલી જિલ્લા પોલીસ વડા જગદીશ પટેલ, પૂર્વ અમરેલી એલસીબી પીઆઈ અનંત પટેલ, સીબીઆઈ ઈન્સ્પેક્ટર સુનીલ નાયર, કિરીટ પાલડિયા, વકીલ કેતન પટેલ, પોલીસ કર્મચારીઓ તેમજ પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા સહિત ૧૫ લોકોની ધરપકડ થઈ હતી. આ તમામમાંથી એકમાત્ર જતીન પટેલનો નિર્દોષ છુટકારો થયો હતો, જ્યારે બાકીના ૧૪ને દોષિત ઠેરવવામાં આવ્યા. શૈલેષ ભટ્ટનું અપહરણ કરનાર આરોપી પોલીસ કર્મચારીઓ સામે અને પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા સામે સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર ખાતે ફરિયાદ નોંધાઈ હતી. તેઓ સામે ભ્રષ્ટાચારનો કેસ નોંધાયો હતો. આ કેસ અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે આવેલી એસીબીની વિશેષ અદાલતમાં ચાલ્યો હતો. સરકારે વિશેષ સરકારી વકીલ તરીકે અમિત પટેલની નિમણૂક કરી હતી.

વર્ષ ૨૦૧૮માં શૈલેષ ભટ્ટનું ગાંધીનગરમાંથી અપહરણ કરવામાં આવ્યું હતું. તેમને એક ફાર્મહાઉસમાં ગોંધી રાખીને ૨૦૦ બિટકોઇન લૂંટી લેવાનો આરોપ અમરેલી પોલીસ પર મૂકવામાં આવ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે, કેતન પટેલ અને નલિન કોટડિયાને એવી માહિતી મળી હતી કે શૈલેષ ભટ્ટે સુરતના ધવલ માવાણી પાસેથી રૂપિયા ૧૫૦ કરોડના બિટકોઇન પડાવ્યા હતા. આ માહિતીના આધારે, નલિન કોટડિયા, કેતન પટેલ અને કિરીટ પાલડિયાએ શૈલેષ ભટ્ટને લૂંટવાની યોજના બનાવી હતી. આ કાવતરામાં સીબીઆઈ ઈન્સ્પેક્ટર સુનીલ નાયરે ૫ કરોડ રોકડા લીધા હતા અને ત્યારબાદ અમરેલી પોલીસે રૂપિયા ૧૨ કરોડના બિટકોઈન પડાવ્યા હતા. શૈલેષ ભટ્ટની ફરિયાદ બાદ સીબીઆઈ ક્રાઇમે આ તમામ આરોપીઓની ધરપકડ કરી હતી.

શૈલેષ ભટ્ટે બીટ કનેક્ટ કંપનીમાં આશરે રૂપિયા ૧.૧૪ કરોડ ગુમાવ્યા બાદ, તેણે કંપનીના હોદ્દેદારો અને કર્મચારીઓનું અપહરણ કરીને ૨૦૨૧ બિટકોઈન, ૧૧૦૦૦ લાઈટકોઈન અને રૂપિયા ૧૪.૫ કરોડની ખંડણી મેળવી હતી. બાદમાં, શૈલેષ ભટ્ટે તત્કાલીન અમરેલીના એસપી જગદીશ પટેલ અને કેટલાક પોલીસ અધિકારીઓ સામે ફરિયાદ નોંધાવી હતી કે તેનું અપહરણ કરીને તેની પાસેથી ૧૭૬ બિટકોઈન પડાવી લેવામાં આવ્યા હતા. તેણે સીબીઆઈના ઈન્સ્પેક્ટર સુનીલકુમાર વિરુદ્ધ પણ ફરિયાદ કરી હતી, જેમાં તેણે જણાવ્યું હતું કે ઈડી અને આવકવેરા વિભાગનો ડર બતાવીને રૂપિયા ૧૦ કરોડની લાંચની માગણી કરવામાં આવી હતી, જે આખરે રૂપિયા ૫ કરોડમાં નક્કી થઈ હતી.

આ કાવતરામાં મુખ્ય ભૂમિકા ભજવનાર પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા અને તત્કાલીન એસપી જગદીશ પટેલ હતા. નલિન કોટડિયાને જ્યારે શૈલેષ ભટ્ટ પાસે બિટકોઈન હોવાની જાણ થઈ, ત્યારે તેમણે મોટી રકમ પડાવવા માટે એક યોજના બનાવી અને તેમાં અમરેલીના તત્કાલીન એસપી જગદીશ પટેલને સામેલ કર્યા હતા. આ બંનેએ સાથે મળીને શૈલેષ ભટ્ટને ત્યાં રેડ પાડી અને કરોડો રૂપિયા પડાવ્યા હતા. આ ઘટના બાદ બંનેની ધરપકડ કરવામાં આવી હતી અને હવે આજીવન કેદની સજા મળતા અંતે આ હાઈપ્રોફાઈલ કેસનો અંત આવ્યો હતો.

## મરાઠા આંદોલને મુંબઈને બાનમાં લીધું

મુંબઈઃ મરાઠા આરક્ષણને મામલે એક્ટિવિસ્ટ મનોજ જરાંગેએ આંદોલનની કરેલી હાકલને પગલે હજારોની સંખ્યામાં લોકો આઝાદ મેદાન તરફ આગળ વધતાં શુક્રવારે મુંબઈમાં ટ્રાફિકજામ સહિત અનેક સમસ્યાઓ સર્જાઈ હતી અને આંદોલનકર્તાઓએ જાણે મુંબઈને બાનમાં લીધું હોય તેવાં દૃશ્યો જોવા મળ્યા હતા.

ઈશાન અને દક્ષિણ મુંબઈમાં ખાસ કરીને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) તરફ જતા રસ્તાઓ પર વાહનવ્યવહાર ધીમો પડી ગયો હતો.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) રેલવે સ્ટેશન પર હજારોની સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા જેને પગલે મધ્ય રેલવેએ પ્રવાસીઓને જરૂરી હોય તો જ ટ્રેનમાં પ્રવાસ કરવાની અપીલ કરી હતી.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં રેલવે મેનેજરે જણાવ્યું હતું કે સીએસએમટી રેલવે સ્ટેશન અને તેની આસપાસના વિસ્તારમાં ઊમટી પડેલી જનમેદનીને ધ્યાનમાં લઈને પ્રવાસીઓને અત્યંત જરૂરી અને અનિવાર્ય હોય તેવા સંજોગોમાં જ ટ્રેનમાં પ્રવાસ કરવાની સલાહ આપવામાં આવી હતી.

લાખો નોકરિયાતો દરરોજ સવારે નરિમાન પૉઈન્ટ, ફૉર્ટ, કાલબાદેવી કે ક્રાફર્ડ માર્કેટસ્થિત તેમની ઑફિસે પહોંચવા સીએસએમટીથી ચાલીને, બસમાં કે ટૅક્સીમાં પ્રવાસ કરતા હોય છે.

આંદોલનકર્તાઓની ભીડને કારણે નોકરિયાતોને શુક્રવારે તેમના કામના સ્થળે પહોંચવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

સીએસએમટી રેલવે સ્ટેશન પર નિયમિત પ્રવાસીઓ ઉપરાંત આંદોલનકર્તાઓને કારણે ભારે ભીડ જોવા મળી હતી.

આંદોલનકર્તાઓએ સીએસએમટી રેલવે સ્ટેશન પર જાણે કબજો જમાવી દીધો હતો. રેલવે સ્ટેશન પર તેઓ ગમેતેમ પડેલા પાથરેલા જોવા મળ્યા હતા જેને કારણે પ્રવાસીઓ માટે રેલવે સ્ટેશનની બહાર નીકળવાનું તેમ જ તેમાં પ્રવેશવાનું મુશ્કેલ બન્યું હતું.

અનેક પ્રવાસીઓએ પરાંની ટ્રેનમાં ભારે ભીડ, બસ સ્ટોપ પર બૅસ્ટની બસોની ગેરહાજરીની ફરિયાદ કરી હતી.

આંદોલનકર્તાઓને કારણે બસસેવા ખોરવાઈ ગઈ હતી અને અનેક ચાવીરૂપ રૂટ પર બસ દોડાવી શકાઈ નહોતી, જે રૂટ પર બસ દોડાવાઈ હતી તેમાં પણ વધુ પડતી ગિરદી જોવા મળી હતી.

હાર્બર લાઈન પરની તમામ ટ્રેનોમાં અભૂતપૂર્વ ગિરદી જોવા મળી હતી. વડાલાથી લઈને સીએમએસટી વચ્ચેના તમામ સ્ટેશનો પર આંદોલનકર્તાઓની ભીડ જોવા મળી હતી.

બૅસ્ટના પ્રવક્તાના જણાવ્યાનુસાર ડૉ. બાબાસાહેબ આંબેડકર માર્ગે દક્ષિણ મુંબઈ જતી બસસેવાને દાદર, ભારતમાતા, મુંબઈ સેન્ટ્રલ સુધી સીમિત કરી દેવામાં આવી હતી.

આંદોલનને કારણે વિદ્યાર્થીઓનું સમયપત્રક પણ ખોરવાઈ ગયું હતું. અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

મુંબઈ ટ્રાફિક પોલીસે કારચાલકોને દક્ષિણ મુંબઈ પહોંચવા મુખ્ય ગણાતા ઈસ્ટર્ન ફ્રી વેનો ઉપયોગ ટાળવાની અપીલ કરી હતી.

જરાંગે ઈસ્ટર્ન ફ્રી વે મારફતે જ હજારો વાહનોના કાફલા સાથે આઝાદ મેદાન પહોંચ્યો હતો.

કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે આઝાદ મેદાન તેમ જ તેની આસપાસના વિસ્તારમાં મોટા પ્રમાણમાં પોલીસ ગોઠવી દેવામાં આવી હતી. (એજન્સી)




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પને કાંડાં કાપી આપવા કરતાં ચીન પર ભરોસો કરવો બહેતર

**આપણા** વડા પ્રધાન નરેન્દ્ર મોદી જાપાન પહોંચી ગયા છે અને આજે ચીન જવા રવાના થશે. મોદી સાત વર્ષ પછી ચીનની મુલાકાતે જવાના છે એ રીતે તો આ મુલાકાત મહત્ત્વની છે જ પણ દુનિયાનાં બદલાયેલાં સમીકરણોના કારણે પણ આ મુલાકાત મહત્ત્વની છે. મોદી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સમિટમાં હાજરી આપવા ચીન જઈ રહ્યા છે પણ ડોનલ્ડ ટ્રમ્પના ટૅરિફના તાયફાઓના કારણે આખી દુનિયાની નજર મોદીની ચીનની મુલાકાત પર મંડાયેલી છે. મોદી ચીનમાં ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયન પ્રમુખ પુતિનને મળવાના છે અને આ બેઠકમાં અમેરિકાને બહુ રસ છે કેમ કે આ બેઠકમાં ભારતના ભવિષ્યના આર્થિક સંબંધોનો તખ્તો ઘડાશે.

ડૉનલ્ડ ટ્રમ્પે ભારતને ડરાવવા ૫૦ ટકા ટૅરિફ લાદ્યો તેની ઐસીતૈસી કરીને મોદી ચીન-રશિયા સાથે નવી ધરી રચી રહ્યા છે. ચીન અને ભારત દુનિયામાં સૌથી વધારે વસતી ધરાવતા દેશ છે અને દુનિયાની કુલ વસતીમાં ત્રીજા ભાગની વસતી આ બે દેશોમાં છે તેથી બંને પાસે બહુ તોતિંગ માર્કેટ છે. રશિયા પણ હથિયારો, ક્રૂડ ઓઈલ, ટેકનોલોજીમાં અમેરિકાને ટક્કર મારે એવો દેશ છે તેથી ભારત, રશિયા અને ચીનની ત્રિમૂર્તિ બને તો અમેરિકાને ભોં ભારે પડી જાય એટલે અમેરિકા ભારે ઉચાટમાં પણ છે.

મોદીની ચીનની યાત્રા વખતે જ અમેરિકાના પ્રમુખ શી જિનપિંગે ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને લખેલા એક કહેવાતા સીક્રેટ પત્રની વાત ચગાવાઈ રહી છે. એક અમેરિકન કંપનીના મીડિયા હાઉસનો દાવો છે કે, માર્ચમાં, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ચીન સામેના વેપાર યુદ્ધને તીવ્ર બનાવી રહ્યા હતા ત્યારે બીજિંગે ગુપ્ત રીતે ભારતનો સંપર્ક કરવાનું શરૂ કર્યું હતું. તેના ભાગરૂપે મુર્મૂને આ સીક્રેટ લેટર લખાયો હતો અને ભારત-ચીન વચ્ચેના સંબંધો સુધારવા વિનંતી કરાઈ હતી. આ રિપોર્ટમાં એવો દાવો પણ કરાયો છે કે, આ પત્ર ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ પહોંચાડવામાં આવ્યો હતો કે જેથી તેઓ ચીન સાથેના સંબંધો સુધારવા માટે શું કરી શકાય તે અંગે વિચાર કરી શકે. આ પત્રમાં ચીને ખાસ ચિંતા વ્યક્ત કરી હતી કે ભારત અને અમેરિકા વચ્ચેના કોઈપણ કરારથી ચીનના હિતોને નુકસાન થઈ શકે છે તેથી ચીન ભારત સાથેના સંબંધો સુધારવા તૈયાર છે.

આ રિપોર્ટમાં એવો દાવો પણ કરાયો છે કે, જૂન સુધી ભારતે જિનપિંગના પત્રનો કોઈ નક્કર જવાબ આપ્યો ન હતો પણ પછી પરિસ્થિતિ અચાનક બદલાઈ ગઈ, ભારત અને ચીન સંબંધો સુધારવા તૈયાર થયાં અને તેના માટે બે મુખ્ય કારણો જવાબદાર છે. પહેલું કારણ ટ્રમ્પનો એ દાવો હતો કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ પોતે કરાવ્યો હતો. આ વાતને ભારતે નકારી કાઢી હતી છતાં ટ્રમ્પ વારંવાર આ વાત દોહરાવતા રહ્યા તેમાં ભારતની નારાજગી વધી અને ભારત ચીન તરફ ઢળી ગયું. ટ્રમ્પના વારંવારના દાવાના કારણે ભારતે જૂનમાં ચીનની પહેલનો ગંભીરતાથી જવાબ આપવાનું શરૂ કર્યું અને મોદીની ચીનની યાત્રાનો તખ્તો ઘડાયો.

બીજું કારણ અમેરિકા અને ભારત વચ્ચેના વ્યાપાર ડીલમાં થયેલી ઢીલ છે. ટ્રમ્પ ભારત દ્વારા વધારે પડતો ટૅરિફ લદાય છે એવી વાતો કર્યા કરતા હતા. ભારત અમેરિકાની નારાજગી દૂર કરવા તૈયાર હતું તેથી વ્યાપાર સોદા માટે તૈયારી બતાવી પણ ટ્રમ્પ ભારત ઝીરો ટૅરિફ માટે તૈયાર હોવાનો દાવો કરીને ફિશિયારી મારવા ગયા તેમાં ભારત ભડક્યું. ટ્રમ્પ ભારત અમેરિકાનું ઓશિયાળું હોય એવું બતાવવા મથ્યા કરતા હતા તેના કારણે પણ ભારત ચીન તરફ ઢળી ગયું.

આ બંને વાતોમાં કેટલો દમ છે એ ખબર નથી પણ તાર્કિક રીતે આ વાત સાચી છે. ટ્રમ્પે ભારતની મેથી મારી મારીને ચીન તરફ ઢળવા માટે મજબૂર કર્યું છે એ વાત સાવ સાચી છે. ચીન તરફ ભારતને જરાય હેત નથી અને છેલ્લાં પાંચેક વર્ષથી તો ભારત અને ચીનના સંબંધો સાવ ખરાબ હતા. ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ૨૦૨૦માં થયેલી ગલવાન ખીણ અથડામણના કારણે ભારત-ચીનના આર્થિક સંબંધોને ફટકો પડ્યો હતો. લગભગ ચાર વર્ષ સુધી બંને દેશોના સંબંધોમાં તણાવ જ હતો ને ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદે ના આવ્યા હોત તો આ તણાવ ચાલુ જ રહેવાનો હતો કેમ કે ભારતને ચીનની ગરજ જ નહોતી પણ ટ્રમ્પે પ્રમુખ બન્યા પહેલાં જ ભારતની મેથી મારવાના મનસૂબા જાહેર કરવા માંડ્યા તેમાં ભારતે પોતાની ચીન તરફની વ્યૂહરચના બદલવાની ફરજ પડી. ટ્રમ્પની જીત પાકી લાગતી હતી તેથી ભારતે પાણી પહેલાં પાળ બાંધીને ભારતે ચીન સાથેના સંબંધોમાં નરમાઈ લાવીને સરહદ વિવાદને ઉકેલવા માટેના પ્રયાસો શરૂ કરી દીધેલા. તેના ભાગરૂપે ગયા વર્ષે, બંને દેશોએ લદાખમાં બંને દેશો વચ્ચેના સરહદી વિવાદને ઉકેલવા કરાર કર્યો હતો. અમેરિકા માટે આ બહુ મોટો સંકેત હતો પણ અમેરિકા આ સંકેતને પારખી ના શક્યું. ટ્રમ્પે તો પ્રમુખ બનતાં જ તોર બતાવીને ભારતને ધમકીઓ પર ધમકીઓ આપવા માંડી ને છેવટે ધમકીનો અમલ કરીને ભારત પર તોતિંગ ટૅરિફ પણ લાદી દીધા તેથી ભારત અને ચીન વચ્ચેની નિકટતા માટે ટ્રમ્પ જ જવાબદાર છે.

ભારત માટે ચીન બહુ ભરોસાપાત્ર નથી એ વાત સાચી પણ ટ્રમ્પે જે પરિસ્થિતિ સર્જી છે એ જોતાં ભારત પાસે ચીન સાથે હાથ મિલાવવા જ શ્રેષ્ઠ વિકલ્પ છે કેમ કે ચીન ટ્રમ્પની જેમ ભારતને ઘૂંટણિયે પાડીને કશું કરાવવા માગતું નથી. બલકે ચીન તો પોતાને અને ભારતને બંનેને ફાયદો થાય એ રીતે આગળ વધવા તૈયાર છે. ભૂતકાળમાં ભારત અને ચીનના સંબંધો સારા હતા ત્યારે ચીનની કંપનીઓ જંગી પ્રમાણમાં ભારતમાં રોકાણ કરતી હતી એ રીતે ભારતમાં રોકાણ કરવા પણ ચીન તૈયાર છે.

ટ્રમ્પ જે રીતે એક પછી એક શરતો મૂકે છે એ રીતે શરતો મૂકવાના બદલે ચીન તો ભારત અને ચીન બંને અમેરિકાની દાદાગીરીથી ત્રસ્ત છે તેથી બંનેએ સહકાર કરવો જોઈએ એવું કહે છે. ચીન લુચ્ચું છે તેથી તેની વાત પર જલદી ભરોસો ના કરાય પણ ટ્રમ્પ કહે છે એ રીતે અમેરિકન કૃષિ અને ડેરી પ્રોડક્ટ્સ માટે ભારતીય બજારને ખુલ્લું મૂકીને કાંડાં કાપીને આપી દેવા કરતાં તો ચીન પર ભરોસો કરવો બહેતર જ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, શનિવાર, તા. ૩૦-૮-૨૦૨૫, લલિતા સપ્તમી

- ભારતીય દિનાંક ૮, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૪-૩૬ સુધી, પછી અનુરાધા.
- ચંદ્ર તુલામાં સવારે ક. ૦૭-૫૨ સુધી, પછી વૃશ્ચિકમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૫-૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૪ (તા. ૩૧)
- ઓટઃ સવારે ક. ૦૯-૩૦, રાત્રે ક. ૨૧-૫૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - સપ્તમી. મેલાપાટ (કાશ્મીર), લલિતા સપ્તમી (બંગાલ-ઓરિસ્સા), વિંછુડો પ્રારંભ સવારે ક. ૦૭-૫૨. બુધ સિંહમાં સંજે ક. ૧૬-૪૩. સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુનીમાં રાત્રે ક. ૨૧-૪૫. વાહન મહિષી (સંયોગિયુ નથી). ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૪૬. શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ઈન્દ્ર - અગ્નિદેવતાનું પૂજન, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, નવાં વસ્રો, આભૂષણ, ધાન્ય ભરવું, પશુ લે-વેંચ. શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ નિંદા કરવાનો સ્વભાવ, ચંદ્ર-શનિ ત્રિકોણ સ્થિર સ્વભાવના, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ અણધાર્યા ફેરફારો આવે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, બુધ મઘા નક્ષત્ર પ્રવેશ, સૂર્ય પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્યસિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક/સિંહ ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ઉત્તરાખંડમાં ફરી વાદળ ફાટ્યું

## ચમોલી અને રુદ્રપ્રયાગ જિલ્લામાં મેઘરાજા કોપાયમાન

હરિદ્વારઃ ઉત્તરાખંડમાં ગુરુવારે રાત્રે વાદળ ફાટવાની બીજી વિનાશક ઘટના બની હતી, જેની અસર ચમોલી અને રુદ્રપ્રયાગ જિલ્લામાં પડી હતી. આ દુર્ઘટનામાં ઘણા લોકો ગુમ થયા છે અને સમગ્ર પ્રદેશમાં વ્યાપક નુકસાન થયું હોવાના અહેવાલો મળ્યા છે.

દેવલ બ્લોક હેઠળના ચમોલી જિલ્લાના મોપાટા ગામમાં, તારા સિંહ અને તેમની પત્ની ભૂસ્ખલનના કાટમાળ નીચે દબાઈ ગયા બાદ ગુમ થયા હતા. આ જ ઘટનામાં અન્ય એક દંપતી, વિક્રમ સિંહ અને તેમની પત્ની, ઘાયલ થયા હતા. આ દુર્ઘટનામાં તેમની ગૌશાળા પણ દટાઈ ગઈ, જેમાં લગભગ ૧૫-૨૦ પ્રાણી કાટમાળ નીચે ફસાઈ ગયા હોવાના અહેવાલ છે.દરમિયાન, રુદ્રપ્રયાગ જિલ્લામાં બાસુકેદાર વિસ્તારમાં વાદળ ફાટવાથી છ જણ ગુમ થયા હોવાના અહેવાલ છે . અલકનંદા અને મંદાકિની નદીઓના સંગમ પર વધતા પાણીના સ્તરને કારણે ગંભીર પરિસ્થિતિઓ સર્જાઈ છે, નદીના પાણી રહેણાક વિસ્તારોમાં ઘૂસી ગયા છે અને લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે.

અચાનક આવેલા પૂરના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં માળખાગત સુવિધાઓને નોંધપાત્ર નુકસાન થયું છે. કેદારનાથ ખીણના લવારા ગામમાં, મોટર રોડ પરનો એક પુલ જોરદાર પ્રવાહથી સંપૂર્ણપણે વહી ગયો છે. ચેનાગઢ વિસ્તારમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર છે અને રુદ્રપ્રયાગમાં આવેલું પ્રખ્યાત હનુમાન મંદિર હવે પાણીના સ્તરમાં વધારો થવાને કારણે ડૂબી ગયું છે.

રુદ્રપ્રયાગ, બાગેશ્વર, ચમોલી, હરિદ્વાર અને પિથોરાગઢ જિલ્લાઓમાં ગંભીર હવામાન પરિસ્થિતિઓને કારણે શાળાઓ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ચમોલી જિલ્લામાં, સાવચેતીના પગલાં તરીકે શુક્રવારે તમામ વિકાસ બ્લોકમાં રજા જાહેર કરવામાં આવી છે.

મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ આ ઘટનાઓ પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર તાત્કાલિક કાર્યવાહીનું આશ્વાસન આપ્યું હતું.

''સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે. હું સતત અધિકારીઓના સંપર્કમાં છું અને આપત્તિ સચિવ અને જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે વાત કરી છે, અસરકારક બચાવ કામગીરી માટે જરૂરી સૂચનાઓ આપી છે,'' એમ ધામીએ જણાવ્યું હતું.

અસરગ્રસ્ત સ્થળોએ તહેસીલ વહીવટી ટીમો રવાના કરવામાં આવી છે, જ્યારે મહેસૂલ, આરોગ્ય, વીજળી, પાણી, પીડબ્લ્યુડી અને પશુચિકિત્સા ટીમો સહિત અનેક એજન્સીઓ રાહત કામગીરી કરી રહી છે.

ભારતીય હવામાન વિભાગ (આઇએમડી) એ દહેરાદૂન, નૈનિતાલ, બાગેશ્વર અને પિથોરાગઢ જિલ્લાઓ માટે ઓરેન્જ ચેતવણી જારી કરી છે, જેમાં વાવાઝોડા અને વીજળી સાથે ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગે આગામી દિવસોમાં ભારે વરસાદ ચાલુ રહેવા સાથે સમગ્ર ઉત્તરાખંડને યલો ચેતવણી હેઠળ રાખ્યું છે.

આ તાજેતરની આફત ૫ ઓગસ્ટના રોજ ઉત્તરકાશી જિલ્લાના ધારાલી ગામમાં થયેલા વિનાશક વાદળ ફાટવાના થોડા અઠવાડિયા પછી આવી છે, જેમાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા અને ૬૬ થી વધુ લોકો ગુમ થયા હતા.

અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી ચાલુ હોવાથી સ્થાનિક સત્તાવાળાઓ રહેવાસીઓને નદી કિનારાથી દૂર રહેવા અને સતર્ક રહેવા વિનંતી કરી રહ્યા છે.

હિમાચલ પ્રદેશમાં ગુરુવારે વરસાદે હાહાકાર મચાવ્યો હતો અને રાવિ નદીમાં આવેલા અચાનક પૂરના કારણે કાંગડા જિલ્લાના દૂરસ્થ બડા બંગાળ નામના ગામમાં અનેક સરકારી ઇમારતો ધોવાઈ ગઈ છે. જોકે, કોઈ જાનહાનિના અહેવાલ નથી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. બૈજનાથ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) સંકલ્પ ગૌતમે ગુરુવારે જણાવ્યું હતું કે, ''મંગળવારે નીચલા બડા બંગાળમાં એક પ્રાથમિક અને ઉચ્ચ શાળા, પંચાયત ઘર, એક આયુર્વેદિક દવાખાનું અને એક નાગરિક પુરવઠા સ્ટોર જેમાં લગભગ ૭૦ ક્વિન્ટલ રાશન હતું તે ધોવાઈ ગયું હતું. બે પુલ પણ વહી ગયા હોવાથી ગામ રાજ્યના બાકીના ભાગથી કપાઈ ગયું છે''.

બડા બંગાળ ગામ, જે ૭૮૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું છે અને ઊંચાઈવાળા થામસર અને કાલીહાની પાસ દ્વારા ફક્ત પગપાળા જ પહોંચી શકાય છે, તે શિયાળા દરમિયાન ચારથી છ મહિના સુધી રાજ્યના બાકીના ભાગથી કપાયેલું રહે છે.

''નીચલા બડા બંગાળમાં રાવી નદીના કિનારે આવેલા ઘરોને સાવચેતીના પગલાં તરીકે ખાલી કરાવવામાં આવ્યા હતા. લગભગ ૧૮૦ ક્વિન્ટલ રાશન ગામ તરફ જઈ રહ્યું છે પરંતુ રસ્તાઓ બંધ છે. જરૂર પડ્યે આવશ્યક ચીજવસ્તુઓ અને દવાઓ હૅલિકૉપ્ટર દ્વારા ફેંકવામાં આવશે,'' એમ એસડીએમએ જણાવ્યું હતું.

આ દરમિયાન, એક સ્થાનિકે જણાવ્યું હતું કે ગામના ૧૦૦થી વધુ ભરવાડ તેમના બકરા, ઘેટાં અને ઢોર સાથે ઊંચાઈ પર ફસાયેલા છે. ભારે વરસાદને કારણે ગામમાં ઘણા ઘરો જોખમમાં મુકાયા છે.

ગુરુવારે, રસ્તાનો એક ભાગ ધસી પડતાં પાંડોહ નજીક કાંચી મોર ખાતે ચંદીગઢ-મનાલી રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થઈ ગયો હતો. પરિણામે, બંને બાજુ અનેક વાહનો ફસાયા હતા.

બિયાસ નદીના પાણીનો પ્રવાહ વિસ્તારમાં પ્રવેશ્યા બાદ મનાલીની તિબેટીયન કોલોનીમાં ફસાયેલા લગભગ ૧૩૦ લોકોને બુધવારે મોડી રાત્રે પોલીસે બચાવ્યા હતા, અધિકારીઓએ જણાવ્યું હતું કે એનડીઆરએફની ટીમે કાંગરા જિલ્લાના ઇન્દોરા ખાતે અરની યુનિવર્સિટી કેમ્પસમાં ફસાયેલા લગભગ ૪૨૫ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બચાવ્યા છે.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (એસઈઓસી) મુજબ, રાજ્યના ૧૨માંથી ૧૧ જિલ્લામાં કુલ ૫૩૬ રસ્તા બંધ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં સંદેશાવ્યવહાર નેટવર્ક ખોરવાઈ જવાથી ચંબાથી કોઈ અહેવાલ પ્રાપ્ત થયો નથી, એમ તેમણે જણાવ્યું હતું.

બંધ કરાયેલા રસ્તાઓમાંથી ૨૧૭ મંડી જિલ્લામાં અને ૧૬૭ કુલ્લુમાં છે.

ઓપરેશન સેન્ટરે જણાવ્યું હતું કે, લગભગ ૧૧૮૪ પાવર સપ્લાય ટ્રાન્સફોર્મર અને ૫૦૩ પાણીપુરવઠા યોજનાઓ પણ ખોરવાઈ ગઈ છે.

રાજ્યના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદ પડ્યો હોવાથી, મંડી જિલ્લાના પંડોહમાં બુધવાર સાંજથી ૧૦૮ મિ.મી. વરસાદ નોંધાયો છે, ત્યારબાદ ભરેરીમાં ૬૩.૮ મિ.મી., મંડીમાં ૫૬.૮ મિ.મી., ગોહરમાં ૫૩ મિ.મી., નૈના દેવીમાં ૩૬.૬ મિ.મી. અને મનાલીમાં ૨૫ મિ.મી. વરસાદ નોંધાયો છે. શિમલા, જુબ્બરહટ્ટી અને સુંદરનગરમાં વાવાઝોડાએ ભારે વરસાદ પડ્યો છે. ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર, ૨૦ જૂનથી ૨૬ ઓગસ્ટ દરમિયાન, હિમાચલ પ્રદેશમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ઓછામાં ઓછા ૧૫૮ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે ૩૮ લોકો ગુમ થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૯૦ પૂર, ૪૨ વાદળ ફાટવા અને ૮૫ મોટા ભૂસ્ખલન થયા છે. સરકારી ડેટા દર્શાવે છે કે વરસાદ સંબંધિત ઘટનાઓમાં તેને ૨૬૨૩ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

સ્થાનિક હવામાન કચેરીએ રવિવાર સુધી રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે.

## જાપાનની કંપનીઓ 'મેક ઈન ઈન્ડિયા'ની ભાગીદાર બનેઃ મોદી

ટોક્યોઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનની કંપનીઓને ભારતમાં ઉત્પાદન શરૂ કરીને 'મેક ઈન ઈન્ડિયા'ની ભાગીદાર બનવા શુક્રવારે આમંત્રણ આપતા જણાવ્યું હતું કે ભારતમાં મૂડી માત્ર વધતી જ નથી, પણ તેનો ગુણાકાર થાય છે. ભારતમાંની રાજકીય સ્થિરતાને લીધે દેશ ઝડપથી સમૃદ્ધ બની રહ્યો છે. જાપાન એક દાયકાની અંદર ભારતમાં ૧૦ ટ્રિલ્યયન યેનનું રોકાણ કરશે. બન્ને દેશોએ મહત્ત્વની ખનીજો, સંરક્ષણ અને ટેક્નોલોજી જેવા ચાવીરૂપ ક્ષેત્રમાં સહકાર વધારવાનો મોટો રોડમેપ તૈયાર કર્યો છે. મોદી અને તેમના જાપાનના સમકક્ષ શિંગેરુ ઈશિબા વચ્ચેની શિખર પરિષદમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

મોદીએ શુક્રવારે કહ્યું હતું કે ભારત ઝડપથી વિકાસ કરતું મોટું અર્થતંત્ર છે તથા તેની રાજકીય અને આર્થિક સ્થિરતા તથા નીતિમાં પારદર્શિતા ખાસ કરીને ઉત્પાદાન, ગ્રીન એનર્જી અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં રોકાણ કરવા માટેનું આકર્ષક મુકામ છે. મોદીએ કહ્યું હતું કે મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ ભારત અને જાપાન વચ્ચેનો મુખ્ય પ્રોજેક્ટ છે. મોદીએ જણાવ્યું હતું કે થોડાં વર્ષના સમયગાળામાં હાઈ સ્પીડ રેલ ચાલુ થવાનું અમારું લક્ષ્ય છે. મોદીએ કહ્યું હતું કે મુંબઈ-એમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ ચાલુ છે, પરંતુ અમે દેશમાં ૭,૦૦૦ કિલોમીટર લાંબું નેટવર્ક ઊભા કરવાની મહેચ્છા રાખી છે.

મોદીએ ટોકિયોમાં બે દિવસની મુલાકાત માટે આવ્યા પછી બિઝનેસ ફોરમને સંબોધી રહ્યા હતા. મોદીએ કહ્યું હતું કે જાપાનનુ તંત્રજ્ઞાન અને ભારતની ટેલન્ટનો સંગમ આ સદીને તંત્રજ્ઞાનની ક્રાંતિ લાવશે. આ સંગમ ટેક્નોલોજીની ક્રાંતિ લાવી શકે અને એશિયાને સ્થિરતા, વૃદ્ધિ અને સમુદ્ધિ આપશે.

મોદીએ કહ્યું હતું કે જાપાનની કંપનીઓએ ભારતમાં ૪૦ અબજ અમેરિકન ડૉલરનું રોકાણ કર્યું છે. આમાં છેલ્લાં બે વર્ષમાં કરેલા ૧૩ અબજ ડોલરનું રોકાણ કર્યું છે. તેમણે કહ્યું હતું કે દેશમાં છેલ્લાં ૧૧ વર્ષમાં મહત્ત્વના ફેરફારો થયા છે. દરમિયાન પાવર ફાયનાન્સ કોર્પોરેશન અને જાપાન બૅન્ક ફોર ઈન્ટરનેશનલ કોર્પોરેશને ભારતમાં ક્લીન એનર્જી પ્રોજેક્ટ માટે ૬૦ અબજ જપાની યેન (લગભગ ૩,૫૦૦ કરોડ રૂપિયા)ના લોન કરાર પર સહી-સિક્કા કર્યા હતા. (એજન્સી)

## દેશના જીડીપીમાં ધારણા કરતાં મોટો વધારો

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે વધુ ટૅરિફ લાદવાના નિર્ણયને કારણે ટેક્સ્ટાઈલ સહિતના દેશના ચાવીરૂપ ઉદ્યોગની નિકાસમાં ઘટાડો થવાના જોખમ વચ્ચે એપ્રિલથી જૂન મહિનાના ત્રિમાસિકગાળામાં દેશની જીડીપી ધારણા કરતાં વધુ એટલે કે ૭.૮ ટકા નોંધાઇ હતી.

કૃષિ અને વેપાર, હૉટેલ, નાણાં અને રિયલ એસ્ટેટ ક્ષેત્રએ કરેલા સારા પ્રદર્શનને કારણે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)માં વધારો જોવા મળ્યો હોવાનું સરકાર દ્વારા શુક્રવારે બહાર પાડવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. અગાઉ વર્ષ ૨૦૨૪માં જાન્યુઆરી-માર્ચના ત્રિમાસિક દરમિયાન જીડીપીમાં સર્વાધિક એટલે કે ૮.૪ ટકા સુધીનો વધારો નોંધાયો હતો. એપ્રિલથી જૂનના ત્રિમાસિકમાં ચીનનો જીડીપી ૫.૨ ટકા રહ્યા હોવાનું ધ્યાન પર લેતાં ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ના એપ્રિલથી જૂનના સમયગાળામાં કૃષિક્ષેત્રનો વૃદ્ધિદર ૧.૫ ટકા રહ્યો હતો જે વધીને ૩.૭ ટકા રહ્યો હોવાનું જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. અગાઉ આ મહિનામાં આરબીઆઈએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વાસ્તવિક જીડીપી વૃદ્ધિદર ૬.૫ ટકા આંક્યો હતો. (એજન્સી) ■

### મુંબઈના શ્રોફ દંપતીનો કેસ

## છૂટાછેડાના કેસમાં ત્રણ મહિનામાં ચુકાદો આપોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ ઉદ્યોગપતિ જયદેવ શ્રોફ અને તેમની ત્યજાયેલી પત્ની પુનમ જયદેવ શ્રોફના દાયકા જૂના હાઈપ્રોફાઈલ છૂટાછેડા કેસનો ચુકાદો ત્રણ મહિનામાં આપવાનો સુપ્રીમ કોર્ટે શુક્રવારે બાન્દ્રા ફેમિલી કોર્ટને આદેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ન્યાયાધીશ એન. વી. અંજારિયા તેમ જ આલોક આરાધેની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે છૂટાછેડાના કેસનો નીવેડો લાવવા ફેમિલી કોર્ટને નવ મહિનાના સમયની જરૂર પડે છે. આ કેસ વર્ષ ૨૦૧૫થી અનિર્ણિત પડી રહ્યો હોવાની નોંધ લઈ કોર્ટે ફેમિલી કોર્ટને ત્રણ મહિનામાં કેસનો નીવેડો લાવવાનો આદેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે કોઈપણ પક્ષકાર કેસની સુનાવણીની કાર્યવાહીમાં વિલંબ ઊભો કરશે તો સંબંધિત પક્ષકાર માટે તેનું અયોગ્ય કે વિપરીત અર્થઘટન કરી લેવામાં આવશે. જયદેવ શ્રોફ વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ લાંબા સમયથી આ કેસ અનિર્ણીત પડી રહ્યો હોવાની કોર્ટને માહિતી આપી હતી.



સ્વાગત : વડા પ્રધાન નરેન્દ્ર મોદી જાપાનના ટોકયોની હૉટેલમાં આવ્યા ત્યારે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ)

## વૈષ્ણોદેવી યાત્રા સતત ચોથા દિવસે સ્થગિત

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરના કતરા વિસ્તારમાં શુક્રવારે પણ ભારે વરસાદ ચાલુ રહેતાં સતત ચોથા દિવસે વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત રાખવામાં આવી હતી. વૈષ્ણોદેવી યાત્રાના માર્ગ પર બનેલી ભેખડો ધસી પડવાની ઘટનાનો મરણાંક શુક્રવારે વધીને ૩૭ થયો હતો. શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બૉર્ડ (એસએમવીડીએસબી)એ મંગળવારે આગામી આદેશ આપવામાં ન આવે ત્યાં સુધી યાત્રા સ્થગિત રાખવાની જાહેરાત કરી હતી. અગાઉ જમ્મુ-કાશ્મીરમાં હજી ૧૫ દિવસ ભારે વરસાદનું જોખમ તોળાઈ રહ્યું હોવા વચ્ચે વૈષ્ણોદેવી યાત્રાના માર્ગ પરના ભૂસ્ખલન સહિત વરસાદને લગતી વિવિધ દુર્ઘટનાનો મરણાંક વધીને ૪૬ થયો છે, પરંતુ હજુ સુધી એ પ્રશ્નનો ઉત્તર નથી મળ્યો કે ત્રણ દિવસથી એ સ્થળે ભૂસ્ખલન થઈ રહ્યું હતું છતાં યાત્રા રોકી દેવામાં કેમ ન આવી? ■

## સાતમી સપ્ટેમ્બરે ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે

મુંબઈ : સાલ ૨૦૨૫નું ત્રીજું ગ્રહણ ભાદ્રપદ શુક્લ પક્ષ પૂનમના શનિવાર સાતમી સપ્ટેમ્બરે છે. અગાઉનાં બે ગ્રહણો ૧૪ માર્ચનું ખગ્રાસ ચંદ્રગ્રહણ અને ૨૧ માર્ચનું ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાયું ન હોવાથી તેનું સૂતક પાળવાની જરૂર નહોતી, પરંતુ સાતમી સપ્ટેમ્બરનું ખગ્રાસ ચંદ્રગ્રહણ મુંબઈ સહિત ભારતમાં દેખાવાનું છે. આથી એનું સૂતક પાળવું પડશે. આ ગ્રહણ ભારત ઉપરાંત યુરોપ, એશિયા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, પેસિફિક, એટલાન્ટિક હિન્દ મહાસાગર અને આર્કટિક મહાસાગરમાં દેખાવાનું છે. આને સ્પર્શ ૨૧:૫૭ કલાકે અને મોક્ષ ૨૫:૨૬ કલાકે થશે. ■

# ભુજમાં ધોળે દિવસે કૉલેજમાંથી હૉસ્ટેલ તરફ જતી વિદ્યાર્થિનીનું ગળું કાપી હત્યા કરાતાં ચકચાર





(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરની એક ખાનગી મહાવિદ્યાલયની બહાર બીસીએમાં ભણતી મૂળ ગાંધીધામની યુવતી પર તેના કહેવાતા પ્રેમીએ ગળાના ભાગે જીવલેણ હુમલો કર્યો હતો. આ હતભાગી યુવતીનું સારવાર દરમ્યાન મોત નીપજતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ હતી.

ભુજ એરપોર્ટ રોડ નજીક આવેલી સંસ્કાર સ્કૂલ એન્ડ કોલેજમાં બીસીએમાં અભ્યાસ કરતી, મૂળ ગાંધીધામની અને ભુજની ભાનુશાલી હોસ્ટેલમાં રહેતી સાક્ષી જેઠાલાલ ખાનિયા ગુરુવારે સાંજના ભાગે કોલેજ સંકુલથી બહાર આવી રહી હતી ત્યાં અચાનક મોટરસાઇકલ પર મોહિત મુળજી સિધેશ્વરા (ઉં.વ ૨૨) નામનો યુવક તેના મિત્ર જયેશ જેન્તી ઠાકોરને લઈને આવી ચઢ્યો હતો. તેણે સાક્ષીને એવું પૂછ્યું હતું કે, 'તેં મારો મોબાઈલ નંબર બ્લોક શા માટે કર્યો છે? તેના પ્રશ્નના જવાબમાં હતભાગી સાક્ષીએ જણાવ્યું હતું કે, 'મારે તારી સાથે કોઈ લેવા દેવા નથી' આ સાંભળીને મોહિત ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે સરાજાહેર તેણીનું ગળું તીક્ષ્ણ હથિયાર વડે કાપી નાખ્યું હતું. સાક્ષીને તત્કાળ પ્રથમ ભુજની સરકારી હોસ્પિટલ, અને ત્યાંથી તેણીને એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી, જ્યાં શુક્રવારે સવારે સાક્ષીનું સારવાર દરમ્યાન મોત નીપજતાં સમગ્ર કિસ્સો હત્યાનો ગુન્હો બનવા પામ્યો હતો. પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને મુખ્ય આરોપી મોહિત મુળજી સિધેશ્વરાને દબોચી લીધો હતો.

બીજી તરફ, તેની સાથે આવેલા જયેશ ઠાકોરે મોહિતને છરીબાજી ન કરવાનું કહેતાં તેણે જયેશ પર પણ છરી વડે હુમલો કરતાં તેને પીઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું.

દરમ્યાન સહાયક જિલ્લા પોલીસ વડા આર.ડી જાડેજાએ જણાવ્યું હતું કે, સમગ્ર ઘટનાની પાછળ પ્રાથમિક તપાસમાં હત્યારા યુવકનો એકતરફી પ્રેમ જણાય છે. આ યુવક અને હતભાગી યુવતી ગાંધીધામના ભારત નગરમાં પાડોશમાં રહેતાં હતાં. આ હત્યારો યુવક અવારનવાર મૃતક સાક્ષીને ચિત્ર-વિચિત્ર સંદેશાઓ મોકલતો રહેતો હતો અને આ બાબતની જાણ મૃતક સાક્ષીએ પોતાની માતાને કરતાં માતાએ આ યુવકનો ફોન નંબર બ્લોક કરી દેવા જણાવ્યું હતું અને આ મોબાઈલ નંબર બ્લોક કરવાની વાત છેક યુવતીની કરપીણ હત્યા સુધી પહોંચી હતી. ■

# પાટણના ધારાસભ્ય અને પાલિકા ચીફ ઓફિસર આમને-સામને, હોર્ડિંગ્સ ઉતારવા મુદ્દે રકઝક

અમદાવાદ: પાટણમાં ધારાસભ્ય અને ચીફ ઓફિસર વચ્ચે હોર્ડિંગ્સ હટાવવાને મામલે રકઝક થઈ હતી. પાલિકાએ શહેરના વિવિધ વિસ્તારોમાં લગાવેલા હોર્ડિંગ્સને અચાનક હટાવવાની કાર્યવાહી શરૂ કરી છે, જેના કારણે ધારાસભ્ય કિરીટ પટેલ અને ચીફ ઓફિસર હીરલ ઠાકર વચ્ચે બોલાચાલી થઈ હતી. ધારાસભ્યએ પાલિકા પર જાણ કર્યા વિના કાર્યવાહી કરવાનો આરોપ મૂક્યો હતો, જ્યારે ચીફ ઓફિસરે દાવો કર્યો હતો કે હોર્ડિંગ્સ ગેરકાયદેસર હતા અને પાલિકાને તેનો કોઈ ચાર્જ મળ્યો નથી. કિરીટ પટેલે આક્ષેપ કર્યો હતો કે ચીફ ઓફિસરે ધારાસભ્યની ગરિમા જાળવી નથી. મળતી માહિતી મુજબ, પાટણ શહેરમાં ધારાસભ્યના જન્મ દિવસના હોર્ડિંગ્સને મુદ્દે વિવાદ સર્જાયો હતો. ખરેખર હકીકત એ છે કે, ધારાસભ્ય કિરીટ પટેલના જન્મદિવસ નિમિત્તે શહેરભરમાં લગાવવામાં આવેલા હોર્ડિંગ્સ ચીફ ઓફિસર દ્વારા ઉતારી લેવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે ભારે હોબાળો મચી ગયો હતો.

ખાસ કરીને, ચીફ ઓફિસર અને ધારાસભ્ય કિરીટ પટેલ આ મુદ્દે આમને સામને આવી ગયા હતા. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને ચીફ ઓફિસર હીરલ ઠાકર વચ્ચે આ મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જ્યારે હોર્ડિંગ્સ ઉતારવાની કાર્યવાહી ચાલી રહી હતી, ત્યારે કોંગ્રેસના કાર્યકરોએ ઘટનાસ્થળે એકઠા થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું.ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યું હતું કે, ચીફ ઓફિસર જાતે બોર્ડ ઉતારવા માટે આવે છે. પાટણ નગરપાલિકાના ચીફ ઓફિસરને આજે અમે જે સેવાકીય કામો કર્યા, લોકો ખાડામાં ત્રસ્ત બન્યા હતા, જે ગંદકી હતી અને મીડિયાએ એની ગંભીર પ્રમાણે નોંધ લીધી અને પાલિકાનું જે તંત્ર નિષ્ફળ છે તે બતાવ્યું એટલે એમના પગ નીચેથી હવા નીકળી ગઈ છે.ચીફ ઓફિસર હિરલ ઠાકરે જણાવ્યું હતું કે, આ બાબતે ટેક્નિકલ કારણોસર એમને સ્પષ્ટ ના પાડવામાં આવી હતી, તેમ છતાં એ ખોટા ખોટા કારણો ઊભા કરી અને અત્યારે આ આખું વાતાવરણ ડોહળવાનો અને પાટણની પ્રજાને એવો સંદેશ આપવા માગે છે કે નગરપાલિકાની જગ્યા હોય ત્યાં તમે ધારો ત્યાં તમે દબાણ કરી શકો. આજે પાટણ શહેરની અંદર આટલા બધા લારી ગલ્લા આટલું દબાણ બધું છે એનું કારણ આજે સમજાય છે કે આવા જ કારણોસર એ બધું હટતું નથી. ■

# ગુજરાતમાં ભારે વરસાદને પગલે સિઝનનો સરેરાશ ૮૭.૨૮ ટકા વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદનું જોર ભારે રહ્યું હતું. આ દરમિયાન રાજ્યમાં સિઝનનો સરેરાશ ૮૭.૨૮ ટકા વરસાદ નોંધાયો હતો. ગત ત્રણ વર્ષની સરખામણીમાં આ વર્ષે સરેરાશ ઓછો વરસાદ નોંધાયો છે. આંકડાની વાત કરવામાં આવે તો, કચ્છમાં સરેરાશ ૮૫.૧૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૯૧.૮૨ ટકા, સૌરાષ્ટ્રમાં સરેરાશ ૮૩.૯૮ ટકા અને દક્ષિણ ગુજરાતમાં સરેરાશ ૯૦.૭૬ ટકા વરસાદ છે. વરસાદી આંકડા પ્રમાણે આ સિઝનમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધારે વરસાદ ખાબક્યો હતો. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૮ તાલુકામાં સરેરાશ ૧૩.૭૪ મિમી વરસાદ નોંધાયો હતો.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં તાપીના ડોલવણમાં ૬.૩૪ ઇંચ, પંચમહાલના શેહેરામાં ૪.૨૫ ઇંચ, તાપીના વાલોડમાં ૩.૯૪ ઇંચ, સુરતના ઉમરપાડામાં ૩.૧૯ ઇંચ અને ખેડાના નડિયાદમાં ૨.૯૯ વરસાદ નોંધાયો હતો. જળાશયની વાત કરવામાં આવે તો, ૭૫ જળાશય છલોછલ ભરાયાં છે, જ્યારે ૭૦ જળાશય ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાયાં છે. ૨૬ જળાશયમાં ૫૦ ટકાથી ૭૦ ટકા અને ૩૫ જળાશયમાં ૫૦ ટકાથી ઓછું પાણી ભરાયું છે. અત્યારે ૧૦૨ જળાશય હાઈએલર્ટ પર, ૩૦ એલર્ટ પર અને ૧૩ જળાશય વોર્નિંગ પર છે.

આ સિઝનમાં થયેલા વરસાદના કારણે અત્યાર સુધીમાં ૫૩૧૧નું સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે ૧૦૦૮ લોકોનું રેક્સ્યૂ કરવામાં આવ્યું હતું. ભારે વરસાદના કારણે ભાવનગર, સુરત, જૂનાગઢ, પંચમહાલ અને નવસારી સહિતાના જિલ્લાઓ સૌથી વધારે પ્રભાવિત થયા હતા. તારીખ ૨૯ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર સુધીમાં રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૯ ઓગસ્ટે સુરત, તાપી અને નવસારીમાં ભારે વરસાદને પગલે રેડ એલર્ટ છે. અરવલ્લી, મહીસાગર, ખેડા, પંચમહાલ, ભરૂચ, નર્મદા, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગર-હવેલીમાં ઓરેન્જ એલર્ટ છે, જ્યારે સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, દાહોદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, અને દીવમાં મધ્યમથી ભારે વરસાદના કારણે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ■

# તરણેતરના મેળામાં લાડુ સ્પર્ધા યોજાઈ, વિંછિયાના બળવંતભાઈ 30 લાડુ ઝાપટી ગયા

અમદાવાદ: ગુજરાતના સુપ્રસિદ્ધ તરણેતરના મેળામાં ગ્રામીણ ઓલિમ્પિક્સ પણ યોજાઈ હતી. જે અન્વયે આયોજિત થયેલી લાડુ સ્પર્ધા ભારે ચર્ચામાં રહી હતી. આ મેળામાં ઉમટેલી હજારોની મેદની વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં વિંછિયા તાલુકાના ઓરી ગામના બળવંતભાઈ રાઘવાણીએ ૩૦ મિનિટમાં ૩૦ લાડુ ખાઈને વિજેતાનો ખિતાબ જીત્યો હતો.

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર લીંબડી અને તરણેતર ગ્રામ પંચાયતના ઉપક્રમે યોજાયેલી આ સ્પર્ધામાં કુલ ૨૧ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં દરેક સ્પર્ધક ૩૦ મિનિટના સમયગાળામાં બેસનના ખાંડવાળા લાડુ દાળ સાથે આરોગવાના હતા. લાડુ સ્પર્ધાની શરૂઆતથી જ માહોલ ગરમાયો હતો. પ્રથમ ૧૫ મિનિટમાં સ્પર્ધકોએ સરેરાશ ૧૫ જેટલા લાડુ આરોગી લીધા હતા, પરંતુ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ સ્પર્ધકો આઉટ થવા લાગ્યા હતા. અંતિમ તબક્કામાં જીત માટે ત્રણ સ્પર્ધકો વચ્ચે કડક રસાકસી જામી હતી. દર્શકો પણ ચિચિયારીઓ પાડીને તેમને પ્રોત્સાહિત કરી રહ્યા હતા. અંતે, બળવંતભાઈ રાઘવાણી ૩૦ લાડુ આરોગીને પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. જ્યારે જૂનાગઢના ચંદુભાઈ જાડેજા ૨૯ લાડુ ખાઈને બીજા ક્રમે રહ્યા હતા. ગયા વર્ષના વિજેતા, ચોટીલાના માવજીભાઈ કોળીપટેલ, આ વખતે ૨૮ લાડુ આરોગીને ત્રીજા સ્થાને રહ્યા હતા. આ સ્પર્ધામાં માત્ર પ્રથમ ક્રમના વિજેતાને જ ઇનામ આપવામાં આવે છે. ■

# હયાત પ્રિ-સ્કૂલો માટે નોંધણી પ્રક્રિયા શરૂ, ત્રણ માસમાં નોંધણી કરી પ્રમાણપત્ર લેવાનું રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં હયાત પ્રિ-સ્કૂલો માટે શુક્રવારથી નોંધણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત રાજ્યમાં નવી તથા હયાત ખાનગી પ્રિ-સ્કૂલોના નિયમન માટે અગાઉ ૨૦૨૩માં ઠરાવ બહાર પાડી નીતિ નક્કી કરવામાં આવી હતી. અગાઉ કડક નિયમોને કારણે માત્ર આશરે ૧૦ ટકા પ્રિ-સ્કૂલોએ જ નોંધણી કરાવી હતી, જે ટીમમાં સંચાલકોમાં નારાજગી ફેલાઈ હતી. આ માટે પ્રિ-સ્કૂલોએ વેબસાઈટ પર જઈને અરજી કરી નોંધણીનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. નવી શરૂ કરવામાં આવનારી પ્રિ-સ્કૂલોની નોંધણીની કાર્યવાહી એક સપ્ટેમ્બરથી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. અરજી સાથે નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે રૂપિયા દસ હજારની ફી ઓનલાઈન ભરવાની રહેશે.

આ નવા નિયમો સંચાલકોને અનેક બાબતોમાં રાહત આપે છે અને નોંધણી પ્રક્રિયા સરળ બનાવે છે. આ માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા એક વેબસાઈટ નક્કી કરવામાં આવી છે. ખાસ વાત કે, જે સંસ્થાઓએ અગાઉની નીતિ અનુસાર પ્રિ-સ્કૂલોની શિક્ષણ વિભાગમાં નોંધણી કરાવી પ્રમાણપત્ર મેળવી લીધા છે તેવી સંસ્થાઓએ પુન: અરજી કરવાની રહેશે નહીં, પરંતુ આવી તમામ સંસ્થાઓએ નવી નીતિ મુજબ સંચાલન કરવાનું રહેશે. ■

# અમદાવાદમાં આઠ કરોડના ખર્ચે ૪૯ ગણેશમૂર્તિ વિસર્જન કુંડ તૈયાર કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં બુધવારથી ગણેશોત્સવના આરંભની સાથે અમદાવાદના વિવિધ ૪૦ સ્થળે રૂપિયા આઠ કરોડના ખર્ચે ૪૯ ગણેશમૂર્તિ વિસર્જન કુંડ તૈયાર કરાયા છે. ગણેશ મૂર્તિ વિસર્જન માટે બનાવાયેલા દરેક કુંડ અને પંડાલની કોર્પોરેશન દ્વારા બે વખત સફાઈ કરાશે.

કયા કુંડ કે પંડાલમાં કઈ સાઈઝની કેટલી મૂર્તિ વિસર્જન માટે આવી તેની પણ રજિસ્ટરમાં નોંધ કરાશે. મૂર્તિઓના વિસર્જનના કારણે કુંડની આસપાસ જમા થતા કચરાને અલગ અલગ એકઠો કરવા પૂરતા પ્રમાણમાં સ્ટીકર લગાવેલા ડસ્ટબીન અને બેરલ મુકાશે. ફાયર વિભાગ તરફથી પાંચ ટીમ અલગ અલગ કુંડ-પંડાલ ખાતે ફરજ બજાવશે. ગણેશચતુર્થીથી અનંત ચતુર્દશી સુધી શહેરના અલગ અલગ વિસ્તારમાં શ્રીજીના ભકતો દ્વારા શ્રીજીની મૂર્તિની સ્થાપના કરી તેનુ ભકિતભાવપૂર્વક વિસર્જન કરવામાં આવે છે. ભાવિકો એક દિવસ, ત્રણ દિવસ, પાંચ દિવસથી લઈ દસ દિવસ સુધી પણ ભગવાન ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરી પૂજન અર્ચન કર્યા પછી વિસર્જન કરતા હોય છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૪૦ સ્થળેએ ૪૯ જેટલા ગણેશમૂર્તિ વિસર્જન માટેના કુંડ તૈયાર કરવામાં આવ્યા છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, એક કુંડ પાછળ લગભગ ૧૫ લાખનો ખર્ચ કરાયો છે. ■

# સેવન્થ ડે સ્કૂલમાંથી એલસી લેવા વાલીઓની રજૂઆત

## શિક્ષણ વિભાગે ચાર અધિકારી ડેપ્યુટ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના સેવન્થ ડે સ્કૂલમાં બનેલી વિદ્યાર્થીની હત્યાની ઘટના પછી વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે અને તેમના બાળકોની સલામતી અંગે ગંભીર ચિંતાઓ ઊઠી રહી છે. આ ઘટનાનું પરિણામ એ આવ્યું કે, કુલ ૨૫૦ જેટલા વાલીઓ સ્કૂલમાં પોતાના બાળકોના એલસી માટે પહોંચી ગયા હતા, જેમાંથી ૧૬૦થી વધુ વાલીઓએ બાળકોનો પ્રવેશ રદ કરાવવાનો નિર્ણય કરી અન્ય સ્કૂલમાં ટ્રાન્સફર માટે રજૂઆત કરી હતી. વાલીઓ આ પોતાના બાળકોને આ સ્કૂલમાં ભણાવવા માગતા નથી. હવે અહીંથી એલસી લઈને અન્ય સ્કૂલમાં પ્રવેશ લેવા માટે વાલીઓ પ્રયત્ન કરી રહ્યાં હતાં.

વાલીઓ પોતાના બાળકનો પ્રવેશ રદ કરાવી શકે અને નવી સ્કૂલમાં એડમિશન માટે જરૂરી સહાય પૂરી પાડી શકાય તે માટે ડીઈઓ કચેરીના ચાર અધિકારીઓને સ્કૂલમાં તાત્કાલિક ડેપ્યૂટ કરવામાં આવ્યા હતા. જ્યારે બીજી બાજુ સેવન્થ ડે સ્કૂલે ધોરણ ૬થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્કૂલમાં ઓનલાઇન ભણાવવાનું શરૂ કર્યું હતાં. સમગ્ર ઘટનામાં તપાસ અને કાર્યવાહી માટે શિક્ષણ વિભાગે ચાર સભ્યોની કમિટી બનાવી હતી. જેના પ્રાથમિક તારણોમાં સ્કૂલ સંચાલકોની બેદરકારી ઉજાગર થઈ તેનો અહેવાલ રાજ્ય સરકારને અપીલ કરવામાં આવ્યો હતો. આ મામલે જિલ્લા શિક્ષણાધિકારીએ કહ્યું હતું કે, સેવન્થ ડે સ્કૂલમાં બનેલી ઘટના બાદ વાલીઓ પોતાના બાળકોનું એડમિશન ત્યાંથી રદ કરાવવા માગે છે. જોકે, શાળા બંધ હોવાથી વાલીઓને એલસી મળી રહ્યું નથી. આના કારણે જિલ્લા શિક્ષણ વિભાગે ચાર અધિકારીઓને સ્કૂલમાં ડેપ્યુટ કર્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારીએ એવું પણ જણાવ્યું હતું કે, અત્યારે સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ વિના પ્રોવિઝનલ એડમિશન આપીને બાળકને અન્ય સ્કૂલમાં અભ્યાસ પણ શરૂ કરાવી દેવામાં આવશે. ■

# મુખ્ય પ્રધાને ખેલમહાકુંભ-૨૦૨૫ માટેના રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મ જયંતીએ દેશભરમાં ઉજવવામાં આવતા નેશનલ સ્પોર્ટ્સ ડેના અવસરે ગુજરાતના સૌથી મોટા રમતોત્સવ ખેલમહાકુંભ-૨૦૨૫ માટેના રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરાવ્યો હતો. નેશનલ સ્પોર્ટ ડે નિમિત્તે સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ એસોસિયેશન ઓફ ગુજરાત દ્વારા અમદાવાદમાં કર્ણાવતી ક્લબ ખાતે એવૉર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રમત ગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનારા ૨૦ જેટલા ખેલ મહાનુભાવોને એવૉર્ડ આપીને આ અવસરે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, કોઈપણ રમતમાં ખેલદિલી એ અનિવાર્ય પાસું છે. નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ એસોસિયેશન ઑફ ગુજરાત દ્વારા રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનારા મહાનુભાવોને સન્માનિત કરવાનો કાર્યક્રમ એ આપણા સૌ માટે ગર્વની વાત છે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, નેશનલ સ્પોર્ટ્સ ડે આ વર્ષે ગુજરાત માટે ખૂબ મહત્ત્વનો છે. કેમ કે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે અમદાવાદની દાવેદારીને મંજૂરી આપી છે. વિશ્વ કક્ષાના સ્ટેડિયમ, અત્યાધુનિક તાલીમ સુવિધાઓ અને ઉત્સાહી સ્પોર્ટ્સ કલ્ચર ધરાવતાં અમદાવાદને આ રમતોત્સવના આયોજન માટે આદર્શ યજમાન શહેર બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગુજરાતમાં સ્પોર્ટ્સ કલ્ચર અંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સ્પોર્ટ્સ અને ફિટનેસ માટેના વડા પ્રધાનના વિઝનનો લાભ ગુજરાતને અઢી દાયકાથી મળી રહ્યો છે. ગુજરાતમાં આજે જે સ્કેલ પર સ્પોર્ટ્સ કલ્ચર ખીલ્યું છે તે તેમના વિઝનનું જ પરિણામ છે. ખેલે તે ખીલેના મંત્ર સાથે વડા પ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ વર્ષ ૨૦૧૦માં ગુજરાતમાં ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. ખેલ મહાકુંભ ૩.૦માં રેકોર્ડબ્રેક ૭૦ લાખથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. નેશનલ સ્પોર્ટ્સ ડેના અવસરે ખેલમહાકુંભ-૨૦૨૫ માટેનું રજિસ્ટ્રેશન શરૂ થયું છે, તેમાં પણ રાજ્યના સૌ ખેલ પ્રેમીઓ રજિસ્ટ્રેશન કરાવે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું કે, બે દશકમાં રાજ્યમાં સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રકચરનો ઉત્તરોત્તર વિકાસ થયો છે. ૨૦૦૨માં રાજ્યમાં ત્રણ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હતા, આજે રાજ્યના ખેલાડીઓ માટે ૨૪ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઉપલબ્ધ છે તેની ભૂમિકા પણ મુખ્ય પ્રધાને આપી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અમદાવાદમાં નારણપુરા ખાતે ૨૨ એકર વિસ્તારમાં મલ્ટી યુટિલિટી સ્પોર્ટ્સ સેન્ટર બની રહ્યું છે. વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે ૨૩૩ એકરમાં સરદાર વલ્લભભાઇ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવનું નિર્માણ થઈ રહ્યું છે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, વડા પ્રધાનના નેતૃત્વમાં ગત એક દશકમાં દેશના સ્પોર્ટ્સ કલ્ચરમાં પણ ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે. હમણાં જ સંસદ સત્રમાં રાષ્ટ્રીય ખેલ પ્રશાસન વિધેયક ૨૦૨૫ અને રાષ્ટ્રીય ડોપિંગ સંશોધન વિધેયક ૨૦૨૫ પારિત કરીને કેન્દ્ર સરકારે ખેલાડીઓના હિતોના રક્ષણનું ઐતિહાસિક પગલું ભર્યું છે. ભારતને વૈશ્વિક રમતગમત ક્ષેત્રનું પાવરહાઉસ બનાવવા અને ૨૦૩૬ ઓલિમ્પિક રમતો સહિત આંતરરાષ્ટ્રીય રમતગમત કાર્યક્રમોમાં મજબૂત દાવેદારી કરવાના ઉદ્દેશ સાથે સ્પોર્ટ્સ પૉલિસી-૨૦૨૫ પણ જાહેર કરવામાં આવી છે.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા પદ્મ અને ઓલમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા મીરાબાઈ ચાનુએ જણાવ્યું હતું કે, ગુજરાત રમતગમત માટે પ્રિય રાજ્ય છે. કોમનવેલ્થ ગેમમાં મને સિદ્ધિ મળી છે તે પણ ગુજરાતમાં એ મારા માટે બહુ ગૌરવની વાત છે. તેમણે રમતવીરોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, પોતાની રમત પ્રત્યે શ્રેષ્ઠ પ્રદાન કરવાનો સંકલ્પ જ આપણી તાકાત છે. જ્યાં છો ત્યાંથી આગળ વધવાની કટિબદ્ધતા જ તમને શ્રેષ્ઠ પ્રદાન આપી શકશે. ■

# ગરબા આયોજકોને બજરંગ દળની ખાસ ચેતવણી, આ નિયમોનું પાલન કરવું પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નવરાત્રિનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે બજરંગ દળે ગરબા આયોજકોને ખાસ ચેતવણી આપી છે. રાજ્યમાં અનેક જગ્યાએ પાર્ટી પ્લોટ અને ક્લબમાં ગરબાનું આયોજન કરવામાં આવતું હોય છે. આ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે આયોજકોને તમામ ખેલૈયાઓનું હિંદુ પ્રથા પ્રમાણે તિલક લગાવીને પ્રવેશ કરાવવા અને ગરબા પ્લોટની બહાર વિધર્મીઓને પ્રવેશ નથી'તેવા બેનર પણ લગાવવા માટે ચેતવણી આપી હતી. ગરબા દરમિયાન બજરંગ દળના કોર્યકર્તાઓ આવીને સ્થળનું તપાસ કરશે એવું પણ જણાવ્યું હતું.

બજરંગ દળના ક્ષેત્રીય સંયોજક ભાવેશ ઠક્કર અને ક્ષેત્રીય સહ સંયોજક જવલિત મહેતાએ કહ્યું હતું કે, 'નવરાત્રિ માતાજીની ઉપાસના કરવા માટેનો પર્વ છે. આ માત્ર કોઈ ઇવેન્ટ નથી. જેથી ધાર્મિકતા અને સાત્ત્વિકતા જળવાઈ રહે તેવી ખાસ ખાતરી રાખવી જોઇએ. નવરાત્રિ પંડાલ, પાર્ટી પ્લોટમાં થતાં ગરબા શુદ્ધ, સાત્ત્વિક અને ધાર્મિક વાતાવરણમાં થવા જોઈએ'.

ગરબા આયોજકોએ બજરંગ દળ દ્વારા સૂચવેલ કેટલાક ચોક્કસ બાબતોનું ધ્યાન રાખવા માટે પણ કહ્યું હતું, જેમાં માતાજીની માંડવીની વિધિ વિધાનથી સ્થાપના કરવી, ગરબાના સ્થાને મંચ ઉપરથી તેમના કલાકારો અશ્લીલ, અભદ્ર ગીતો ન ગાવા, તમામ ખેલૈયાઓનું હિંદુ પ્રથા પ્રમાણે તિલક લગાવવું, એન્ટ્રી ગેટની બહાર વિધર્મીઓને પ્રવેશ નથી એવા બોર્ડ કે બેનરમાં લગાવવા, દરેક પ્રકારની વ્યવસ્થામાં ફક્ત સનાતનની હિંદુ લોકોને જ ફરજ પર રાખવા અને ખાણીપીણીના સ્ટોલ ફક્ત સનાતની લોકોને જ આપવા એટલું જ નહીં, પરંતુ હૉટેલ અને ગેસ્ટ હાઉસના માલિકોને પણ ચેતવણી આપી હતી કે, નવરાત્રિ દરમિયાન કોઈ વિધર્મી યુવક હિંદુ યુવતી સાથે આવે તો તેને પ્રવેશ ના આપવો. ■

# દારૂ સહિત ૫૦ જાતના પરવાના માટે નશાબંધી વિભાગે નવું પોર્ટલ શરૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં ૫૨,૮૫૬થી વધુ લોકોએ દારૂની પરમિટ મેળવી છે, જેમાંથી ૮૫ ટકા લોકોએ આરોગ્યનું કારણ આપી પરમિટ મેળવ્યા છે. મોટા ભાગના એટલે ૬૬ ટકા પરમિટ અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં આપેલા છે, આનો આંકડો ૪૫,૦૩૨ છે. આ કેસમાં ૨૫૫૧ લોકોને હંગામી પરમિટ, ૩૫૩૦ લોકોને મુલાકાતી પરમિટ અને ૧૭૪૩ લોકોને પ્રવાસી પરમિટ પણ આપવામાં આવેલી છે. જ્યારે અન્ય ૨૨ જિલ્લામાં માત્ર ૧૭,૮૦૦ પરમિટ જ આપવામાં આવેલી છે. નશાબંધી અને આબકારી વિભાગે અત્યાર સુધી દારૂ સહિત કુલ ૫૦ જાતના પરવાના ઇશ્યૂ કર્યા છે અને હવે સમગ્ર પ્રક્રિયા પૂર્ણપણે ઓનલાઈન કરવા માટે એક પોર્ટલ શરૂ કરવામાં આવી છે. અરજદારોને પરવાનો લેવા માટે હવે ફોર્મ ભરવું પડશે. આ સાથે દસ્તાવેજ અપલોડ કરીને ઓનલાઈન ફી પણ ભરવી પડશે; જેનાથી પારદર્શિતા વધશે અને ભ્રષ્ટાચાર ઘટશે તેવું અધિકારીઓનું કહેવું છે. ડિજિટલ પદ્ધતિ દ્વારા અરજદારોને લોગ-ઇન આઈડીથી વિગતે માહિતી જમા કરાવી શકાશે. નવાઈની વાત એ છે કે જેટલો આશ્ચર્યજનક આંકડો દારૂના પરવાના મેળવવાનો છે એટલો જ ચોંકાવનારો આંકડો દારૂ પકડાવવાનો પણ રહ્યો છે. ગુજરાતમાં સ્ટેટ મોનિટરિંગે વર્ષ ૨૦૨૪ દરમિયાન દારૂના કુલ ૪૫૫ કેસ કરીને ૨૨.૫૨ કરોડ રૂપિયાનો દારૂ ઝડપી લીધો છે. જેમાં દારૂના સૌથી વધુ કેસ ગાંધીનગર રેન્જ, અમદાવાદ શહેર અને બોર્ડર રેન્જમાં કરવામાં આવ્યા હતાં. આ બધા કેસો ગુજરાતમાં દારૂબંધીના દાવાઓને પોકળ સાબિત કરે છે. ■

# બનાસકાંઠાના દિયોદરમાં સામૂહિક આપઘાત

અમદાવાદ: બનાસકાંઠામાં દિયોદરના ગોદા નજીક સામૂહિક આપઘાતની ઘટના બની હતી. બે પ્રેમી પંખીડાએ બે નાનાં બાળકો સાથે કેનાલમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હતું. મસાલી ગામનો યુવક અને બૂરેઠા ગામની મહિલાએ બે બાળકો સાથે કેનાલમાં ઝંપલાવી આત્મહત્યા કરી હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.આ ઘટના અંગે મળતી માહિતી મુજબ, દિયોદર તાલુકાના ગોદા ગામ નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાં યુવક અને મહિલાએ તેનાં બે બાળકોએ પડતું મૂક્યું હતું. ઘટનાની જાણ થતાં જ તંત્ર દ્વારા સ્થાનિક તરવૈયાઓની મદદથી શોધખોળ કરીને ચારેય મૃતદેહ બહાર કાઢીને દિયોદર સિવિલમાં પી.એમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. ■

# અમદાવાદ ટ્રાફિક પોલીસે છ મહિનામાં ૫૦ હજારથી વધુ વાહનચાલકને પાંચ કરોડથી વધુનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ ટ્રાફિક પોલીસે છેલ્લા છ મહિનામાં ડ્રાઇવિંગ લાઇસન્સ, આરસી બુક, ઇન્સ્યોરન્સ અને પીયુસી વગર ફરતા ૫૦ હજારથી વધુ વાહનચાલકને ઝડપી પાડ્યા છે. આ લોકને કુલ પાંચ કરોડથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ટ્રાફિક પોલીસે લાખો લોકોને હેલમેટ અને સીટબેલ્ટ જેવા નિયમો ન પાળવા બદલ ઝડપી પાડી ઇ-ચલણ પણ ફટકાર્યા હતા. આ સાથે ડોક્યુમેન્ટ ન રાખતા વાહનચાલકોને પોલીસે અઢી કરોડથી વધુનો દંડ ફટકાર્યો હતો, જેમાં ૧૦ હજારથી વધુ વાહનચાલકો પાસે વીમો ન હોવાથી ૨.૧૧ કરોડનો દંડ ફટકાર્યો હતો.

છેલ્લા છ મહિનામાં કુલ ૨૦ હજાર લોકો ટ્રાફિક સિગ્નલનો ભંગ કરતા ઝડપાયા હતાં, જેમની સામે ટ્રાફિક પોલીસે કાર્યવાહી કરી હતી, જે વાહનચાલકોને ૧૦ કરોડથી વધુનો દંડ આપવામાં આવ્યો હતો. આ સાથે ૧૨ હજાર લોકો ગાડીમાં ડાર્ક ફિલ્મ રાખતા ૬૮ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનનો ઉપયોગ ૧૦ હજાર લોકોને ૫૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે હેલ્મેટ વગરના ૧૪ લાખથી વધુ લોકોને ૭૩ કરોડનો દંડ ફટકાર્યો હતો. ■

# ભિવંડીમાંથી એક જ દિવસમાં પાંચ છોકરા ગુમ

થાણેઃ ભિવંડીમાંથી એક જ દિવસમાં સગીર વયના પાંચ છોકરા ગુમ થતાં પોલીસે અપહરણના ગુના નોંધી તપાસ હાથ ધરી હતી. જોકે બે દિવસ સઘન શોધ ચલાવ્યા છતાં પોલીસ એકેય છોકરાને શોધી શકી નથી.

વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ પાંચેય છોકરા ભિવંડીના શાંતિ નગર પોલીસની હદમાંથી ગુમ થયા હતા. પરિણામે શાંતિ નગર પોલીસ સ્ટેશનમાં અપહરણના ગુના નોંધવામાં આવ્યા હતા.

શાંતિ નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૨૬ ઑગસ્ટની વહેલી સવારે ડોંગરીપાડા વિસ્તારમાં આવેલી ફદીમુલ ઈસ્લામ મદરેસામાંથી ૧૨ અને ૧૩ વર્ષના બે સગીર ગુમ હોવાની જાણ થઈ હતી. મદરેસામાં ૨૦ વિદ્યાર્થી અભ્યાસ કરતા હતા, જેમાંથી બે ગુમ થયા હતા.

મદરેસાના સ્ટાફ દ્વારા મદરેસા પરિસર અને આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવામાં આવી હતી, પણ છોકરાઓની કોઈ માહિતી મળી નહોતી. આખરે એક શિક્ષકે શાંતિ નગર પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઘટનામાં એ જ સાંજે ભિવંડીની જ શુક્લા ચાલમાં રહેતા ૧૩થી ૧૫ વર્ષના ત્રણ સગીર ગુમ થયા હતા. ઘર નજીક રમવા ગયા પછી ત્રણેય ઘરે પાછા ફર્યા નહોતા. પરિવારજનોના દાવા મુજબ ત્રણેય જણ ઘર નજીક રમતા હતા અને પછી એકાએક તે ગાયબ થઈ ગયા હતા. પોલીસના જણાવ્યા મુજબ પાંચેય બાળકની શોધ ચલાવાઈ રહી છે. (પીટીઆઈ)■

# જાલનામાં કાર ૭૦ ફૂટ ઊંડા કૂવામાં ખાબકતાં એકનું મોતઃ અન્ય ચાર ગુમ

જાલનાઃ જાલના જિલ્લામાં કાર ૭૦ ફૂટ ઊંડા કૂવામાં ખાબકતાં એકનું મોત થયું હતું, જ્યારે અન્ય ચાર કૂવામાં ડૂબીને મૃત્યુ પામ્યા હોવાની આશંકા છે.

ભોકરદાન-જાફરાબાદ રોડ પર ગાડેગવ્હાણ ગામમાં શુક્રવારે સવારે આ અકસ્માત થયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

છત્રપતિ સંભાજીનગરથી જાફરાબાદ તરફ પૂરપાટ વેગે જઇ રહેલી કારે પ્રથમ ભગવાન બંકર નામના સ્થાનિક રહેવાસીને ટક્કર મારી હતી, જે મોર્નિંગ વૉક માટે ઘરેથી નીકળ્યો હતો. કારે અડફેટમાં લેતાં ભગવાન બંકરને ગંભીર ઇજા પહોંચી હતી. કાર બાદમાં રસ્તા પરથી ઊતરીને નજીકમાં આવેલા કૂવામાં ખાબકી હતી. છત્રપતિ સંભાજીનગરના હુડકો ખાતેના રહેવાસી જ્ઞાનેશ્વર દાકલેનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો, જ્યારે અન્ય ચાર જણની શોધ ચલાવવામાં આવી રહી છે.

ચારેય જણમાં હુડકોના રહેવાસી નિર્મલ દાકલે, ફૂલાંબરી તહેસીલના ગ્રોગાઇ ગુંજા ગામની પદ્માબાઇ ભાંબરે તથા જ્ઞાનેશ્વર ભાંબરે અને અજાણ્યા કાર ડ્રાઇવરનો સમાવેશ છે. (પીટીઆઇ)■

# વિરાર ઇમારત ધરાશાયીઃ મ્હાડા અસરગ્રસ્તોને કામચલાઉ ઘરો પૂરા પાડશે

પાલઘરઃ પાલઘર જિલ્લાના વિરાર પૂર્વમાં ધરાશાયી થયેલી ઇમારતના રહેવાસીઓને મ્હાડા દ્વારા કામચલાઉ ઘર આપવામાં આવશે, એમ મહારાષ્ટ્રના પ્રધાન પ્રતાપ સરનાઇકે જણાવ્યું હતું.

બુધવારે રાત્રે ૧૨.૦૫ વાગ્યે વિજય નગર ખાતે એક ખાલી મકાન પર આ ઇમારત તૂટી પડી હતી. રાજ્ય સરકાર આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્તોની સાથે ઉભી છે. મ્હાડાના ઉપપ્રમુખ સાથે ચર્ચા કર્યા બાદ બોલિંજ વિસ્તારમાં ૬૦ ઘર વિસ્થાપિત રહેવાસીઓને ઉપલબ્ધ કરાવવામાં આવશે,'' સરનાઈકે જણાવ્યું હતું. ■

## પારસી મરણ

નુશફરીન દારા પલસેતીયા તે કેતી દારા પલસેતીયાના દીકરી. તે દેલનાઝ ને રુઝીનના બહેન. તે રુસી, પરવેઝ ને મરહુમ ગોદરેજના ભત્રીજી. તે હુતોકસી રાઇતર, ફિરોઝા ભાદેના ને મરહુમ ફરીદાના માસી. તે વીસપી ભરુચાના ભાણેજી. તે મરહુમો બેપસી પટેલ, હોમાય ગોતલાના ફુઇ. (ઉં.વ.૩૮) રે. ઠે. બી-૧, ન્યુ ખારેઘાટ કોલોની, બાબુલનાથ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૦-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા નં.૧માં છેજી.

નરગીસ નાદરશા આઇબરા તે મરહુમ એરવદ નાદરશાહ નવરોજી આઇબારાના ધણીયાની. તે એરવદ યઝદી ને એરવદ હોમયાર નાદરશાહ આઇબારાના મમી. તે એમી યઝદી આઇબારા ને દીનાઝ હોમયાર આઇબારાના સાસુજી. તે ફરહાદ ને હુફીયા આઇબારા, કૈઝીન ને ફિરદોશ પાવરી, હવોવી ને ઝકસીસ ખંભાતા, મર્ઝબાન ને તીમશાર આઇબારા ના બપઇજી. તે ડાનેશ ઝકસીસ ખંભાતા ને ખઝાન ફરહાદ આઇબારાના મોટા બપઇજી. તે મરહુમ ઓસ્તી બચામાય એરવદ વેતરસ્પ મેસાન્યાની દીકરી. (ઉં. વ. ૮૩) રે. ઠે. ડી-બ્લોક, ફ્લેટ નં.૧૨, ખુશરુ બાગ, એસ.બી. રોડ, ઇલેક્ટ્રીક હાઉસ આગળ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૦-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

રુસી કેકી બાતલીવાળા તે મરહુમ પરવીઝના ધની. તે મરહુમો ફેની કેકી બાતલીવાલાના દીકરા. તે સીલ્લુ પીરોજ મીરઝાના ભાઇ. તે બેહરામ મીરઝા ને મેહરંગીઝ કૈરુશ બલસારાના મામા. (ઉં. વ. ૮૬) રે. ઠે. બુરહાની મહલ, જગમોહનદાસ માર્ગ, પ્રિય દર્શની પાર્ક સામે, ૫૯ નેપયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૦-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે બોઇસ અગિયારીમાં છેજી.

**વલસાડ**

અદી મિનુ વસાણિયા (ઉં. વ. ૮૭) તે મરહૂમ નાજુ વસાણિયાનાં પતિ. તે શાહરુખ, સાયરસ અને ધનલાલના પિતા. તે ફિલિ, નવાઝ, ખુશરૂ અને અરનાઝના ફાધર ઇન લો. તે ઝોરાયસ અને તનિષ્કાના ગ્રાન્ડફાધર. તે મરહૂમ અર્ની, મરહૂમ રોશન અને મરહૂમ સિલૂના ભાઇ. તે ઝરીન, મણિ અને હુતોકસીના બ્રધર ઇન લો.

## છેલ્લા પાનાનું ચાલુ

### મરાઠાઓ મુંબઈ ન આવે

આપી હતી.

ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે 'મરાઠી બાંધવો ન્યાય માટે મુંબઈ ન આવે તો શું સુરત અને ગુવાહાટી જાય? મરાઠી દ્વેષીઓને મરાઠી માણસની તાકાત દેખાય છે એ સારી વાત છે. નાછૂટકે ન્યાય મેળવવા તેમણે મુંબઈ આવવું પડ્યું છે. અત્યાર સુધી આ સરકારે એટલે કે દેવેન્દ્ર ફડણવીસે અગાઉ પણ કહ્યું હતું કે જો તેમની સરકાર આવી હોત કે હોત તો થોડા દિવસોમાં મરાઠા સમાજને ન્યાય મળી જાત. એ સમયે તેમણે છત્રપતિ શિવાજી મહારાજના શપથ લીધા હતા. અત્યાર સુધી આ લોકોનો ઉપયોગ કરીને અવગણવામાં આવ્યા છે. કોણીએ ગોળ લગાવવા જેવી આ વાત થઈ. હવે આ લોકો મુંબઈ આવી ગયા છે. સરકારે તેમની સાથે ચર્ચા કરી તેમને ન્યાય આપવો જોઈએ.'

મરાઠાઓને ઓબીસી ક્વોટામાંથી અનામત આપવાની માંગ સાથે તમે સંમત છો એવો સવાલ સંવાદદાતાઓ દ્વારા પૂછવામાં આવતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે આ સવાલ જેમણે શિવાજી મહારાજના શપથ લઈને અનામત આપવાની વાત કરી હતી તેમને પૂછવો જોઈએ. તેમણે કહ્યું હતું કે કે સત્તામાં આવ્યાના છ મહિનાની અંદર અનામત આપશે. આજે હું કોઈ પણ અભિપ્રાય આપું પણ મારા હાથમાં કશું જ નથી. ■

### દક્ષિણ મુંબઈમાં

અને વિસ્તારોમાં જામ કર્યું હતું.

#### આઠ કલાકની પરમિશન અને એક મહિનાનું રાશન લઈને પહોંચ્યા આંદોલનકારો

મનોજ જરાંગે પાટીલને મુંબઈ પોલીસ દ્વારા મરાઠા અનામત માટે આઠ કલાક જ આંદોલન કરવાની પરવાનગી આપી હોવા છતાં પણ આંદોલનકારો ટ્રકોમાં એક મહિનો ચાલે એટલું રાશન, શાકભાજી અને ગેસના ચૂલા વગેરે લઈને આઝાદ મેદાન પહોંચ્યા હતા.

દરમિયાન એવી માહિતી પણ સામે આવી રહી છે કે મુંબઈ પોલીસ દ્વારા આંદોલનકારોને આઝાદ મેદાન ખાતે રસોઈ કરવાની પરવાનગી નથી આપવામાં આવી. ■

### મુંબઈમાં વરસાદની

પછી મુંબઈમાં ઑરેન્જ અલર્ટની આગાહી કરી હતી. વરસાદને કારણે કેટલાક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા લાગ્યા હતા, પરંતુ તેની જનજીવન પણ કોઈ અસર થઈ નહોતી.

આનાથી વિપરીત લાતુર અને નાંદેડ જિલ્લાઓ પાણી પાણી થઈ ગયા હતા. લાતુરના ૬૦માંથી ૨૯ મહેસૂલી વિભાગ હેઠળના વિસ્તારોમાં જોરદાર વરસાદ થયો હતો, જેને કારણે ૫૦ જેટલા માર્ગો અને બ્રિજ વાહનવ્યવહાર અને રાહદારીઓ માટે બંધ કરી દેવામાં આવ્યા હતા.

જિલ્લાઓમાં પહેલાથી ૧૨મા ધોરણ સુધીની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી.

અહમદપુર તાલુકાના શિરુર અનંદપાલ વિસ્તારોમાં પૂરનાં પાણીમાં ફસાયેલા ૧૦ જણને ડિઝાસ્ટર મૅનેજમેન્ટ ટીમ અને સ્થાનિક ગામવાસીઓએ ઉગારી લીધા હતા. બચાવ કામગીરી માટે લશ્કરની ટીમને પણ બોલાવવામાં આવી હતી.

એ જ રીતે ચાકુર તહેસીલમાં બીએસએફ કૅમ્પ નજીક આવેલી કેન્દ્રીય વિદ્યાલય પરિસરમાં પાણી ભરાયાં હતાં, જેને કારણે ફસાયેલા ૬૭૯ વિદ્યાર્થી અને ૪૦ શિક્ષકને બીએસએફના જવાનોએ બચાવી લીધા હતા. ■

### હવે પ્રાણ જાય

બાદ ભગવા ટોપી, સ્કાર્ફ અને ધ્વજ સાથે હજારો સમર્થકોએ ૪૩ વર્ષના જરાંગેનું ભવ્ય સ્વાગત કર્યું હતું. જરાંગેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને જરૂરી પગલાં લઈ મરાઠાઓ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા બતાવવા જણાવી ઉમેર્યું હતું કે 'જો રાજ્ય સરકાર અમારી માંગણીઓ સ્વીકારી લેશે તો અમે આંદોલન પાછું ખેંચી લઈશું. જો તમે નિષ્ઠા નહીં બતાવો તો મરાઠાઓ રાજ્ય અને કેન્દ્ર એમ બંને સરકારને તેમની તાકાત બતાવી દેશે.'

મહારાષ્ટ્રના પ્રધાનો રાધાકૃષ્ણ વિખે પાટીલ અને ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર જરાંગે સાથે ચર્ચા કરવા તૈયાર છે અને તેમની માંગણીઓ પ્રત્યે સરકારને સહાનુભૂતિ છે.

જોકે વિધાન પરિષદના ભાજપના સભ્ય પરિનાય ફુકેએ ગેરબંધારણીય માંગણીઓને સ્વીકારવા સામે ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે તેનાથી અન્ય પછાત વર્ગ (ઓબીસી) જૂથો દ્વારા મોટા પાયે વિરોધ કરવામાં આવશે. (પીટીઆઈ)■

### આજની પરવાનગી

સમય વધારી આપવાની માગણી કરવામાં આવી હતી અને આઝાદ મેદાન પોલીસ સ્ટેશને તેમની અરજી મંજૂર કરી હતી.

જરાંગેના સમર્થકો મોટી સંખ્યામાં શુક્રવારે દક્ષિણ મુંબઈમાં આવી પહોંચતાં એ વિસ્તારમાં ટ્રાફિક લગભગ ખોરવાઇ ગયો હતો.

જરાંગે તમામ મરાઠાઓને કુલણી તરીકે માન્યતા આપવાની માગણી કરી રહ્યા છે, જેમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) શ્રેણીનો પણ સમાવેશ થાય છે, જેથી તેઓ સરકારી નોકરીઓ તેમ જ શિક્ષણમાં અનામત માટે પાત્ર બની શકે. (પીટીઆઈ)■

### વરસાદ અને

ચર્ચગેટ સહિત સીએસએમટી સ્ટેશન પર લોકોની હકડેઠઠ ભીડ જામી હતી. નરિમાન પોઈન્ટ, ફોર્ટ, કાલબાદેવી, ક્રોફર્ડ માર્કેટના વિસ્તારો જોરદાર ભીડ હતી. તકેદારીના ભાગરુપે અમુક સરકારી કચેરીઓને વહેલી છોડવાને કારણે સ્ટેશન પર રેગ્યુલર કરતા વધારે ભીડ જામી હતી. મહિલાઓને ટ્રેન પકડવામાં હાલાકી પડી હતી.

બસની પણ મર્યાદિત ફ્રિકવન્સીને કારણે પ્રવાસીઓ પરેશાન

પશ્ચિમ અને મધ્ય રેલવેમાં સીએસએમટી સહિત હાર્બર લાઈન (વડાલા)ના રેલવે સ્ટેશનો પર પણ રેગ્યુલર પ્રવાસીઓની સાથે કાર્યકરોની ભીડ હતી, જ્યારે બસની સેવાઓ નહીં હોવાને કારણે ટ્રેનોમાં પણ ભીડ હતી. મહત્ત્વના રુટ્સ પર ભીડ હોવાને કારણે બેસ્ટની બસોને ડાઈવર્ઝન આપવામાં આવ્યા હતા, જેથી બેસ્ટની બસોમાં પણ પેસેન્જરની જોરદાર ભીડને કારણે સિનિયર સિટિઝન સહિત મહિલાઓને ટ્રાવેલ કરવામાં હાલાકી પડી હતી. બેસ્ટના અધિકારીએ કહ્યું હતું કે મુંબઈની તમામ બસોને દાદર સહિત ભારત માતા અને મુંબઈ સેન્ટ્રલમાં ટૂંકાવી હતી. ■

### અન્ય સમુદાયોના

જાહેરાત કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન બન્યા પછી, મેં ૧૦ ટકા અનામત આપ્યું. મરાઠા સમુદાયને જે યોગ્ય છે અને કાયદાના માળખામાં છે તે આપવાની ભૂમિકા હજુ પણ એ જ છે. આ અનામત એટલા માટે આપવામાં આવ્યુ હતું કારણ કે મરાઠા સમુદાય આર્થિક અને સામાજિક રીતે પછાત છે, એમ કહેતા શિંદેએ ઉમેર્યું કે, કુણબી નોંધણી શોધવા માટે નિવૃત્ત ન્યાયાધીશ શિંદેની એક સમિતિની રચના કરવામાં આવી હતી.

આ સમિતિ આજે પણ કાર્યરત છે. લાખો કુણબી રેકોર્ડ મળી આવ્યા હતા. 'સારથી' દ્વારા વિવિધ પહેલ શરૂ કરવામાં આવી હતી. મરાઠા સમુદાય પણ તેનો લાભ મેળવી રહ્યો છે. ■

### બંધારણીય રીતે

ધરાવતી કેબિનેટ સબ-કમિટી જરાંગેની માંગણીઓ પર ચર્ચા કરી રહી છે, સમિતિ કાનૂની અને બંધારણીય માળખામાં રહીને ઉકેલ શોધશે,' એમ પણ તેમણે કહ્યું.

જરાંગેએ એવી માગણી કરી છે કે બધા મરાઠાઓને કુણબી તરીકે માન્યતા આપવામાં આવે, જે એક કૃષિ જાતિ છે જેનો સમાવેશ ઓબીસી શ્રેણીમાં થાય છે, જેનાથી તેઓ સરકારી નોકરીઓ અને શિક્ષણમાં અનામત માટે પાત્ર બનશે. પરંતુ હાલના ઓબીસી સમુદાયો આનો વિરોધ કરે છે.

મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની સરકાર મરાઠાઓને ઓબીસી સામે લડાવવાની વિરુદ્ધ હતી, તેમણે ઉમેર્યું હતું કે તે કોઈપણ સમુદાય સાથે અન્યાય થવા દેશે નહીં.

'છેલ્લા દસ વર્ષમાં, મારી સરકારે મરાઠાઓના કલ્યાણ માટે ઘણું કર્યું છે, જે કોઈ અન્ય સરકારે કર્યું નથી,' એવો દાવો મુખ્ય પ્રધાને કર્યો હતો.

મરાઠા અનામતના મુદ્દામાંથી રાજકીય લાભ મેળવવાનો પ્રયાસ કરવા બદલ વિપક્ષોની ટીકા કરતા તેમણે કહ્યું કે, ગયા વર્ષે મરાઠાઓ માટે શિક્ષણ અને નોકરીઓમાં ૧૦ ટકા અનામત કાયદાકીય રીતે માન્ય રહ્યું છે.

'મુદ્દાને રાજકીયકરણ ન કરો અને ઓબીસી અને મરાઠાઓ વચ્ચે તણાવ વધારવાનો પ્રયાસ ન કરો. આપણું સામાજિક માળખું મહત્વપૂર્ણ છે,' એમ તેમણે કહ્યું હતું. ■

### પોલીસ કાર્યવાહીનો

હિતેશ હિંમત પાટીલ (૩૧) તરીકે થઈ હતી. જળગાંવ જિલ્લાના રહેવાસી એવા બન્ને આરોપી પાસેથી જપ્ત કરવામાં આવેલા ત્રણ મોબાઈલ ફોનની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ આ પ્રકરણે ૭૨ વર્ષની સિનિયર સિટીઝને બુધવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે સૌપ્રથમ ૧૮ ઑગસ્ટે આરોપીએ ફરિયાદીને વ્હૉટ્સઍપ કૉલ કર્યો હતો. એક ગુનામાં ફરિયાદીની સંડોવણી સામે આવી હોવાથી તેમની સામે ધરપકડ વૉરન્ટ જારી કરાયા હોવાનું આરોપીએ કહ્યું હતું.

ફરિયાદીના કહેવા મુજબ આરોપીએ પોતાની ઓળખ ડીસીપી સંજય અરોરા તરીકે આપી હતી. બાદમાં દિલ્હી પોલીસ અને બૉમ્બે હાઈ કોર્ટ તેમ જ સીબીઆઈના અધિકારીના સ્વાંગમાં આરોપીએ ફરિયાદી સાથે વાત કરી હતી. આરોપીઓ પોલીસના ગણવેશમાં હતા. ધરપકડ કરી પોલીસ કસ્ટડીમાં નાખવાની ધમકી આપી આરોપીએ વિવિધ બૅન્ક ખાતાંમાં ૧.૨૬ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરિયાદીને ફરજ પાડી હતી.

વૃદ્ધાએ ફરિયાદ નોંધાવતાં જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી જે બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર થયાં હતાં તેની વિગતો પ્રાપ્ત કરી હતી. પોલીસે ૧.૨૩ કરોડ રૂપિયા બૅન્ક ખાતાંમાં ફ્રીઝ કરાવ્યા હતા. બૅન્ક ખાતાની વિગતોને આધારે પોલીસ સોનાર સુધી પહોંચી હતી. સાયબર ફ્રોડ માટે સોનારના બૅન્ક ખાતાનો ઉપયોગ થયો હતો. જોકે એ બૅન્ક ખાતાં સંબંધી માહિતી અને કિટ આરોપી પાટીલે થાઈલૅન્ડમાં સાયબર ઠગ ટોળકીને મોકલાવી હતી. પોલીસે પાટીલને પણ તાબામાં લઈ પૂછપરછ હાથ ધરી હતી. ■

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

અ. સૌ. અનસુયાબેન ગણાત્રા (ઉં. વ. ૬૫) ગામ ગઢશીશા તા. ૨૭-૮-૨૫ના શ્રીરામ શરણ પામેલ છે. તે સ્વ. કસ્તુરબેન વાલજી ગણાત્રાના પુત્રવધૂ. છોટાલાલ ગણાત્રાના ધર્મપત્ની. સ્વ. શાંતાબેન જમનાદાસ કોઠારી (સુમરી રોહા) હાલ મુલુંડના પુત્રી. સૌ. લીલાવતી ભગવાનદાસના દેરાણી. તે સૌ. મીનાબેન રવિલાલ, સૌ. અનુબેન વસંતભાઇ કોટક, ગં. સ્વ. કાંતાબેન મહેન્દ્રભાઇ, સ્વ. નયનાબેન અરવિંદભાઇ, ગં. સ્વ. હંસાબેન ગોવિંદ કોટકના ભાભી. ટ્વિન્કલ અને ચંદ્રેશના માતુશ્રી. મુંબઇમાં પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા હાલ મુંબઇ સ્વ. કળાવંતી શામજી જગજીવનદાસ મોદીના સુપુત્ર ચિ. ભરતભાઇ (ઉં. વ. ૭૧) તા. ૨૯-૮-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. મૃદુલા મહેન્દ્રકુમાર વોરા, સ્વ. નયના ભૂપેન્દ્ર વોરા તથા માલતી ભાર્ગવ સંઘવીના ભાઇ. તથા કોટડીવાળા મનમોહનદાસ જમનાદાસ દોશીના ભાણેજ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મગવાણા સ્વ. સાકરબાઇ તથા સ્વ. ચાગપાર ગોકુલદાસ રામાણી હાલ મુલુંડના નાના પુત્ર દરિયાલાલ (ઉં. વ. ૮૧) શુક્રવાર, તા. ૨૯-૮-૨૫ના શ્રીરામશરણ પામ્યા છે. તે દક્ષાબેનના પતિ (બેબી). કલ્પેશ, ભારતી દિપકકુમાર કોઠારીનાં પિતાશ્રી. સ્વ. મકાંબાઇ દેવચંદના જમાઇ. દિપકકુમાર અને પીંકીના સસરા. તે આયર્નના દાદાજી. તે સ્વ. જાધવજી, સ્વ. પુરસોતમ, સ્વ. વિઠલદાસ, સ્વ. મુરજી, અ. સૌ. વાસંતી વિનોદકુમાર રાયકુંડલીયાના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૩૦-૮-૨૫ના ૪થી ૫. ઠે. મુલુંડ હાઇસ્કૂલ હોલ, ચંદનબાગ લેન, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગામ પત્રી કચ્છ હાલ ડોમ્બીવલી, હરિપ્રભા વીછી (ઉં.વ.૭૭) સ્વ. ધનજી કુંવરજી વીછીના પત્ની. તે સ્વ. જયંતીલાલ તુલસીદાસ શનિશ્વરા (નલિયાવાળા) ના પુત્રી, પુનિત, સ્વ.શિલ્પાના માતુશ્રી. સ્વ. સાવિત્રીબેન દેવજી વિછીના દેરાણી. સ્વ. પ્રભાબેન કેશવજી લીયા, દમયંતીબેન, મોહનલાલ, ઉમરશી, પરસોત્તમના ભાભી. તા. ૨૮.૮.૨૫ના રામશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા શનિવાર તા.૩૦/૮/૨૫ના ૪.૦૦ થી ૫.૦૦. ભાનુશાલી વાડી, નાંદિવલી રોડ, ડોમ્બિવલી ઇસ્ટ.

**ઇડર ઔદિચ્ય ૨૭ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ ચિત્રોડા નિવાસી હાલ મુંબઇ સુરેશભાઇ ભટ્ટ (ઉં. વ. ૭૮) તા. ૨૮-૮-૨૫ને ગુરુવારે દેવલોક પામેલ છે. તે સ્વ. મહાલક્ષ્મી રામશંકર ભટ્ટના પુત્ર. સ્વ. સરોજબેન ભટ્ટના પતિ. રસેષભાઇ, સેજલબેનના પિતાશ્રી. રચનાબેન અરવિંદભાઇ ત્રિવેદી અને દ્વારકેશભાઇ જીતેન્દ્રભાઇ પંડ્યાના સસરા. ગાંઠીયોલ નિવાસી સ્વ. નિર્મલાબેન રવિશંકર ઠાકરના જમાઇ. તે સ્વ. વીણાબેન, સ્વ. અરવિંદભાઇ, હર્ષદભાઇ, સ્વ. કિરણભાઇ, દીપકભાઇ, હેમંતભાઇના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૩૧-૮-૨૫ રવિવારના સાંજે ૫થી ૭. ઠે. કોરા કેન્દ્ર હોલ, ગોલ્ડન ડિલિકેસી હોટેલની બાજુમાં, શિંપોલી રોડ. બોરીવલી (વેસ્ટ).

**કચ્છી ભાટીયા (બેરાઇ)**

યોગેશ તુલસીદાસ આસર (ઉં. વ. ૭૦) તારાબેન, તુલસીદાસના પુત્ર. સુરેશ, નિમેષ (નંદુ) ભાવના ચેતન વેદનાં ભાઇ. ખ્યાતિ દેવાંગ, મિલન, પુષ્કર, મોનીકા, જલપાના કાકા-મામા. આરવના દાદા. વિઠલદાસ રણછોડદાસ વેદના દોહીત્રા. શુક્રવાર, તા. ૨૯-૮-૨૫ના શ્રીજીના ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ ગુદીયારી હાલ ચેકનાકા મુલુંડ ગં. સ્વ. નિર્મળાબેન બોડા (ઉં. વ. ૭૧) તે સ્વ. પ્રતાપભાઇ મંગલદાસ બોડાના પત્ની. સ્વ. ગોદાવરીબેન મંગલદાસ બોડાના પુત્રવધૂ. સ્વ. જનક, સ્વ. ચંદ્રકાંત, પ્રકાશભાઇ તથા પૂર્ણિમાબેન મહેન્દ્રભાઇના ભાભી. સ્વ. પુષ્પાબેન, ગં. સ્વ. હિનાબેન, રમીલાબેનના જેઠાણી. દિપક, દર્શના, નયનાના માતા. હરેશ રાજગોર અને પરેશ ઉડીયાણના સાસુજી. ગુરૂવાર તા. ૨૮-૮-૨૫ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૩૦-૮-૨૫ના ૫થી ૬. ઠે. કચ્છી રાજગોર મિત્ર મંડળ, લવકુશ બિલ્ડિંગ, બીજા માળે, એમ. જી. રોડ, કીર્તિ મહલ હોટેલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

ગામ ગઢડા (સ્વામીના) હાલ કાંદીવલી, સ્વ. કાન્તાબેન રતિભાઈ થડેશ્વર (ઉં. વ. ૯૫) તે જેન્તીભાઇ અરવિંદભાઈ (અન્નાભાઈ) પુષ્પાબેન વિજયકુમાર સુરૂ, પદમાબેન મુકેશકુમાર ઝગડાના માતુશ્રી. હીનાબેન, ભાવનાબેનના સાસુમા. નીકુંજભાઈ. રીનાબેન રીતેશ કુમાર માખેચા મીલન, જતીન, મેહુલના દાદીમા. સુમીતાબેનના દાદીસાસુ. આસોદરવાળા સ્વ. વિઠ્ઠલભાઈ, દેવદાનભાઈ ધકાણના દીકરી. તેમની પ્રાર્થનાસભા તા. ૩૦.૮.૨૫ને શનિવારે ૫ થી ૬. સોની વાડી શીપોલી રોડ બોરીવલી વેસ્ટ.

**વાણીયા સોની**

વઢવાણ નિવાસ હાલ બોરીવલી, માલતીબેન રોજાસરા (ઉં. વ. ૭૪) તા. ૨૮/૦૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે હસમુખભાઈ જગજીવનદાસ રોજાસરાના ધર્મપત્ની, જ્યોતિબેન ભરતભાઈ તથા ભારતીબેનના ભાભી. દિપકભાઈ હેમાબેન અને જતીનભાઈના માતુશ્રી. યોગીતાબેન રોજાસરા, હેતલબેન રોજાસરા, હિમાંશુભાઈ આડેસરાના સાસુ. પિયરપક્ષે સ્વ.જયાબેન શિવલાલ માંડલ્યાના સુપુત્રી. પ્રાર્થનાસભા ૩૦/૦૮/૨૫ના શનિવાર ૪ થી ૮. બી એ પીસ, શ્રી સ્વામીનારાયણ મંદિર, સી/૪૪ યોગીનગર અજમેરા સ્કૂલની બાજુમાં, બોરીવલી વેસ્ટ.

**નાઘેર દશાશ્રીમાળી વણિક**

ટીબી નિવાસી હાલ સાંતાક્રુઝ, સ્વ. ત્રીવેણીબેન તથા સ્વ. પ્રાણજીવનદાસ ભગવાનદાસ મહેતાના પુત્રવધૂ ગં. સ્વ. મધુબેન (ઉં. વ. ૭૮) તે સ્વ. જીતુભાઇ મહેતાના ધર્મપત્ની. ગૌતમભાઈ, સૌ. વૈશાલીબેન, સૌ કૃપાબેનનાં માતુશ્રી. અ. સૌ. શીતલ, વીપુલકુમાર પ્રવિણચંદ કપાસી, ભાવેશકુમાર જયનારાયણ પટેલના સાસુજી. પિયરપક્ષે ધારી નિવાસી સ્વ. ચંપાબેન, સ્વ. મગનલાલ વલ્લભજી ઘેલાણીના દીકરી, બુધવાર તા. ૨૭-૦૮-૨૫નાં શ્રી અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર તા. ૩૧.૦૮.૨૫ના ૪ થી ૬. હીરાવતી બેન્કવેટ હોલ, પોદ્દાર સ્કુલની બાજુમાં, ટાગોર રોડ, સાંતાક્રુઝ વેસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામ ભદ્રેશ્વર હાલે મુલુંડ ચેકનાકા, અ.સૌ.જીજ્ઞાબેન સોમૈયા (ઉં. વ. ૫૮) તા. ૨૬/૮/૨૫ના શ્રીરામચરણ પામેલ છે. તે ગીતાબેન ખેરાજ સોમૈયાના પુત્રવધૂ. પરેશભાઈ સોમૈયાના પત્ની. સ્વ. ગોદાવરીબેન ખેરાજ સોનાઘેલા (કોઠારા)ની પુત્રી. ગં. સ્વ. નર્મદાબેન ગોવિંદજી ભીંડાના સુપુત્રી, ગં. સ્વ. દક્ષાબેન કિશોરભાઈ પુજારા, ગં. સ્વ. દીનાબેન રાજેશભાઈ પંચમોતીયાના ભાભી. સાગર, ટ્વિંકલ, મેહુલના માતૃશ્રી. પ્રાર્થનાસભા ૨૯/૮/૨૦૨૫ને શુક્રવારે ૫ થી ૭. મુક્તેશ્વર મંદિરમાં. લૌકિક વ્યવહાર બંધ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે.

**વૈષ્ણવ મોઢ વણિક**

મોરબી, હાલ ઘાટકોપર, મુકુન્દરાય ગોકળદાસ મણિયાર (ઉં. વ. ૧૦૦) ૨૮મીએ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ભાનુમતીના પતિ. મીના પારસ મહેતા, જ્યોતિ રાજન મણિયાર, જહાનવી સંદીપ કેકારી તથા દીપકભાઈના પિતા. સ્વ.વસંતબેન જયંતીભાઈ પારેખના જમાઈ. સરલા દિનેશ પરીખ, શરદભાઈ, કીર્તિભાઈના બનેવી. રીટાના સસરા. હર્ષ-ડેલીના દાદા. લૌ.વ્ય. બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ નિવાસી સાવરકુંડલા હાલ વિલે પાર્લે, સહિલ દિનેશભાઈ ભૂપતાણી (ઉં. વ. ૩૪) તે પારૂલબેન દિનેશભાઈ નાનાલાલ ભૂપતાણીના પુત્ર. અભિરુચીના પતિ. કેયા રોચન ભુપતાણીના દીયર. નિવ તથા વિયાનના કાકા. તારાબેન હરજીવનદાસ ઉનડકટના દોહીત્ર તા. ૨૩-૦૮-૨૫ ના અમેરિકામાં શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**દિશા પોરવાડ એકોતેર જૈન**

ડાભલા નિવાસી હાલ ભાયખલા, ચંદુલાલ શાહ (ઉં. વ. ૯૫) સ્વ. મોતીલાલ તથા સીતાબેનના પુત્ર શ્રીમતીબેનના પતિ. પ્રદીપ, રવિન્દ્ર, કચવન્ના, હંસા, દક્ષા, નેહાના પિતાશ્રી. સુવર્ણા, મીના, દિલીપકુમાર, મનોજકુમાર, ગીરીશકુમારના સસરા. સેવંતીલાલ, વસ્તુપાળ, કેશવભાઇ, બચીબેના, ગુલાબબેનનાં ભાઇ. શ્રેયાંશ, શ્રદ્ધા, પરીના, પ્રણવ, જયના, ઋષભ, પ્રીતેશ, ભાવીન, ક્રીતેશ અને યશના દાદા. તા. ૨૯-૮-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

પાટણ નિવાસી (ખેતરપાળનો પાડો) લીલાબેન શાહ (ઉં. વ. ૮૬) તા. ૨૭-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કીર્તિલાલ મણિલાલ શાહના પત્ની. સમીર, નિલેશ અને નૈનેશના મમ્મી. પ્રિતી, હંસા અને મીનાના સાસુ. ભૂમિકા અભિજીતકુમાર, રીશિકા, નેહા, પ્રાંજલ, દિયા, ધ્રુવિલ અને માહીના દાદી. સ્વ. રમણભાઇ, સ્વ.નાનુભાઇ અને સ્વ. પદમાબેનના ભાભી. સ્વ. લલિતભાઇ, મંજુલાબેન, માલતીબેન, શાંતાબેનના બહેન. દક્ષાબેનના નણંદ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૭, ઓલ્ડ વોહરા હાઉસ, પ્રથમ માળ, ગ્રામ પંચાયત રોડ, ગોરેગાંવ, (પશ્ચિમ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બરવાળા (ઘેલાશા) નિવાસી હાલ કાંદીવલી સ્વ. મધુકાન્તાબેન હિંમતલાલ શાહના પુત્રવધૂ સ્વ. અ. સૌ. ગીતાબેન (ઉં. વ. ૬૫) ગુરૂવારને તા. ૨૮-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે હર્ષદભાઇના ધર્મપત્ની. તે જયંતભાઇ, અશ્વિનભાઇ, મુકેશભાઇ, સ્વ. પ્રફુલભાઇ તેમ જ ભારતીબેન કિર્તીકુમાર અજમેરા તથા કલ્પનાબેન ઐલેશકુમાર શાહના ભાઇના પત્ની. પિયર પક્ષે હાલ ભાવનગર સ્વ. રસિકલાલ દલપતભાઇના દીકરી. તથા સ્વ. કમલેશભાઇના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ ગોરેગાંવ નટવરલાલ હિંમતલાલ મહેતા (ઉં.વ. ૮૫) બુધવાર તા. ૨૭-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મંજુલાબેનનાં પતિ. સ્વ. જયેશ, પરેશ, ફાલ્ગુનીનાં પિતા. સીમા, હેમા, હિતેનના સસરા. મનહરલાલ, સુરેશભાઇ, રજનીભાઇ, દિપકભાઇ, સ્વ. વિલાસબેન, સ્વ. પ્રભાબેન, દર્શનાબેનનાં ભાઇ. શ્વસુર પક્ષે જામનગર નિવાસી મથુરદાસ ત્રીકમજી દોશીનાં જમાઇ. કિશોરભાઇ, જીતુભાઇ, નવીનભાઇ, શોભનાબેન, કૈલાસબેનનાં બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૮-૨૫ના શનિવારના સાંજે ૪થી ૫.૩૦. ઠે. જવાહરનગર હોલ, એસ. વી. રોડ, ગોરેગામ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા આસંબિયા (વાપી)ના કલ્યાણજી વીરજી સાવલા (ઉં. વ. ૯૩) તા. ૨૭-૮-૨૫ના અરિહંત શરણ પામેલ છે. જીવીબાઇ વીરજી ચાંપશીના પુત્ર. કુસુમ (નાનબાઈ)ના પતિ. કલ્પેશ, હિમાંશુ, રસીલા, ભાવના, સુષ્માના પિતા. રાઘવજી, મેઘજી, ગાંગજી, મણીલાલ, કસ્તુરના ભાઇ. બિદડાના લક્ષ્મીબેન ભીમશી વોરાના જમાઇ. પ્રાર્થના : રવિવાર, તા. ૩૧-૮-૨૫ બપોરે ૩.૩૦ થી ૫.૦૦. ચંદ્રલીલા હોલ, મહાવીર નગર, વાપી. .

પુનડી હાલે ઘાટકોપરના પ્રેમજી કોરશી છેડા (ઉં. વ. ૮૪) તા. ૨૬-૮-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન કોરશી રાઘવજીના પુત્ર. સાકરબેનના પતિ. નિશા, રોહિત, તૃપ્તિના પિતા. જાદવજી, નેમચંદ, ભરત, રાણબાઈ, તેજબાઈ, જેઠીબેન, પુષ્પાના ભાઇ. તુંબડીના ખીમજી નોણશી સાવલાના જમાઇ. પ્રા. શ્રી લાયન્સ કમ્યુનીટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઈ). સાંજે ૪ થી ૫.૩૦.

હાલાપુરના અ.સૌ. ધ્વની પ્રશાંત મારૂ (ઉં. વ. ૩૭) તા.૨૬-૦૮-૨૫ના અવસાન પામેલ છે. હર્ષદાબેન (છોટી) લક્ષ્મીચંદના પુત્રવધૂ. પ્રશાંતના જીવન સંગીની. ગીતાબેન હીરજીના પુત્રી. ગુંજ, લેરખીના બેન. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૧૦.૩૦ થી ૧૨.

નાની તુંબડીના મુલચંદ પ્રેમજી સંગોઈ (ઉં. વ. ૭૭) તા.૨૫-૮-૨૫ ના અરિહંતશરણ પામ્યા છે. ભાણબાઈ પ્રેમજીના પુત્ર. રામાણીયાના ગોમીબેન નરશી પાસુના દોહિત્ર. નેમજી, હરીલાલ, મઠાંબાઈ, ગુણવંતી (ગંગાબાઈ), હંસા (હીરબાઈ), કેસરબેનના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરીલાલ સંગોઈ, એ-૪૦૨, ઉમિયા ટાવર, એમ.પી.રોડ, મુલુંડ (ઈ).

ગેલડાના જીતેન્દ્ર ગાંગજી સૈયા (ઉં. વ. ૫૪) ૨૬-૦૮ના અવસાન પામેલ છે. રસીલાબેન ગાંગજીના પુત્ર. અનીતાના પતિ. ક્રીષ્મા, આયુષના પિતા. હસમુખ, અંજના, સરોજ, ગીતા, કુસુમના ભાઇ. એમ.પી. ચમેલીબેન કનૈયાલાલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અનિતા જીતેન્દ્ર સૈયા, ડી/૧૦૩, જનકલ્યાણ કો.હા.સો., વજીરાનાકા, બોરીવલી (વે.) ૯૨.

મોટા લાયજા હાલે કચ્છ ગુંદાલાના લીલાવંતી રતીલાલ ગાલા (ઉં. વ. ૯૨) મુંબઈ તા. ૨૫-૦૮-૨૦૨૫ના અરિહંત શરણ પામેલ છે. રતનબેન ધારશી વીરજીના પુત્રવધૂ. સ્વ. રતીલાલના ધર્મપત્ની. જયાબેન, વિજય, કુમુદ, જયંતી, શશીના માતુશ્રી. નાના ભાડિયા સ્વ. ગાંગબાઈ વસનજી રાંભિયાના પુત્રી. મણીબેન ગાંગજી, તારાબેન વલ્લભજી, ભાનુબેન શિશિર, ઝવેરબેન કાંતિલાલ, ભારતી હીરજી, અરૂણા વસનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયંતી ગાલા, જીનામ નગર, ગુંદાલા, કચ્છ-૩૭૦૪૧૦.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ભુતિયા નિવાસી હાલ બોરીવલી, સ્વ. શારદાબેન જયંતિલાલ શાહના સુપુત્ર સ્વ. સુરેશભાઈ (ઉં. વ. ૬૧) તા.૨૩-૮-૨૫ને શનીવારના અરિહંતશરણ થયેલ છે. તે ફાલ્ગુનીબેનના પતિ. દિવ્ય અને દર્શીકાના પિતા. સ્વ. મનહરભાઈ, ચંદ્રકાંતભાઈ, તરૂણભાઈ, બીપીનભાઈ, તેજપાલભાઈ, વિલાસબેન અશોકકુમારના ભાઈ. સ્વ. અનંતરાય પરશોત્તમદાસ મહેતાના જમાઈ. ભાવયાત્રા તા. ૩૧-૮-૨૫ના રવિવાર ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ).

**દેરાવાસી જૈન**

જેતપુર હાલ કિંગ્સ સર્કલ, અશોકભાઈ ટોલિયા (ઉં. વ. ૭૩) જે સ્વ. મંગલાબેન તથા સ્વ. શાંતિલાલ છગનલાલ ટોલિયાના સુપુત્ર. ઇલાબેનના પતિ. નેહલ અભિષેક હેગડે આનલ ચિંતન શાહના પિતાશ્રી. કામિનીબેન નિખિલભાઈ શાહના ભાઈ. સ્વ. લાભૂબેન તથા સ્વ. હેમતલાલ લીલાધર બાટવીયાના જમાઇ તા. ૨૪-૦૮-૨૫ના દેવલાલી અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. સંભવ, રફી અહમદ કિડવાઇ રોડ, ડોન બોસ્કો સ્કૂલની પાછળ, કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦૦૧૯.

**ઝાલાવાડી દશા સ્થાનકવાસી જૈન**

થાનગઢ નિવાસી હાલ બોરીવલી, સ્વ. પુષ્પાબેન રજનીકાંત સંઘવીના પુત્ર કલ્પેશભાઈ (ઉં. વ. ૫૮) તા. ૨૮/૮/૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે રૂપાબેનનાં પતિ. ચી. રુષભના પિતા. પ્રબોધભાઇના મોટાભાઈ, સાસરાપક્ષે સ્વ. કુંદનબેન જીતેન્દ્ર ગોસલીયાના જમાઈ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દેરાવાસી જૈન,**

સુરેન્દ્રનગર નિવાસી, હાલ વિલેપાર્લે વેસ્ટ, પ્રવિણચંદ્ર રાઘવજી દોશી (ઉં. વ. ૮૩) બુધવાર તા. ૨૭/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.રંભાબેન અને સ્વ. રાઘવજી ડુંગરશી દોશીના સુપુત્ર. ઉષાબેનના પતિ. નંદિની હિતેશ શાહ, અમી અજય ભુતા, અભય, નીપાના પિતા. સ્વ. મનસુખલાલ, સ્વ. ચંદુલાલ, સ્વ. મનહરભાઈ, સ્વ. લીલાવતીબેન, સ્વ. વસંતબેન, સ્વ. સિંધુબેન તથા ગં. સ્વ. રસીલાબેનના ભાઈ. સ્વ. પ્રભાબેન અને સ્વ.જાધવજી સોમચંદ મેહતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**પાટણ વિસા શ્રીમાળી જૈન.**

ચૌધરીની શેરી હાલ મુંબઈ, શ્રીમતી પુષ્પાબેન શાહ (ઉં. વ. ૮૨) તા. ૨૬-૮-૨૫ મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. વિનોદચંદ્ર ગીરધરલાલ શાહના પત્ની. સ્વ. કેતકી, માલિની, કલ્પેશ અને સીમાના માતા. દીપકભાઈ, હેમંતભાઈ, સંજયભાઈ, પૂર્વીના સાસુ અને આયુષીના દાદી. સ્વ. પ્રભાબેન ચીમનલાલ મોહનલાલ પટ્ટણીના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જોરાવરનગર નિવાસી હાલ મુંબઈ, સ્વ. હરિલાલ દેવજીભાઈ સંઘવીના સુપુત્ર નટવરલાલ (ઉં. વ. ૮૯) તે સ્વ. વાડીભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ અને સ્વ. કમળાબેનના ભાઈ. સ્વ. અજય, અ. સૌ. આશા રાકેશ ગાંધીના પિતાશ્રી. જીજ્ઞાબેનના સસરા. ભાવિન અને પ્રેરણાના દાદા. સ્વ.અમુલખ દેવચંદ શેઠના જમાઇ ૨૮/૦૮/૨૫ને ગુરુવાર અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વહેવાર સદંતર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

માખીયાળા નિવાસી હાલ અંધેરી, જે સ્વ. દયાકુંવર જેચંદભાઈ પરમાનંદદાસ ધોળકિયાના પુત્રવધુ શ્રીમતી ચંદ્રાબેન, (ઉં. વ. ૭૪) તે સ્વ. શશિકાન્તભાઈ જેચંદભાઈ ધોળકિયાના ધર્મપત્ની. નિશિત તથા પ્રીતિના માતુશ્રી. પૂર્વી તથા ઉદયભાઈના સાસુ. વત્સલ, વિરલના નાની. દિવ્યાનના દાદી શુક્રવાર, તા. ૨૯/૦૯/૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ નંદાસરના રવજી હરશી બોરીચા (ઉં. વ.૬૫) તા.૨૮.૦૮.૨૫ ગુરુવારના અવસાન પામેલ છે. સ્વ. રાજીબેન હરશીના સુપુત્ર. ચંદ્રાબેનના પતિ. મેહુલ, સચીન, નીતાના પિતા. હેતલ, દિપકના સસરા. ઈશિકાના દાદા. નૂતનત્રંબૌના સ્વ. વાલીબેન મણશી કરમશી શાહના જમાઈ. પ્રાર્થના તા.૩૦.૦૮.૨૫ના શનિવારે ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. શ્રી થાણા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, નૌકાવિહાર, થાણા-વેસ્ટ, ફલેટ નં.૧૨/૧૩, આશા સોસાયટી, ચરઈ, થાણા.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ મનફરાના કરમણભાઈ કારા દેઢિયા (ઉં. વ. ૮૮) તા. ૨૬.૦૮.૨૫ મંગળવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. ધનીબેન કારાના સુપુત્ર. સ્વ. નાંગલ, ગં.સ્વ. ભચીબેનના પતિ. કલ્પના, નરેન્દ્ર, વીણા, અલકાના પિતાશ્રી. સ્વ. રમેશ, શાંતિલાલ, પ્રવિણ, નીતાના સસરા. શ્રેયા, પૂજનના દાદા. સ્વ. તેજશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. એ-૫૦૪, ભક્તિ એપાર્ટમેન્ટ, જાંબલી ગલી, બોરીવલી-વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના ગૌરીબેન ભાણજી ગેલાભાઈ છેડા (ઉં. વ. ૯૨) ગુરુવાર, તા. ૨૮.૦૮.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ગૌરીબેન ગેલાભાઈના પુત્રવધૂ. નરેન્દ્ર, પ્રેમીલાના માતુશ્રી. સાકર, નવીન ગડાના સાસુ. વિનય(રાજા), અવની, પૂજાના દાદી. ગૌતમ, ચિરાગના દાદીસાસુ. ભચાઉના સ્વ. આસઈબેન કુંભા લધા બુરીચાના દીકરી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન. રૂમ નં.૯, કે.સી. વાડી, નિલકંઠ નગર, નવરોજી લેન, ઘાટકોપર-વેસ્ટ, મું.૮૬,

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ મલાડ મહાસુખલાલ વ્રજલાલ દોશી (ઉં. વ. ૮૧) તા. ૨૫-૮-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. વિમલેશ-હેતલ, અમીશ-ઉર્વી, કામીની તેજસકુમાર, જીજ્ઞા અજીતકુમારના પિતા. સ્વ. અરવિંદભાઇ, નરેન્દ્રભાઇ, હરેશભાઇ, સરોજબેન જયંતીલાલ, હર્ષાબેન રમેશકુમારના ભાઇ. વિનોદરાય છગનલાલ ગાંધી (મોટા ખુંટવડા)ના ભાણેજ. બાવચંદભાઇ જેચંદભાઇ મહેતા (જેસર-રાજપરા)ના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧-૯-૨૫ સોમવારના સવારના ૧૦થી ૧૨. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સ્વ. વ્રજલાલ હરીચંદ શાહ (જેસરવાળા)ના સુપુત્ર દીપક (ઉં. વ. ૫૭) તા. ૨૮-૮-૨૫ ગુરુવારના સ્વર્ગવાસ પામેલ છે. તે કલ્પનાબેનનાં પતિ. મીત અને કુશલના પિતા. સ્વ. પ્રદીપભાઇ, દિલીપભાઇ, સ્વ. હિતેન્દ્રભાઇ અને સમીરભાઇના ભાઇ. પ્રભુદાસ હરીચંદ મહેતાનાં જમાઇ. મોસાળ પક્ષે શાંતિલાલ ભગવાનદાસ શાહના ભાણેજ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# અનામતની આગ

# ‘હવે પ્રાણ જાય તોય પરવા નથી’



## મનફાવે તેમ રસ્તાઓ પર બેઠેલા જોવા મળ્યા આંદોલનકારીઓ

## લોકલના ફર્સ્ટ ક્લાસ કોચમાં ચઢ્યા, પણ કોઇએ રોક્યા નહીં

## આંદોલનના બદલે મુંબઈ દર્શન કરતા જોવા મળ્યા મરાઠાઓ

## ફૂડ સ્ટોલમાં ખાવાનું તો ઠીક, પાણીની બોટલો પણ ના મળી

(તસવીરોઃ અમય ખરાડે)



## જરાંગેની ભૂખ હડતાળ શરૂ

મુંબઈઃ મરાઠા આરક્ષણ આંદોલનના નેતા મનોજ જરાંગેએ શુક્રવારે દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં અચોક્કસ મુદતની ભૂખ હડતાળ શરૂ કરી હતી. સમુદાયની માગણીઓ માન્ય નહીં થાય ત્યાં સુધી શહેર નહીં છોડવાની તેમણે પ્રતિજ્ઞા લીધી હતી. સવારે ૧૦ વાગ્યે ઉપવાસ શરૂ કરી જરાંગેએ કહ્યું હતું કે ‘પ્રાણ જાય તોય પરવા નથી, પણ આ વખતે પીછેહઠ નહીં કરું અમારી માંગણીઓ નહીં સ્વીકારાય ત્યાં સુધી અમે મુંબઈથી નીકળશું નહીં.’

મરાઠા દેખાવકારો આઝાદ મેદાન તરફ પ્રયાણ કરી રહ્યા હતા ત્યારે નોકરી - ધંધા માટે ઓફિસ જઈ રહેલા હજારો લોકોને અગવડ થઈ હતી. શહેરના દક્ષિણ અને પૂર્વ ભાગમાં ટ્રાફિક ધીમો પડી ગયો હતો.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને તેની આસપાસના વિસ્તારોમાં ભીડ થવાને કારણે નરીમાન પોઇન્ટ અને ક્રોફોર્ડ માર્કેટ જેવા વ્યવસાયિક વિસ્તારોમાં બેસ્ટની બસો અથવા ટેક્સીઓમાં આવતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ વિરોધ પ્રદર્શન સ્થળ પર પહોંચ્યા

(જુઓ પાનું ૪) ▸▸

## વરસાદ અને આંદોલનને કારણે ‘રખડી’ પડ્યા મુંબઈગરાઓ

### અનિવાર્ય હોય તો જ ટ્રાવેલ કરવાની રેલવેની અપીલ, અમુક ઓફિસ વહેલી છોડવાને કારણે સ્ટેશનો પર હકડેઠઠ ભીડ, મહિલાઓ પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મરાઠા સમાજને અનામત આપવા મુદ્દે મનોજ જરાંગેએ મુંબઈના આઝાદ મેદાન ખાતે હજારો કાર્યકરો સાથે કૂચ કર્યા પછી દક્ષિણ મુંબઈના મહત્ત્વના વિસ્તારોમાં ટ્રાફિક જામ સર્જાયો હતો, જ્યારે મધ્ય રેલવેએ પણ બિનજરૂરી પ્રવાસ નહીં કરવાની પણ પ્રવાસીઓને અપીલ કરી હતી. વહેલી સવારથી બપોર સુધી મુંબઈના ફોર્ટ વિસ્તાર, કોબાલા, ચર્ચગેટ, સીએસએમટી સહિત અન્ય વિસ્તારોમાં હજારો કાર્યકરોએ કૂચ કરતા તમામ વિસ્તારોમાં વાહનોના જામ લાગ્યા હતા, જ્યારે સ્થાનિકોને પણ બહાર જવામાં તકલીફ પડી હતી, જ્યારે બેસ્ટની પણ મર્યાદિત બસસેવાને કારણે મુંબઈગરાઓ રખડી પડ્યાં હતા.

### નરિમાન પોઈન્ટ, ફોર્ટ, કાલબાદેવી, ક્રોફર્ડ માર્કેટના વિસ્તારોમાં જોરદાર ભીડ

મુંબઈના આઝાદ મેદાન ખાતે મનોજ જરાંગેને સમર્થન આપવા માટે હજારો કાર્યકરો મુંબઈ પહોંચવાને કારણે મુંબઈ આવનારા હજારો વાહનચાલકોને ટ્રાફિકજામનો સામનો કરવો પડ્યો હતો, તેમાંય વળી ચર્ચગેટ અને સીએસએમટી આવનારાને. દરમિયાન બપોર પછી ભારે વરસાદને કારણે મોટા ભાગના કાર્યકરોએ રેલવે સ્ટેશનમાં આશરો લેવાને કારણે

(જુઓ પાનું ૪) ▸▸

# મરાઠા આંદોલન કે મુંબઈ દર્શન



(તસવીરોઃઅમય ખરાડે)

મુંબઈઃ મનોજ જરાંગે પાટિલ શુક્રવારે મરાઠા અનામતની માંગણી માટે આઝાદ મેદાન પહોંચ્યા હતા અને મરાઠા વિરોધીઓએ મુંબઈમાં હંગામો શરૂ કર્યો હતો. આઝાદ મેદાન અને આસપાસના વિસ્તારોમાં પ્રદર્શનકારીઓની ભારે ભીડ જોવા મળી હતી. કેટલાક પ્રદર્શનકારીઓ ભગવી ટોપીઓ અને ભગવા સ્ટ્રોલ પહેરીને દક્ષિણ મુંબઈમાં પર્યટનની મજા માણી રહ્યા હતા. પ્રદર્શનકારીઓએ ગેટવે ઓફ ઈન્ડિયા, નરીમાન પોઈન્ટ, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ અને નજીકના પર્યટન સ્થળોની મુલાકાત લીધી હતી, મંત્રાલય, વિધાન પરિષદ, જીવન વીમા નિગમ અને અન્ય કચેરીઓની પ્રાચીન વારસાગત ઇમારતો, સાગર કિનારો, મલબાર હિલ વિસ્તારમાં પણ આ કાર્યકર્તાઓ જોવા મળ્યા હતા.

કાર્યકરોના જૂથો આઝાદ મેદાનમાં ઉમટી પડ્યા હતા. આઝાદ મેદાન અને આસપાસના વિસ્તારમાં ઊભા રહેવાની પણ જગ્યા નહોતી. અંતે, કેટલાક કાર્યકરોએ વિરોધ સ્થળ છોડી દીધું અને મુંબઈ દર્શન શરૂ કર્યું હતું.

સીએસએમટી વિસ્તારમાં વિરોધ પ્રદર્શનમાં હાજરી આપ્યા પછી, કાર્યકરોના કેટલાક જૂથો ગેટવે ઓફ ઈન્ડિયા, નરીમાન પોઈન્ટ, મરીન ડ્રાઈવ બીચથી મલબાર હિલ સુધીના વિસ્તારમાં ફરતા જોવા મળ્યા. દક્ષિણ મુંબઈના પર્યટન સ્થળોની મુલાકાત લેતી વખતે, કેટલાક વિરોધીઓ મૂંઝવણમાં હતા કારણ કે તેઓ પોતાનો રસ્તો ભૂલી ગયા હતા. પછી, તેઓ મુંબઈકરોને પૂછી રહ્યા હતા કે આઝાદ મેદાન કેવી રીતે પહોંચવું. તે પછી, તેઓ ફરીથી આઝાદ મેદાન તરફ જઈ રહ્યા હતા.

### ▸ ફેરિયાઓ બંધ

હોકર્સના સ્ટોલ બંધ હોવાથી, તેઓ પાણીની સાદી બોટલ પણ ખરીદી શક્યા નહીં. કેટલીક જગ્યાએ, એવું જોવા મળ્યું કે હોકરોએ સલામતીના કારણોસર તેમના સ્ટોલ અને સ્ટેન્ડ બંધ રાખવાનું પસંદ કર્યું. જો કે, આનાથી વિરોધીઓ માટે સમસ્યાઓ ઊભી થઈ કારણ કે તેમને ક્યાંય ખોરાક મળી શક્યો નહીં.

પ્રદર્શનકારીઓએ આરોપ લગાવ્યો હતો કે પોલીસ દુકાનો અને સ્ટોલ બંધ કરીને તેમનું દમન કરી રહી છે. નરીમાન પોઈન્ટ વિસ્તારમાં ફેરિયાઓએ તેમની દુકાનો બંધ રાખી હોવાથી ગુસ્સે ભરાયેલા પ્રદર્શનકારીઓએ બપોરે થોડા સમય માટે રસ્તો રોકી દીધો હતો.

### ▸ વરસાદના કારણે મરાઠા આંદોલનકર્તાઓ પરેશાન

શુક્રવારે સવારે થયેલા ભારે વરસાદના કારણે મરાઠા અનામત માટેના આંદોલનકર્તાઓને આઝાદ મેદાન અને બહાર અસુવિધા થઈ હતી, જેના કારણે ઘણાને આશ્રય શોધવાની ફરજ પડી હતી.

કાર્યકર્તા મનોજ જરાંગેના આંદોલન માટે શહેરમાં આવેલા ઘણા વિરોધીઓ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તરફ દોડી ગયા હતા, જ્યારે અન્ય લોકોએ ભીના થવાથી બચવા માટે બીએમસી હેડક્વાર્ટરના મંડપ નીચે, સીએસએમટી સબવેની અંદર અને નજીકના બસ સ્ટોપ પર આશ્રય લીધો હતો.

સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ વરસાદ શરૂ થયો અને લગભગ ૧૦ મિનિટ સુધી ભારે રહ્યો.

જોકે, ઘણા મરાઠા સમુદાયના લોકો ભારે વરસાદનો સામનો કરીને વિરોધ સ્થળ પર રહ્યા હતા.



### ▸ ૫૦ રૂપિયામાં પીવાના પાણીની બોટલ

પ્રદર્શનકારો ધોધમાર વરસાદમાં ખાદ્ય પદાર્થોની શોધમાં ભટકતા હતા. કેટલીક જગ્યાએ ૨૦ રૂપિયાની પીવાના પાણીની બોટલ ૪૦થી ૫૦ રૂપિયામાં મળતી હતી, એમ કેટલાક પ્રદર્શનકારીઓએ જણાવ્યું હતું.

### ▸ મંત્રાલય સામે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા

વરસાદને અવગણીને, કેટલાક પ્રદર્શનકારીઓ મંત્રાલય સામે એકઠા થયા હતા. પ્રદર્શનકારીઓએ મંત્રાલય સામે સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા. પ્રદર્શનકારીઓ સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું અને ચોપાટી તરફ આગળ વધ્યા હતા.

### ▸ ‘મેદાનમાં કાદવ... કાદવમાં કાર્યકરો’

વરસાદને કારણે આઝાદ મેદાનમાં બધે કાદવ-કીચડ બની ગયું છે. કાર્યકરો માટે બેસવાની કોઈ વ્યવસ્થા નહોતી. તેથી, કાર્યકરો કાદવની પરવા કર્યા વિના મેદાનમાં બેસી ગયા હતા. ભારે વરસાદમાં કાર્યકરો ઉભા હતા. ઘણા કાર્યકરો અલગ અલગ જગ્યાએ રસ્તા પર બેઠા હતા. આને કારણે ટ્રાફિક સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો.

### ▸ બિસ્કિટના પેકેટ અને ફરસાણના પેકેટ મેળવવા માટે ઊમટી પડ્યા

મરાઠા આંદોલનકારીઓ બપોરના ભોજન માટે સૂકા નાસ્તા પર આધાર રાખવો પડ્યો હતો અને બિસ્કિટના પેકેટ અને ફરસાણના પેકેટ ખરીદવા માટે વિરોધીઓએ રીતસર પડાપડી કરી હતી. મોટાભાગના મરાઠા આંદોલનકારીઓએ ટેમ્પોમાં જ ખીચડી અને ચા બનાવી હતી. ઘણા લોકો ઘરેથી લાવેલી ચટણી અને રોટલી ખાઈ રહ્યા હતા. કેટલાક લોકો મોટી માત્રામાં બિસ્કિટ અને ફરસાણના પેકેટો લાવ્યા હતા. આ સૂકો નાસ્તો લેવા માટે મરાઠા આંદોલનકારીઓનું ટોળું એકઠું થયું હતું.

### ▸ જરાંગેના અનશનને કયા રાજકીય નેતાઓનું સમર્થન?

#### ▸ શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથ

૧) ઓમરાજે નિમ્બાલકર - સાંસદ, ધારાશિવ લોકસભા મતદારસંઘ
૨) કૈલાસ પાટીલ - વિધાનસભ્ય, ધારાશિવ-કલમ્બ વિધાનસભા
૩) સંજય ઉર્ફે બંધુ જાધવ - સાંસદ, પરભણી લોકસભા

#### ▸ રાષ્ટ્રવાદી અજિત પવાર જૂથ

૧) વિજયસિંહ પંડિત - વિધાનસભ્ય, ગેવરાઈ વિધાનસભા
૨) પ્રકાશ સોલંકે - વિધાનસભ્ય, માજલગાંવ વિધાનસભા
૩) રાજેશ વિટેકર - વિધાનસભ્ય, પાથડી વિધાનસભા
૪) રાજુ નવઘરે - વિધાનસભ્ય - વસમત વિધાનસભા

#### ▸ શેતકરી કામદાર પાર્ટી

૧) ડૉ. બાબાસાહેબ દેશમુખ, વિધાનસભ્ય, સંગોલા વિધાનસભા

#### ▸ રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથ

૧) ઉત્તમરાવ જાનકર, વિધાનસભ્ય, માળશિરસ વિધાનસભા
૨) નારાયણ આબા પાટીલ, વિધાનસભ્ય કરમાળા વિધાનસભા
૩) બજરંગ સોનાવણે સાંસદ, બીડ લોકસભા
૪) સંદીપ ક્ષીરસાગર વિધાનસભ્ય, બીડ વિધાનસભા ■

### ▸ જરાંગેના આંદોલનથી ભાજપના નેતાઓ ચિંતિત

મનોજ જરાંગે ફરી એકવાર અનામતની માંગણી સાથે આંદોલન શરૂ કર્યું હોવાથી ભાજપની ચિંતા વધી ગઈ છે. બીજી તરફ મહાયુતિમાં સહયોગી એકનાથ શિંદેની શિવસેના પોતાને લડાઈથી દૂર રાખવાનો પ્રયાસ કરી રહી છે. ગયા વર્ષે લોકસભા ચૂંટણીમાં મરાઠા મતદારોએ ભાજપથી દૂરી બનાવી હતી. જોકે, ત્યારબાદની વિધાનસભા ચૂંટણીમાં, ભાજપે તત્કાલીન મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો હાથ પકડીને આ મતદારોને પાછા પોતાના પક્ષમાં લાવ્યા. આ અઠવાડિયાની શરૂઆતમાં, જ્યારે મનોજ જરાંગેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને તેમની માતા વિશે અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો (તેમણે પાછળથી નિવેદન પાછું ખેંચી લીધું), ત્યારે એકનાથ શિંદે અને તેમના પક્ષના નેતાઓએ તેના પર પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું હતું.

## આજની પરવાનગી અપાઈ

મુંબઈઃ દશ્રિણ મુંબઈના આઝાદ મેદાન ખાતે મરાઠા અનામત માટે મનોજ જરાંગેને શનિવારે પણ ભૂખ હડતાળ ચાલુ રાખવાની મુંબઈ પોલીસે પરવાનગી આપી હતી.

શુક્રવાર સવારથી આમરણ ઉપવાસ શરૂ કરનારા જરાંગેને માત્ર એક દિવસ માટે મેદાનમાં બેસવાની પરવાનગી આપવામાં આવી હતી. મુંબઈ હાઇ કોર્ટના નિર્દેશ મુજબ પરવાનગી સાંજે છ વાગ્યે સમાપ્ત થઇ ગઇ હતી, પણ આયોજકો દ્વારા (જુઓ પાનું ૪) ▸▸

## અન્ય સમુદાયોના અનામત સાથે કોઈ બાંધછોડ નહીંઃ શિંદે

થાણેઃ ઓબીસી સમુદાયનું આરક્ષણ ઘટાડીને મરાઠા સમાજને આરક્ષણ મળે એવી મરાઠા સમાજની ભૂમિકા નથી. મરાઠા સમુદાય માટે જે કંઈ કરી શકાય તે કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં સરકારને જે સૂચનો કરવામાં આવશે, તે સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે. જો કોઈ માંગ યોગ્ય કાયદેસર અને નિયમો અનુસાર હશે તો સરકાર એ અંગે સકારાત્મક છે, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું.

‘‘મરાઠા સમુદાયને ૧૦ ટકા અનામત આપવાની

(જુઓ પાનું ૪) ▸▸

## બંધારણીય રીતે માન્ય ઉકેલ શોધાશેઃ ફડણવીસ

મુંબઈઃ મુંબઈમાં મરાઠા અનામત માટે કાર્યકર્તા મનોજ જરાંગેએ શુક્રવારે ભૂખ હડતાળ શરૂ કરી હતી, ત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે આ મુદ્દા પર રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલી કેબિનેટ સબ-કમિટી તેમની માગણીઓ પર ચર્ચા કરી રહી છે અને બંધારણીય માળખામાં ઉકેલ શોધી કાઢવામાં આવશે.

દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં માત્ર એક દિવસ માટે વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી આપવામાં આવેલા જરાંગેએ વિરોધ ચાલુ રાખવા માટે નવી પરવાનગી માગી છે અને પોલીસ તેના પર સકારાત્મક વિચાર કરશે, એમ પણ ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે રાજ્ય વહીવટીતંત્ર બોમ્બે હાઈકોર્ટના નિર્દેશો અનુસાર કામ કરી રહ્યું છે અને તેના આદેશોનું પાલન કરવું પડશે.

‘મરાઠા સમુદાયને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સત્તા

(જુઓ પાનું ૪) ▸▸

## મનોજ જરાંગે પાટીલને સમર્થન આપનારા ત્રણ પક્ષના વિધાનસભ્યો ક્યા?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મરાઠા અનામત માટે સત્તાધારી મહાયુતિના ઘટકપક્ષ અને બે વિરોધી પક્ષના વિધાનસભ્યે મનોજ જરાંગે પાટીલની આઝાદ મેદાનમાં મુલાકાત લીધી હોવાના સમાચાર મળી રહ્યા છે.

મરાઠા સમાજનું આંદોલન ચાલુ થયા પછી સૌથી પહેલાં એનસીપીના બે વિરોધી જૂથો અજિત પવાર જૂથ અને શરદ પવાર જૂથના બીડના વિધાનસભ્ય આઝાદ મેદાનમાં તેને મળવા માટે પહોંચી ગયા હતા.

શરદ પવાર જૂથના નેતા અને રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન સંદીપ ક્ષીરસાગર આઝાદ મેદાનમાં મનોજ જરાંગે-પાટીલને મળવા પહોંચ્યા હતા અને થોડી જ વારમાં તેમના હરીફ અજિત પવાર જૂથના પ્રકાશ સોલંકે પણ આઝાદ મેદાન પહોંચ્યા હતા. બંનેએ મનોજ જરાંગે સાથે ખાસ્સી વાર ખાનગીમાં ચર્ચા કરી હતી.

### ▸ અટલ સેતુ પર પણ ટ્રાફિક જૅમ...

મનોજ જરાંગેનું મરાઠા અનામત માટેનું આંદોલન આઝાદ મેદાન ખાતે શરૂ થયું અને રાજ્યભરના મરાઠા વિરોધીઓ શુક્રવારે સવારથી જ આ આંદોલનમાં ભાગ લેવા અને આંદોલનને સમર્થન આપવા માટે વાહનોમાં મુંબઈ તરફ આવી રહ્યા છે. ઘણા આંદોલનકર્તા મુંબઈ ઝડપથી પહોંચવા માટે અટલ સેતુ શિવરી-ન્હાવા શેવા સી લિંક્નો વિકલ્પ પસંદ કર્યો હતો. આ કારણે, સવારથી જ અટલ સેતુ પર મોટો ટ્રાફિક જામ થઈ ગયો હતો.

### ▸ સેલ્ફી, ફોટોગ્રાફી અને નૃત્ય

કાર્યકર્તાઓ ‘એક મરાઠા લાખ મરાઠા’, ‘જય ભવાની જય શિવાજી’ જેવા નારા લગાવી રહ્યા હતા. ઘણા લોકો સેલ્ફી અને ફોટોગ્રાફી લઈ રહ્યા છે. ઘણા લોકો ઢોલ-નગારા લઈને રસ્તા પર નાચતા જોવા મળ્યા હતા.

## મરાઠાઓ મુંબઈ ન આવે તો શું સુરત કે ગુવાહાટી જાય?ઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈઃ મનોજ જરાંગે પાટીલે મરાઠા અનામત માટે શુક્રવારે સવારે ૧૦ વાગ્યાથી મુંબઈના આઝાદ મેદાનમાં ઉપવાસ શરૂ કર્યા હતા. રાજ્યભરમાંથી વિવિધ મરાઠા સમુદાયના દેખાવકારો મુંબઈ પહોંચી ગયા હતા. દરમિયાન, મનોજ જરાંગેના વિરોધ પર ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને ઠાકરે જૂથના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ મરાઠાઓને ઓબીસીમાંથી અનામત આપવી જોઈએ? સહિત કેટલીક બાબતો અંગે પ્રતિક્રિયા

(જુઓ પાનું ૪) ▸▸

## દક્ષિણ મુંબઈમાં જનજીવન ઠપ્પ

મુંબઈઃ મરાઠા અનામત માટે શુક્રવારે મુંબઈના આઝાદ મેદાન ખાતે અનશન પર બેઠેલા મનોજ જરાંગે-પાટિલ અને તેમના સમર્થકોએ જાણે મુંબઈ અને મુંબઈગરાને બાનમાં લીધા હોય એમ ઠેર ઠેર ટ્રાફિક જામ, રોડ બ્લોકિંગ, વાહનોની અવરજવર પર રોક જેવી સમસ્યાઓથી મુંબઈગરા હેરાન-પરેશાન થઈ ઉઠ્યા છે હતા. આંદોલકોએ મુંબઈના મહત્ત્વના રસ્તા પર ધરણા કરી રહ્યા હતા.

### બે કલાકની અંદર મુંબઈ ખાલી કરોઃ જરાંગેની અપીલ

આઝાદ મેદાન ખાતે મરાઠા અનામત માટે આંદોલન કરી રહેલાં મનોજ જરાંગે પાટીલે પોતાના સંબોધનમાં સમર્થકોને બે કલાકની અંદર મુંબઈ ખાલી કરવાનું આહ્‌વાન કર્યું હતું. એટલું જ નહીં તેમણે અમુક સમર્થકોને નવી મુંબઈના વાશી ખાતે જઈને આંદોલન કરવા પણ જણાવ્યું હતું, પરંતુ તેમ છતાં સમર્થકો મોટી સંખ્યામાં મુંબઈ ખાતે જ પહોંચીને મુંબઈના અનેક રસ્તાઓ (જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈમાં વરસાદની હાજરી, પણ લાતુર અને નાંદેડ પાણીમાં ડૂબ્યા

મુંબઈઃ છેલ્લા અમુક દિવસથી જોર ઘટ્યા પછી વરસાદે ગુરુવાર રાતથી રાજ્યને ભીંજાવી નાખ્યું હતું. મુંબઈ અને આસપાસના પરિસરોમાં વરસાદની દિવસભર હાજરી રહી હતી, પણ લાતુર અને નાંદેડમાં મુશળધાર વરસાદને કારણે જનજીવન ખોરવાયું હતું. ઠેર ઠેર પાણીમાં ફસાયેલા લોકોને બચાવવા માટે લશ્કર અને બીએસએફની મદદ લેવામાં આવી હતી. મુંબઈમાં ગુરુવાર રાતથી ધીમી ધારે વરસતા વરસાદે શુક્રવારે પણ એવો જ મિજાજ રાખ્યો હતો, જેને પગલે વાતાવરણમાં ઠંડક ફેલાઈ હતી. હવામાન ખાતાએ બપોર

(જુઓ પાનું ૪) ▸▸

## પોલીસ કાર્યવાહીનો ડર બતાવી વૃદ્ધા પાસેથી ૧.૨૬ કરોડ રૂપિયા પડાવ્યાઃ બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુનેગારી કૃત્યમાં સંડોવણીનું જુઠ્ઠાણું ચલાવ્યા બાદ પોલીસ કાર્યવાહીનો ડર બતાવી વૃદ્ધા પાસેથી ૧.૨૬ કરોડ રૂપિયા કથિત રીતે પડાવનારી સાયબર ફ્રોડ ટોળકીના બે સભ્યની પોલીસે ધરપકડ કરી હતી.

વેસ્ટ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ રોહિત સંજય સોનાર (૩૩) અને

(જુઓ પાનું ૪) ▸▸

# ચાર બૉલમાં ચાર વિકેટ, પાંચ રનમાં પાંચ

## દુલીપ ટ્રોફીમાં જમ્મુ-કાશ્મીરના પેસ બોલરનો વિક્રમ

બેંગલૂરુ: ચાર દિવસની દુલીપ ટ્રોફી ક્વૉર્ટર ફાઇનલમાં શુક્રવારના બીજા દિવસે નોર્થ ઝોનના ૨૮ વર્ષીય પેસ બોલર ઑકિબ નબીએ કમાલનું પર્ફોર્મ કર્યું હતું. તેણે એક તબક્કે ઈસ્ટ ઝોનની ઇનિંગ્સમાં ચાર બૉલમાં ચાર વિકેટ લીધી હતી. એ તેનો બોલિંગનો બીજો સ્પેલ હતો અને એમાં તેણે ફક્ત પાંચ રનમાં પાંચ વિકેટ લીધી હતી જેમાં સતત ચાર વિકેટનો સમાવેશ હતો. હૅટ-ટ્રિકના તરખાટ સહિત નબીએ ૧૦.૧ ઓવરમાં ૨૮ રનના ખર્ચે કુલ પાંચ વિકેટ લીધી હતી.

નોર્થ ઝોનના ૪૦૫ રનના જવાબમાં ઈસ્ટ ઝોનની ટીમ નબીના જાદુઈ પર્ફોર્મન્સને લીધે ૨૩૦ રનમાં ઑલઆઉટ થઈ હતી. દુલીપ ટ્રોફીની એક ઇનિંગ્સમાં ચાર બૉલમાં ચાર વિકેટ લેનાર નબી ઉપરાંત સફળ થયેલા નોર્થ ઝોનના બીજા બોલર્સમાં એશિયા કપ માટે સિલેક્ટ થયેલા હર્ષિત રાણાએ બે વિકેટ તેમ જ અર્શદીપ સિંહે એક વિકેટ લીધી હતી.

નબી જમ્મુ-કાશ્મીરનો છે. તેણે જે હૅટ-ટ્રિક લીધી એમાં પહેલાં તો વિરાટ સિંહ નામના બૅટ્સમૅનને પૅવિલિયનમાં મોકલ્યો હતો. ત્યાર પછીના બે બૉલમાં તેણે મનિશી અને મુખ્તાર હુસેનની વિકેટ લીધી હતી. તેની ઓવર ત્યારે પૂરી થઈ હતી અને પછીની ઓવરના પહેલા જ બૉલમાં તેણે સૂરજ સિંધુ જયસ્વાલને આઉટ કર્યો હતો. મોહમ્મદ શમીની ૧૦મી વિકેટ (નબીની પાંચમી) નબીએ જ લીધી હતી અને એ સાથે નબીના નામે પાંચ વિકેટ થઈ હતી.

દરમ્યાન બીજી ક્વૉર્ટર ફાઇનલમાં નોર્થ ઈસ્ટ ઝોન સામે સેન્ટ્રલ ઝોનના પ્રથમ દાવના ૫૩૨/૪ ડિક્લેર્ડ સામે નોર્થ ઈસ્ટ ઝોને ૧૬૮ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી. સાતમાંથી ત્રણ વિકેટ સેન્ટ્રલના પેસ બોલર આદિત્ય શૈલેષ ઠાકરેએ લીધી હતી. તેણે પોતાની લાગલગાટ ત્રણ ઓવરમાં ત્રણ બૅટ્સમેનને આઉટ કર્યા હતા. ■





ચાર બૉલમાં ચાર વિકેટ લેનાર ઑકિબ નબી (એકદમ ઉપર) અને એક વિકેટ બાદ અર્શદીપ સિંહ તથા સાથીઓ. (પીટીઆઇ)

# એશિયા કપ હૉકી: ભારતીય ટીમના નીરસ દેખાવ સાથે વિજયી શ્રીગણેશ

## કૅપ્ટન હરમનપ્રીત સિંહની ગોલની હૅટ-ટ્રિક, ચીનને ભારતે ૪-૩થી હરાવ્યું

રાજગીર (બિહાર): યજમાન ભારતની મેન્સ હૉકી ટીમે અહીં એશિયા કપમાં ઊતરતા ક્રમના ચીનને ૪-૩થી હરાવીને વિજયી શરૂઆત કરી તો હતી, પરંતુ હરમનપ્રીત સિંહના સુકાનમાં ભારતનો દેખાવ સંતોષજનક નહોતો. અન્ય મૅચોમાં મલયેશિયાએ બાંગ્લાદેશને ૪-૧થી અને કોરિયાએ ચાઇનીઝ તાઇપેઇને ૭-૦થી કચડી નાખ્યું હતું.

ચીન સામેની મૅચમાં ભારતના કૅપ્ટન હરમનપ્રીત સિંહે ગોલની હૅટ-ટ્રિક કરી હતી. જુગરાજ સિંહે ૧૮મી મિનિટમાં ભારતને પ્રથમ ગોલ અપાવીને સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો ત્યાર બાદ હરમનપ્રીતે ૨૦, ૩૩ અને ૪૭મી મિનિટમાં ત્રણ પેનલ્ટી કૉર્નરમાંથી ગોલ કરીને ભારતને મોટી સરસાઈ અપાવી હતી.

ચીન વતી ૧૨મી, ૩૫મી અને ૪૧મી મિનિટમાં અનુક્રમે શિહાઓ ડુ, બેન્હાલ ચેન અને જિશેન્ગ ગાઓએ ગોલ કર્યો હતો. ચીનની ઊતરતા ક્રમની ટીમ સામે ભારતીયોને કુલ ૧૧ પેનલ્ટી કૉર્નર મળ્યા હતા જેમાંથી માત્ર ચાર કૉર્નર ગોલમાં પરિવર્તિત થઈ શક્યા હતા. હવે ભારતનો રવિવારે જાપાન સામે મુકાબલો છે.

બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમાર ભારત-ચીનની મૅચ જોવા આવ્યા હતા. તેમણે મૅચના આરંભ પહેલાં રાષ્ટ્રીય ખેલ દિન નિમિત્તે મેજર ધ્યાનચંદને અંજલિ આપી હતી. ■



હરમનપ્રીત સિંહે ઉપરાઉપરી ત્રણ ગોલ કર્યા હતા. (પીટીઆઇ)

# ચેતેશ્વર પુજારાને કોચ બનવું છે

નવી દિલ્હી: ટેસ્ટ-સ્પેશ્યાલિસ્ટ બૅટ્સમૅન ચેતેશ્વર પુજારાએ શાનદાર આંતરરાષ્ટ્રીય કારકિર્દીને ગુડબાય કરી દીધી એના ગણતરીના જ કલાકો બાદ એક મુલાકાતમાં કહ્યું છે કે થોડા મહિનાઓથી તે કૉમેન્ટેટર બન્યો છે જે કામ તેને ખૂબ ગમ્યું છે અને હવે તે કોચિંગ આપવાની તક મળે તો એ પણ ઝડપી લેવા માગે છે.

પુજારાને બેંગલૂરુમાં બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સેન્ટર ઑફ એક્સેલન્સ (સીઓઇ)માં કોઈ પ્રકારની જવાબદારી સોંપવામાં આવે તો એ પણ સ્વીકારવા તે તૈયાર છે.

૩૭ વર્ષના પુજારાએ ૧૦૩ ટેસ્ટમાં ૭,૦૦૦-પ્લસ રન કર્યા હતા. તેણે પીટીઆઇને મુલાકાતમાં કહ્યું, 'મને કૉમેન્ટરી આપવાનું ખૂબ ગમ્યું. એ કામ હું ચાલુ જ રાખીશ. મને કોચિંગ આપવાનું કામ મળશે તો એ કરવું પણ મને ખૂબ ગમશે. એ નવા કામ વિશે મેં ઊંડાણથી વિચાર તો નથી કર્યો, પણ જો તક મળે એ ઝડપી લેવા માગું છું. ટૂંકમાં, હું કોઈ પણ રીતે ભારતીય ક્રિકેટને યોગદાન આપવા માગું છું.'

યુવાન ખેલાડી માટેના સંદેશમાં પુજારાએ કહ્યું, 'ખરા અર્થમાં કહીએ એવા ક્લાસિકલ ટેસ્ટ બૅટ્સમૅન હવે ભાગ્યે જ જોવા મળે છે. એવા બૅટ્સમૅન બનવાની તક યુવાન ખેલાડીએ ઝડપી લેવી જોઈએ. જોકે હવે સમય બદલાઈ પણ ગયો છે એટલે એને અનુરૂપ આગળ વધવું જોઈએ. યુવાન ખેલાડીએ ત્રણેય ફૉર્મેટમાં રમવું જોઈએ, કારણકે હવે વાઇટ-બૉલ ક્રિકેટ વધુ રમાતી હોય છે.' ■



# શ્રીસાન્તને હરભજનનો તમાચો: કદી ન જોવા મળેલો ફોટો વાઇરલ

નવી દિલ્હી: ભારતના ભૂતપૂર્વ ઑફ-સ્પિનર અને મુંબઈ ઇન્ડિયન્સ સહિત કેટલીક ટીમો વતી રમી ચૂકેલા હરભજન સિંહે ૨૦૦૮ની પ્રથમ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં કિંગ્સ ઇલેવન પંજાબના ખેલાડી એસ. શ્રીસાન્તને એક મૅચ બાદ લાફો ઝીંકી દીધો હતો એનો અગાઉ બહાર ન આવેલો વીડિયો તેમ જ ફોટો હાલમાં વાઇરલ થયો છે.

આઇપીએલના ભૂતપૂર્વ ચૅરમૅન લલિત મોદીએ 'સ્લૅપ-ગેટ' તરીકે ઓળખાતી એ ઘટનાને લગતા અગાઉ ક્યારેય ન જોવા મળેલી વીડિયો-ફૂટેજ પોતાની પાસે હોવાનો દાવો તાજેતરમાં એક ઇન્ટરવ્યૂ દરમ્યાન કર્યો હતો.

૨૦૦૮ની એ મૅચ કિંગ્સ ઇલેવન પંજાબ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મોહાલીમાં રમાઈ હતી. પંજાબના વિજય બાદ બન્ને ટીમના ખેલાડીઓ એકમેક સાથે હાથ મિલાવી રહ્યા હતા ત્યારે શ્રીસાન્ત સામે આવતાં હરભજન સિંહે તેને અચાનક તમાચો મારી દીધો હતો. આ ઘટનાને પગલે લાઇવ ટેલિકાસ્ટમાં શ્રીસાન્ત ધ્રુસ્કે ધ્રુસ્કે રડી રહેલો જોવા મળ્યો હતો.

ભજ્જી અને શ્રીસાન્ત વચ્ચેના અણબનાવ વચ્ચેની શરૂઆત કેવી રીતે થઈ એની ખાસ કંઈ વિગતો બહાર નથી આવી, પણ કહેવાય છે કે શ્રીસાન્ત મૅચ દરમ્યાન એવું કંઈક બોલ્યો હતો જેનાથી હરભજન ઉશ્કેરાયો હતો અને છેલ્લે અલગ પડતાં પહેલાં તેણે શ્રીસાન્તને તમાચો મારી દીધો હતો.

હરભજનને ત્યારે સીઝનની બાકીની મૅચોમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. તેની મૅચ ફી પણ જપ્ત કરી લેવામાં આવી હતી. પછીથી હરભજને માફી માગી હતી અને બન્ને પ્લેયર વચ્ચે સમાધાન પણ થઈ ગયું હતું, પરંતુ એ ઘટના હજીયે ચર્ચાય છે.

લલિત મોદીએ ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સુકાની માઇકલ ક્લાર્કને થોડા અઠવાડિયા પહેલાં એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ' મારો એક સિક્યૉરિટી કૅમેરા ઑન હતો, કારણકે ત્યારે હું મેદાન પર જ હતો. હરીફ ટીમના ખેલાડીઓ એકબીજા સાથે હાથ મિલાવી રહ્યા હતા ત્યારે ભજ્જીએ શ્રીસાન્ત સામે જરાક જોયું, તેને કંઈક કહ્યું અને ઊંધા હાથની એક લગાવી દીધી હતી. ફૂટેજમાં આ બધું જોવા મળે છે. મેં પોતે જ ૧૮ વર્ષ સુધી આ ફૂટેજ બહાર નહોતી પાડી, પણ હવે જાહેર કરી છે.' ■



# સરકારની લીલી ઝંડી છતાં ભારત-પાકિસ્તાન મૅચના મુદ્દે વિરોધ

**▶ ટીઝર બહાર પડ્યા બાદ હવે ૧૪મી સપ્ટેમ્બરની મૅચનો બહિષ્કાર કરવા ફરી માગણી ▶ બૅટિંગ-લેજન્ડ સેહવાગની પણ થઈ ટીકા**

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે આગામી નવમી સપ્ટેમ્બરે યુએઈમાં શરૂ થતા ટી-૨૦ એશિયા કપમાં પાકિસ્તાન સામેની ૧૪મી સપ્ટેમ્બરની મૅચ રમવા ભારતીય ટીમને મંજૂરી આપી છે છતાં આ મુકાબલાને લગતી જે પ્રમોશનલ ઍડ બહાર પાડવામાં આવી એ સામે ભારતમાંથી સોશ્યલ મીડિયા પર વિરોધ થઈ રહ્યો છે.

આ વિરોધ બીસીસીઆઈ અને સોની ચૅનલ સામેનો છે તેમ જ ભૂતપૂર્વ ક્રિકેટર વીરેન્દર સેહવાગની પણ ટીકા થઈ રહી છે. ટીઝરમાં ભારતના કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને પાકિસ્તાનના ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદી વચ્ચેનો મેદાન પરનો મુકાબલો તેમ જ બન્ને દેશ વચ્ચેની ટક્કરનો સેહવાગ દ્વારા પ્રચાર, આ બન્ને મુદ્દા પર સોશ્યલ મીડિયામાં કેટલાક વર્ગો વિરોધ કરી રહ્યા છે.

આ વર્ગના લોકો પાકિસ્તાન સામેની મૅચનો બહિષ્કાર કરવાની માગણી કરી રહ્યા છે.

ભારત એશિયા કપમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. ભારતે આઇસીસી તેમ જ ઑલિમ્પિક ચાર્ટરના અમુક નિયમોને અનુસરીને બહુરાષ્ટ્રીય સ્પર્ધામાં પાકિસ્તાન સામે રમવું જ પડે એમ છતાં મીડિયામાં કેટલાક વર્ગના લોકો એશિયા કપનો બહિષ્કાર કરવાની ચેતવણી આપી રહ્યા છે.

આ જ વર્ગના લોકો ૧૪મી સપ્ટેમ્બરના મુકાબલાનો અને એશિયા કપનો પ્રચાર કરવા બદલ સેહવાગની ટીકા કરી રહ્યા છે.

સેહવાગે જાહેરખબરમાં કહ્યું છે, 'હાલમાં ભારતીય ટીમ ટી-૨૦માં ટોચ પર છે. આ ફૉર્મેટમાં આપણે વર્લ્ડ ચૅમ્પિયન છીએ અને એશિયા કપમાં પણ આપણે સર્વશ્રેષ્ઠ છીએ. આપણી ટીમનો કેપ્ટન સૂર્યકુમાર યાદવ બહુ સારા ફૉર્મમાં છે. તેના સુકાનમાં અગાઉ આપણે ઘણી ટી-૨૦ મૅચ જીત્યા છીએ. આ બધું જોતાં આપણે જ એશિયા કપ જીતીશું એવી મને ખાતરી છે.' ■

# સૂર્યકુમાર ચાર સિક્સર ફટકારે એટલે રોહિતની બરાબરીમાં

## ટી-૨૦માં પોતાના નામે ૧૫૦ સિક્સર કરનાર બીજો ભારતીય બની જશે

નવી દિલ્હી: આઠ દેશ વચ્ચેની ટી-૨૦ એશિયા કપ સ્પર્ધા શરૂ થવાને ગણતરીના દિવસો બાકી છે અને આ સ્પર્ધામાં ભારતની પ્રથમ મૅચ ૧૦મી સપ્ટેમ્બરે યુએઇ સામે અને પછી બીજી મૅચ ૧૪મી સપ્ટેમ્બરે પાકિસ્તાન સામે રમાશે. અહીં વાત પહેલી બે મૅચ કોની સામે રમાશે એના કરતાં વધુ મહત્ત્વની બાબત એ છે કે કૅપ્ટન સૂર્યકુમાર યાદવને રોહિત શર્મા જેવી અપ્રતિમ સિદ્ધિ મેળવવાની તક છે.

માની લઈએ કે સૂર્યકુમાર પ્રથમ મૅચમાં કે પહેલી બે મૅચમાં કુલ ચાર સિક્સર ફટકારશે જ. જો એવું થશે તો સૂર્યકુમાર ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૫૦ સિક્સર પૂરી કરનાર રોહિત પછીનો બીજો ભારતીય બની જશે.

રોહિતે ગયા વર્ષે ભારતને ટી-૨૦ વર્લ્ડ કપ અપાવ્યા બાદ આ ફૉર્મેટની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી અને એ રિટાયરમેન્ટ સુધીમાં તેણે ટી-૨૦ ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં કુલ ૨૦૫ છગ્ગા ફટકાર્યા હતા. રોહિતનો આ વર્લ્ડ રેકૉર્ડ છે. બીજો કોઈ બૅટ્સમૅન ૧૭૫ સિક્સર પણ નથી ફટકારી શક્યો.

સૂર્યકુમાર યાદવના નામે ૧૪૬ સિક્સર છે. તે હવે ચાર છગ્ગા મારશે એટલે તેના નામે ૧૫૦ સિક્સર થઈ જશે અને ૧૫૦ કે વધુ સિક્સર ફટકારનાર વિશ્વનો પાંચમો અને ભારતનો બીજો ખેલાડી બની જશે. ૧૫૦ સિક્સરની સિદ્ધિ તેને વેસ્ટ ઇન્ડિઝના નિકોલસ પૂરન અને ઑસ્ટ્રેલિયાના ગ્લેન મૅક્સવેલની આગળ પણ કરી દેશે.

**ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં સૌથી વધુ કોની કેટલી સિક્સર**

| બૅટ્સમેન | સિક્સર |
|---|---|
| રોહિત શર્મા | ૨૦૫ |
| માર્ટિન ગપ્ટિલ | ૧૭૩ |
| મુહમ્મદ વસીમ | ૧૬૮ |
| જૉસ બટલર | ૧૬૦ |
| નિકોલસ પૂરન | ૧૪૯ |
| ગ્લેન મૅક્સવેલ | ૧૪૮ |
| સૂર્યકુમાર યાદવ | ૧૪૬ |

■

# રિઝવાન પડી જતાં તેની મજાક ઊડી, ' યૂં હી ફિસલ ગયે હા હા હા...'



બ્રિજટાઉન: વિકેટકીપર-બૅટ્સમૅન મોહમ્મદ રિઝવાન હજી થોડા સમય પહેલાં તો પાકિસ્તાની ટીમની કૅપ્ટન્સી સંભાળતો જોવા મળ્યો હતો અને અત્યારે હાલત એવી છે કે તે પાકિસ્તાનની ટીમમાં પણ નથી. એ તો ઠીક, કૅરિબિયન પ્રીમિયર લીગ (સીપીએલ)માં તે શર્મનાક રીતે આઉટ થઈ જતાં સોશ્યલ મીડિયામાં તેની ફિરકી પણ ઉતારવામાં આવી છે. મહાન પાર્શ્વગાયક કિશોરકુમારે ગાયેલું પ્રખ્યાત ગીત 'યૂં હી ફિસલ ગયે હા હા હા...' તેની વિકેટ સાથે જોડી દઈને તેની મજાક ઉડાડવામાં આવી છે.

નવમી સપ્ટેમ્બરથી યુએઇમાં શરૂ થનારા એશિયા કપ માટેની ટીમમાં બાબર આઝમ ઉપરાંત રિઝવાનનો પણ સમાવેશ નથી કરવામાં આવ્યો. તેની આ બાદબાકી બાદ હવે તેની વિકેટને લઈને તેની જે મજાક ઉડાડવામાં આવી એ દાઝ્યા પર ડામ દેવા સમાન છે.

તાજેતરમાં સેન્ટ કિટ્સ ઍન્ડ નેવિસ પૅટ્રિયટ્સ ટીમ વતી રમતી વખતે રિઝવાન બાર્બેડોઝ રૉયલ્સ સામેની મૅચમાં ફક્ત ત્રણ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. તે સસ્તામાં તો આઉટ થયો, પણ જે રીતે તેણે વિકેટ ગુમાવી એ બદલ તેની હાંસી ઉડાડવામાં આવી રહી છે.

રિઝવાન મજાકનું સાધન બની ગયો ત્યાર પછી સીપીએલમાં ફૉર્મમાં આવી ગયો એ વાત અલગ છે, પણ એ પહેલાં તેની સાથે શું બન્યું એની વાત કરીએ તો તે બાર્બેડોઝના બોલરના બૉલમાં સ્વીપ શૉટ મારવા ગયો (લોકલ ભાષામાં કહીએ તો ઝાડું મારવા ગયો) ત્યારે તેણે ખરાબ રીતે વિકેટ ગુમાવી હતી. તેણે સમતોલપણું ગુમાવ્યું અને ક્રીઝમાં નમી પડ્યો અને તેના સ્ટમ્પ્સની બેલ્સ ઊડી ગઈ હતી. તેની વિકેટ પરથી બાર્બેડોઝ રૉયલ્સે સોશ્યલ મીડિયામાં તેની વિકેટ વિશે આ ગીત સાથે મજાક ઉડાવી...' હાલ કૈસા હૈ જનાબ કા...ક્યા ખયાલ હૈ આપ કા....તુમ તો મચલ ગયે હો હો હો...યૂં હી ફિસલ ગયે હા હા હા...'■

# એશિયા કપમાં ગિલ v/s આફ્રિદી અને બુમરાહ v/s અયુબ

## ભારત-પાકિસ્તાન મુકાબલામાં આ ૧૦ ખેલાડી વચ્ચે થશે કાંટે કી ટક્કર

દુબઈ: નવમી સપ્ટેમ્બરે યુએઇમાં શરૂ થનારા ટી-૨૦ના એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે દુબઈમાં જોરદાર જંગ થશે અને એમાં બન્ને ટીમના કુલ મળીને ૧૦ ખેલાડી વચ્ચે કાંટે કી ટક્કર જેવી રસાકસી જોવા મળી શકે. બન્ને દેશે પોતપોતાની ટીમ જાહેર કરી દીધી છે. પાકિસ્તાનની ટીમમાં ઘણા નવા ખેલાડીઓ છે અને બહુ ઓછા જાણીતા ચહેરા છે, પરંતુ ભારતીય ટીમમાં એક એકથી ચડિયાતા મૅચ-વિનર છે. એ જોતાં સૌને આ મુકાબલો જોવાની વધુ મજા આવશે.

### ▶ શુભમન ગિલ વિરુદ્ધ શાહીન આફ્રિદી

પાકિસ્તાનનો ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદી સામાન્ય રીતે રાઇટ-હૅન્ડ બૅટ્સમેનોને સ્વિંગથી ખૂબ પરેશાન કરતો હોય છે. જોકે શુભમન ગિલ હાલમાં જબરદસ્ત ફૉર્મમાં છે. આઇપીએલમાં ૬૫૦ રન કર્યા બાદ તેણે ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં હાઇએસ્ટ ૭૫૪ રન કર્યા હતા. આ બન્ને ખેલાડી એકબીજાની સામે આવશે ત્યારે મૅચમાં રોમાંચ વધી જશે.



### ▶ હસન નવાઝ વિરુદ્ધ અર્શદીપ સિંહ

પાકિસ્તાનના વધુ એક યુવા બૅટ્સમૅન હસન નવાઝ પણ અગ્રેસિવ બૅટિંગ માટે પ્રખ્યાત છે. જોકે લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે નવા બૉલથી અનેક મોટા બૅટ્સમેનોને મુસીબતમાં મૂક્યા છે એ જોતાં નવાઝ કંઈ નવી નવાઇનો નથી. અર્શદીપ સામે ટકવું તેના માટે મુશ્કેલ થઈ જશે.

### ▶ જસપ્રીત બુમરાહ વિરુદ્ધ સઈમ અયુબ

પાકિસ્તાનનો યુવાન બૅટ્સમૅન સઇમ અયુબ પહેલા બૉલથી જ ફટકાબાજી કરવા માટે જાણીતો છે. જોકે આક્રમક સ્ટાઇલમાં રમીને રનમશીનને વેગ આપવાની ક્ષમતા ધરાવતા અયુબ સામે જસપ્રીત બુમરાહ આવશે ત્યારે ખરાખરીનો ખેલ જોવા મળશે. અયુબને બુમરાહ વારંવાર બીટ તો કરશે જ, તેને આસાનીથી રન પણ નહીં બનાવવા દે. આ બન્ને વચ્ચેનો જંગ જોવા જેવો હશે.

### ▶ સલમાન વિરુદ્ધ હાર્દિક પંડ્યા

એકંદરે ભારતીય બોલર્સમાં બુમરાહ કે અર્શદીપ કરતાં હાર્દિક પંડ્યા પાકિસ્તાની બૅટ્સમેનોને ટી-૨૦માં સૌથી વધુ ભારે પડ્યો છે એટલે તેની સામે સાવચેત રહેવાનું સલમાન આગાની ટીમનો એક પણ બૅટ્સમૅન નહીં ભૂલે. ખુદ સલમાન આગા પણ હાર્દિકની જેમ ઑલરાઉન્ડર છે. ફરક માત્ર એટલો છે કે હાર્દિક પેસ બોલિંગ ઑલરાઉન્ડર અને સલમાન સ્પિન ઑલરાઉન્ડર છે. ૧૪મી સપ્ટેમ્બરે આ બેમાંથી કયો ઑલરાઉન્ડર સફળ થશે એ જોવાની મજા પડી જશે.

### ▶ સૂર્યકુમાર વિરુદ્ધ અબ્રાર

સૂર્યકુમાર ભારતનો ટી-૨૦ કૅપ્ટન છે અને ૩૬૦ ડિગ્રી શૉટ માટે જાણીતા આ આક્રમક બૅટ્સમૅન સામે પાકિસ્તાનનો દરેક બોલર સાવધ થઈ જશે. ખાસ કરીને સ્પિનર અબ્રાર અહમદ પર મોટી જવાબદારી રહેશે, કારણકે તેણે ટી-૨૦ના વર્તમાન સમયના એવા સૌથી મહાન બૅટ્સમેનમાંના એક ખેલાડી સામે બોલિંગ કરવી પડશે જે સ્પિનર્સ પર સતત પ્રહાર કરવા માટે જાણીતો છે. સૂર્યાને અબ્રાર રોકશે કે બીજું કોઈ એ જોવું રહ્યું. જોકે સૂર્યાની ટીમને પાકિસ્તાનીઓ વિજય મેળવતી નહીં રોકી શકે એ લગભગ નક્કી છે. ■


# 30મી ઑક્ટોબરથી ચેસનો વર્લ્ડ કપ ભારતના ગોવામાં યોજાશે

પણજી: આગામી ૩૦મી ઑક્ટોબરથી ૨૭મી નવેમ્બર સુધી ગોવામાં ચેસનો ફિડે વર્લ્ડ કપ યોજાશે. આ વિશ્વ કપમાં ટોચના સ્થાને આવનારા ખેલાડીઓમાંથી ત્રણ ખેલાડીને આવતા વર્ષની ધ કૅન્ડિડેટ્સ સ્પર્ધામાં ભાગ લેવાનો મોકો મળશે.

ફિડે વર્લ્ડ કપમાં કુલ ૨૦ લાખ ડૉલર (અંદાજે ૧૮ કરોડ રૂપિયા)ના ઇનામ આપવામાં આવશે. ચેસની આ મહા સ્પર્ધામાં ભાગ લેનારા ૨૦૬ પ્લેયરમાં ભારતના ૨૧ ખેલાડી સામેલ હશે અને એમાં વર્તમાન વિશ્વ વિજેતા ડી. ગુકેશ તેમ જ ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન વિશ્વનાથન આનંદનો પણ સમાવેશ હશે એવી સંભાવના છે. વર્લ્ડ નંબર-વન મૅગ્નસ કાર્લસન, ફૅબિયાનો તેમ જ આર. પ્રજ્ઞાનાનંદ પણ આ મહા સ્પર્ધામાં ભાગ લેશે.

જોકે ડી. ગુકેશ ધ કૅન્ડિડેટ્સ સ્પર્ધા માટેની રેસમાં ન હોવાથી તે પ્રાઇઝ મની માટે કે રેટિંગ પૉઇન્ટ માટે આ વર્લ્ડ કપમાં ભાગ લેશે કે કેમ એ જોવું રહ્યું. એ જ રીતે, વિશ્વનાથન આનંદ ઘણા સમયથી ક્લાસિકલ ચેસ નથી રમ્યો એટલે તે આ વર્લ્ડ કપમાં રમશે કે નહીં એ આવનારા દિવસોમાં નક્કી થઈ જશે.

ચેસનો ફિડે વર્લ્ડ કપ ૨૩ વર્ષે ફરી ભારતમાં યોજાવાનો છે. છેલ્લે હૈદરાબાદમાં આ સ્પર્ધા યોજાઈ હતી ત્યારે આનંદ વિશ્વ વિજેતા બન્યો હતો.■



**ચીફ ગેસ્ટ રાહુલ દ્રવિડ:** બેંગલૂરુમાં શુક્રવારે ઑરિયોન મૉલમાં એક સ્ટોરના ઉદ્ઘાટન વખતે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રાહુલ દ્રવિડ. તે આ ઈવેન્ટમાં મુખ્ય અતિથિ હતો અને ઉદ્ઘાટન પ્રસંગે સ્ટોરના માલિક તથા તેમના સ્ટાફ મેમ્બર્સ અને તેમના સગાસંબંધીઓ પણ ઉપસ્થિત હતા. (પીટીઆઇ)

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## જૂના જોગીઓ વેસ્ટ ઈન્ડિઝની નવી ટીમ તૈયાર કરવા કમર કસે છે

### લૉઇડ, રિચર્ડ્સ, હેઇન્સ, લારા, ચંદરપૉલ, સૅમી જેવા કૅરિબિયન મહારથીઓનું એક જ મિશનઃ વેસ્ટ ઈન્ડિઝની ટીમમાં નવા પ્રાણ પૂરો!



લૉઇડ, લારા અને સૅમી સહિત અનેક દિગ્ગજોએ તાજેતરમાં ટ્રિનિદાદમાં કૅરિબિયન ક્રિકેટને ઉપર લાવવા મીટિંગ યોજી હતી.



વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ હાલમાં ટેસ્ટ રૅન્કિંગમાં છેક આઠમા સ્થાને છે.

મહાન ક્રિકેટર સુનીલ ગાવસકર માર્ચ, ૧૯૮૭માં અમદાવાદમાં પાકિસ્તાન સામેની મૅચ દરમ્યાન ટેસ્ટ ક્રિકેટમાં ૧૦,૦૦૦મો રન બનાવનાર વિશ્વના પહેલા જ ખેલાડી બન્યા હતા. અમદાવાદના એ જ ઐતિહાસિક ક્રિકેટ ગ્રાઉન્ડ પર આગામી બીજી ઑક્ટોબરે શરૂ થનારી સિરીઝની પ્રથમ ટેસ્ટમાં જો વેસ્ટ ઇન્ડિઝની ટીમના પર્ફોર્મન્સમાં મોટું પરિવર્તન જોવા મળે તો માનજો કે ક્લાઇવ લૉઇડ, સર વિવિયન રિચર્ડ્સ, બ્રાયન લારા, ડેસ્મંડ હેઇન્સ, શિવનારાયણ ચંદરપૉલ તેમ જ ડૅરેન સૅમીએ ભેગા મળીને કૅરિબિયન ક્રિકેટમાં સુધારો લાવવા તાજેતરમાં જે નિર્ણયો લીધા એનું જ આ પરિણામ હશે.

વાત એવી છે કે દોઢ મહિના પહેલાં વેસ્ટ ઇન્ડિઝની ટીમ જમૈકામાં કિંગસ્ટનના એ મેદાન પર ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટના બીજા દાવમાં માત્ર ૨૭ રનમાં ઑલઆઉટ થઈ ગઈ જે મેદાન પર ૧૯૩૦માં (૯૫ વર્ષ પહેલાં) વેસ્ટ ઇન્ડિઝના ક્રિકેટરો પોતાની સૌપ્રથમ ટેસ્ટ-સિરીઝની એક મૅચ રમ્યા હતા. જે સ્થળ ઐતિહાસિક ટેસ્ટ-શ્રેણીનું સાક્ષી હોય ત્યાં ટેસ્ટ જગતના સૌથી નીચા ૨૬ રનના (ન્યૂ ઝીલૅન્ડના) ટીમ-સ્કોરનો ૭૦ વર્ષ જૂનો સૌથી ખરાબ વિક્રમ એક રન માટે તૂટતા રહી ગયો હોય તો એ ઘટનાથી કૅરિબિયન ક્રિકેટના ધુરંધરો ચિંતામાં મુકાઈ જાય એ સ્વાભાવિક છે. એટલે જ દિગ્ગજ કૅરિબિયનો જુલાઈ ૨૦૨૫માં ટ્રિનિદાદમાં ગંભીર ચર્ચા માટે એકત્રિત થયા હતા. તેમણે અનેક નાના-મોટા વિષયો પર ચર્ચા કરી હતી. વાસ્તવમાં વેસ્ટ ઇન્ડિઝના અનેક ટાપુઓ ક્રિકેટના ક્ષેત્રે વેરવિખેર થઈ ગયા છે એ બધાને ફરી એક કરવાનો પણ આ પ્રયાસ હતો.

ક્લાઇવ લૉઇડ ઍન્ડ કંપનીના જૂના જોગીઓના મતે યુવાન ખેલાડીઓથી સજ્જ નવી કૅરિબિયન ટીમમાં સુધારો લાવવા વિશે ૧૦૦ જેટલા મુદ્દા છે જેના પર આગળ જતાં ચર્ચા જ થવી જોઈએ અને યોજના-વ્યૂહરચના નક્કી થયા પછી એનો અમલ થવો જ જોઈએ. લૉઇડના નેતૃત્વમાં મહાન ખેલાડીઓએ યુવા ખેલાડીઓ વેસ્ટ ઇન્ડિઝને ગુમાયેલું ગૌરવ પાછું અપાવી શકે, ડોમેસ્ટિક ટૂર્નામેન્ટોનું ધોરણ પણ ઊંચું લાવી શકે તેમ જ કૅરિબિયન ક્રિકેટમાં ખૂબ પૈસા લાવી શકે એના પર જુલાઈમાં ચર્ચા કરી હતી.

ક્લાઇવ લૉઇડ બે વન-ડે વર્લ્ડ કપ જીતનાર કૅપ્ટન છે, જ્યારે ડૅરેન સૅમીના સુકાનમાં વેસ્ટ ઇન્ડિઝ ટી-૨૦ના બે વિશ્વ કપ ટાઇટલ જીત્યું છે. મીટિંગના બાકીના ખેલાડીઓના કૅરિબિયન ક્રિકેટમાં બહુ મોટા યોગદાનો છે.

વેસ્ટ ઇન્ડિઝની ટીમ હાલમાં ખાસ કરીને રૉસ્ટન ચેઝ તથા શાઇ હોપના નેતૃત્વમાં રમે છે. ટેસ્ટ તથા મર્યાદિત ઓવર્સ માટેની કૅરિબિયન ટીમના ખેલાડીઓમાં જૂના જોગીઓ જેવા કૌશલ્યનો મોટો અભાવ છે. બ્રાયન લારાએ કહ્યું, 'અગાઉ ઘણી વાર વેસ્ટ ઇન્ડિઝની ટીમ સર્વોપરી કહેવાતી હતી, પણ થોડા વર્ષોથી કૅરિબિયન ટીમ અન્ય દેશોની સરખામણીમાં પણ નથી આવતી. અગાઉ દરેક ખેલાડીમાં સર્વોત્તમ સ્તરનું કંઈકને કંઈક કૌશલ્ય હતું એટલે અમે મૅચો અને સિરીઝો જીતતા હતા. જોકે રમતમાં ઘણું પરિવર્તન આવી ગયું છે. નવી-નવી ટેક્નોલૉજી આવ્યા કરે છે અને દરેક ખેલાડી વિશેનું વિશ્લેષણ પણ ઊંડાણપૂર્વકનું હોય છે. આ સંજોગોમાં સતત સ્પર્ધાત્મક બની રહેવું મુશ્કેલ થઈ ગયું છે. અમારા યુવાન ખેલાડીઓમાં કૌશલ્ય નથી એવું હું નથી કહેતો, પણ અગાઉ જેવી સર્વોત્તમ સ્તરની કુશળતા તો નથી જ.'

એક સમય હતો જ્યારે વેસ્ટ ઇન્ડિઝના ફાસ્ટ બોલર્સ (માલ્કમ માર્શલ, માઇકલ હોલ્ડિંગ, ઍન્ડી રોબર્ટ્સ, જોએલ ગાર્નર)થી ક્રિકેટજગત કાંપતું હતું અને એ જ અરસામાં ડેસ્મંડ હેઇન્સ, ગોર્ડન ગ્રિનિજ, વિવ રિચર્ડ્સ, ઑલ્વિન કાલિચરણ, સર ગૅરી સોબર્સ, ક્લાઇવ લૉઇડ, બૅકસ, લૅરી ગોમ્સ, ડેવિડ મરે વગેરે બૅટ્સમેનો ભલભલા બોલિંગ-આક્રમણને નબળું પાડી દેતા હતા. જોકે જુલાઈમાં જમૈકાના કિંગસ્ટનમાં વેસ્ટ ઇન્ડિઝની ટીમે જે શર્મનાક પર્ફોર્મ (૧૦/૨૭) કર્યું એ ઘટના કૅરિબિયનોના સુવર્ણકાળથી સાવ વિપરીત છે. પૅટ કમિન્સની ઑસ્ટ્રેલિયન ટીમ સામે રૉસ્ટન ચેઝના સુકાનમાં વેસ્ટ ઇન્ડિઝની બૅટિંગ લાઇન-અપ પત્તાનાં મહેલની જેમ તૂટી પડી હતી. ૨૭ રનના એ ટૂંકા દાવમાં ખુદ રૉસ્ટન સહિત સાત બૅટ્સમેનના ઝીરો હતા અને વેસ્ટ ઇન્ડિઝના ટોચના છ બૅટ્સમેનોના રનનો સરવાળો માત્ર છ રન હતો જે ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં પહેલી જ વખત બન્યું હતું.

આ સૌથી ખરાબ દેખાવે વેસ્ટ ઇન્ડિઝના મહારથીઓની ઊંઘ ઉડાડી નાખી છે. શુભમન ગિલના સુકાનમાં ભારતીય ટીમ ઑક્ટોબરમાં અમદાવાદમાં વેસ્ટ ઇન્ડિઝ સામે શરૂ થનારી બે મૅચની ટેસ્ટ શ્રેણીમાં વધુ સારી તૈયારી સાથે રમવું પડશે. ભારતીયો યાદ રાખી લે, ઑસ્ટ્રેલિયા સામે ૨૭ રનની નામોશીથી હતાશ થયેલા વેસ્ટ ઇન્ડિઝના ટેસ્ટ ખેલાડીઓ લૉઇડ ઍન્ડ કંપનીના દિગ્ગજોની યોજનાના એકાદ-બે પ્રકરણનો બરાબર અમલ કરવા કમર કસીને રમશે. ■

### ત્રણ ફૉર્મેટમાં વેસ્ટ ઈન્ડિઝ આઠ, નવ અને છઠ્ઠા નંબરે

વેસ્ટ ઇન્ડિઝનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક સમયે દબદબો હતો. માર્શલ, હોલ્ડિંગ, રોબર્ટ્સ, ગાર્નર અને કૉલિન ક્રૉફ્ટ જેવા ખૂંખાર ફાસ્ટ બોલર્સનો વારસો કોર્ટની વૉલ્શ, કર્ટલી ઍમ્બ્રોઝ, ડૅરેન સૅમી, જેસન હોલ્ડર, જેરૉન ટેલર, કીમાર રૉચ વગેરેએ સંભાળ્યો. જોકે હાલમાં કૅરિબિયન ક્રિકેટની જે હાલત છે એ અગાઉ ક્યારેય નહોતી.


ટેસ્ટ-ક્રિકેટમાં વેસ્ટ ઇન્ડિઝ આઇસીસી રૅન્કિંગમાં આઠમા નંબરે, વન-ડેમાં નવમા નંબરે અને ટી-૨૦માં છઠ્ઠા નંબરે છે.

ટેસ્ટ અને વન-ડેમાં બાંગ્લાદેશ હવે વેસ્ટ ઇન્ડિઝથી બહુ દૂર નથી.

અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## દર બે મિનિટે ત્રણ હજાર લોકોને રસ્તો પાર કરાવતું શિબૂયા સ્ક્રેમ્બલ ક્રોસિંગ...







ચાર રસ્તા કે પછી ક્રોસ રોડ્સનું દરેક કલ્ચરમાં આગવું મહત્ત્વ રહ્યું છે. બે રોડ એક બીજાને ઓવરલેપ કરીને ચાર રસ્તા બનાવી દે છે. જિંદગીમાં ચાર રસ્તાની વાત કરવામાં કેટલાય ફિલોસોફર બની ગયા છે. એવામાં ટોકિયોના શિબૂયા ક્રોસિંગ પર કેટલાં ઝિબ્રા ક્રોસિંગ છે એ કહેવું મુશ્કેલ બની જાય છે. ત્યાં પહોંચીને તો માણસ આપમેળે જ વિચારમાં પડી જાય. હાચિકોના સ્ટેચ્યુની બીજી તરફ ચિચિયારીઓ સંભળાઈ રહી હતી. કોઈ મેળો લાગ્યો હશે અથવા કોઈ કોન્સર્ટની તૈયારી થતી હશે એમ લાગ્યું, પણ ત્યાં માત્ર રસ્તો ક્રોસ કરવાની લાઇટ ગ્રીન થઈ હતી અને લોકો માત્ર આ ખ્યાતનામ ક્રોસિંગ પર એકથી બીજી તરફ જઈ રહ્યાં હતાં. અહીં ઉપરથી જુઓ તો કુલ પાંચ રસ્તાઓ એકબીજાને ક્રોસ કરે છે, એટલે દસ રસ્તા બનતા હોય એવું લાગે. તેમાં ઝિબ્રા ક્રોસિંગનો ઓવરલેપ થયા પછી ખરેખર કેટલા રસ્તા બને છે તે ગણવાનું જ શક્ય ન લાગ્યું. અને ઇન્ટરનેટને પૂછીને તે જાણવાને બદલે, તે ક્રોસિંગની એ નાનકડી મિસ્ટ્રીને મેં મિસ્ટ્રી જ રહેવા દીધી.

પહેલાં તો થોડી વાર શિબૂયા ક્રોસિંગને સાઇડમાં ઊભાં રહીને લોકોને ક્રોસ કરતાં જોયા કર્યું. ઘણાં તો માત્ર એક બાજુથી બીજી બાજુ માત્ર મજા કરવા જતાં હોય તેવું લાગ્યું. ઘણાં તો ડાન્સ કરતાં કરતાં નીકળેલાં, ઘણાં ગ્રુપમાં એકબીજાનો હાથ પકડીને, તો ઘણાં ઊંધા પગલે મજા કરવા માટે, અને ઘણાં રિલ્સ, ટિકટોક કે પોડકાસ્ટ બનાવવા માટે શૂટિંગ કરતાં કરતાં ત્યાંથી નીકળી રહ્યાં હતાં. આ પહેલાં લંડનના એબી રોડ પર બીટલ્સના ખ્યાતનામ ક્રોસ રોડ પર બે-ત્રણ વાર નીકળીને સારો ફોટો આવે ત્યાં સુધી ત્યાં સમય



વિતાવેલો, પણ આ શિબૂયા ક્રોસિંગ પર તો આખો દિવસ વિતાવો તો પણ બોર ન થવાય. અને એટલે જ કદાચ ત્યાં બેસીને લાંબા સમય સુધી આ સ્ક્રેમ્બલ ક્રોસ રોડ્સ પાસે વ્યુ સાથે બેસીને કલાકો સુધી લોકોને એક તરફથી બીજી તરફ જતાં જોવામાં મેડિટેશન જેવી મજા હતી. થોડી વાર અમે પણ એક કાફેમાં બેઠાં અને માહોલને ઓબ્ઝર્વ કર્યો. કેટલાં લોકો માત્ર ફોટા પાડવા આવે છે અને કેટલાંને ખરેખર આ રોડ ક્રોસ કરીને ક્યાંય જવું છે.

ઠંડીમાં ઘણાં લોકો આ ક્રોસરોડ પર પ્રાઇવેટ ફોટો શૂટ્સ માટે એક ખૂણામાં તૈયાર પણ થતાં હતાં. ટોક્યોની ખરી ભીડ, ત્યાંની ખરી ચહેલપહેલ જોવી હોય તો આ પાંચ રસ્તા પર છે. જોકે માંડ ચાલવાની જગ્યા મળે અને રસ્તો કઈ તરફ જાય છે તેની ખાતરી ન હોય તો પણ જાપાનમાં આ પરિસ્થિતિ કેઓસ તો નહોતો સર્જી શકતી. ત્યાં પણ બધું આયોજનપૂર્વક જ ચાલી રહ્યું હતું. અને છતાંય તે ઓવરલેપિંગ ક્રોસરોડની ગૂંચવણને જાપાનીઝ લોકોએ 'સ્ક્રેમ્બલ' જ નામ આપી દીધું હતું. અમે પણ ત્યાં થોડું આગળ, થોડું પાછળ, થોડું ત્રાંસમાં જવા માટે સજ્જ હતાં, પણ લોકોને જોવામાં જ એટલી મજા આવતી હતી કે ત્યાં દિવસનાં અલગ અલગ સમયે ફોટા પાડવાની પણ મજા આવે છે. ત્યાં માત્ર ટૂરિસ્ટ જ નહીં, સ્થાનિકોની પણ ભીડ હતી. ટોકિયોમાં અઢળક લોકોને એક રસ્તેથી બીજા રસ્તે જવાની જરૂર પડે અને તેમાં ખ્યાતનામ શિબૂયા સ્ટેશન ક્રોસ કરવું પડે તેમાં નવાઈ લાગી જ ન શકે.

ઘણી ફિલ્મોમાં પણ આ ક્રોસિંગ ટોકિયોનું પ્રતીક બનીને નજરે પડી જાય છે. તેમાંય 'ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ'ની 'ટોકિયો ડ્રિફ્ટ'માં આ જ રસ્તાઓ પર કાર ચેઝ જોવાનું એડવેન્ચર પણ યાદ હતું. તે ઉપરાંત સ્કારલેટ જોહાન્સનની ફિલ્મ 'લોસ્ટ ઇન ટ્રાન્સ્લેનશન'નો શિબૂયા ક્રોસિંગ પરનો સંવેદનશીલ સીન પણ મનમાં રહી જાય. રાતના કે વહેલી સવારે ક્યારેક તો આ ક્રોસિંગ શાંત પડતું હશે તે વિચાર આવ્યા વિના ન રહે. માત્ર પરોઢિયે બે કલાક જેટલા સમય માટે ત્યાં ભીડ ઓછી થાય છે, બાકી નેચરલી આ ક્રોસિંગ સાવ ખાલી થાય એવું તો શક્ય લાગતું ન હતું. અને રોજ ટોકિયોમાં ૩૦,૦૦૦ સ્ટેપ્સ દિવસે ચાલીને વહેલી સવારે ત્યાં રોપોન્ગીથી માત્ર ખાલી ક્રોસ રોડનો ફોટો પાડવા જવાનું એડવેન્ચર જરાય રસ પડે તેવું લાગતું ન હતું. ત્યાં સાંજના સમયે દર બે મિનિટની લાઇટ સાઇકલમાં બેથી ત્રણ હજાર લોકો રસ્તો ક્રોસ કરે છે. તે દિવસે અમે પણ તેમાં જોડાયેલાં.

ત્યાંનાં નિયોન બિલબોર્ડ્સ વચ્ચે રોજનાં બે-અઢી મિલિયન લોકો રસ્તાઓ ક્રોસ કરવા માટે જ ત્યાં આવે છે તે કોઈ નાનીસૂની વાત નથી. આ ક્રોસિંગની બીજી મજાની વાત હતી ત્યાંની જાપાનીઝ ફેશન. શિબૂયા ક્રોસિંગ એક સાથે જાહેરાતો, શોપિંગ, રન વે ફેશન, એક્સરસાઇઝ અને ટૂરિઝમના ઘણા અનુભવો કરાવી દે છે. ૧૯૫૦માં પોસ્ટ વોર બૂમ દરમિયાન શિબૂયા વિસ્તાર એવો વિકસ્યો હતો કે ત્યાંનો સૌથી મોટો ક્રોસ રોડ આખી દુનિયામાં તે કેટલો વ્યસ્ત રહે છે તે માટે જાણીતો બની ગયો. ત્યાં ક્રોસરોડના વ્યુવાળું સ્ટારબક્સ ફોટા પાડવા માટે ખાસ જાણીતું છે. સ્વાભાવિક છે ત્યાં પીક સમયે તો અંદર પ્રવેશવા માટે પણ લાંબી લાઈનો લાગે છે. અમે માહોલને પૂરતો માણીને, થાક્યાં ત્યાં સુધી એક ખૂણેથી બીજા ખૂણે જવામાં સમય વિતાવ્યો. અને અંતે થાક્યાં ત્યારે એ જ ક્રોસિંગ પરની જાણીતી રામેન ચેઇન ઇચિરાનમાં જવાની લાઈનમાં ઊભાં રહી ગયાં. આવી લોકપ્રિય જગ્યાએ જાપાનની સૌથી ખ્યાતનામ રામેન રેસ્ટોરાં પર લાઇન ન હોય તેવું કઈ રીતે ધારી શકાય. હવે જાપાનમાં એટલો સમય વિતાવી ચૂક્યાં હતાં કે ત્યાં નક્કી હતું કે જો સ્થળ થોડું પણ જાણીતું હોય, તો ત્યાં લાઈન તો હોવાની જ.

શિબૂયા ક્રોસિંગ પર ટાઇમ સ્ક્વેર કરતાં પણ વધુ મજેદાર માહોલ હતો. કોઈ ખાણી-પીણી, મનોરંજન, કુદરતી દૃશ્ય, આર્કિટેક્ચર વિના, માત્ર ભીડનો રોજનો સ્પોન્ટેનિયસ ડાન્સ ત્યાં લોકોને લઈને આવતો હતો. જાપાનની અજાયબીઓ પણ અજીબોગરીબ હતી. ■

ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# ભૂત વગરનું ભૂતિયું જહાજ...

## બેલીકોટનની પ્રજાને ગજબનું બીવડાવે છે...!



ભૂતિયા જહાજોની કથાનો તો અલગ જ ચાહક વર્ગ છે. દરિયાઈ સાહિત્યના ઇતિહાસમાં ઘણા એવા કિસ્સા જાણવા મળશે, જ્યાં વેપાર અર્થે સમુદ્ર ખેડવા નીકળેલા જહાજીઓને ખરેખર મધદરિયે કોઈક ભૂતિયા જહાજના દર્શન થઇ ગયા હોય.

ટેક્નિકલ વ્યાખ્યા મુજબ ભૂતિયા જહાજ એટલે એવું વહાણ, જેના પર કોઈ માનવી હાજર ન હોય. કોઈક દુર્ઘટના કે રોગચાળાને કારણે તમામ ક્રૂ મેમ્બર્સ મૃત્યુ પામે, પણ જહાજ બચી જાય તો આવું એકલુંઅટૂલું જહાજ દરિયાનાં પાણીમાં તરતું રહે છે. અમુક વાર સુધારી ન શકાય એવી ટેક્નિકલ ક્ષતિ પેદા થવાથી પણ ક્રૂ મેમ્બર્સ પોતાનું જહાજ છોડીને અન્ય રીતે કિનારે પહોંચી જાય છે. કાળક્રમે વાતાવરણની અસરને કારણે આવા જહાજનો ઢાંચો ખવાતો જાય અને અંતે જળસમાધિ લઇ લે. પહેલાંના જમાનામાં અનેક જહાજો આ રીતે ભૂતિયા અવસ્થામાં વર્ષો સુધી ભટકતા રહેતા.

વાતાવરણની અસર અને સાફસફાઈના અભાવે આવાં જહાજો ખંડેર જેવા બની જતા. અડધી રાત્રે વરસતા વરસાદ વચ્ચે આવું કોઈ ભેંકાર જહાજ કોઈક પ્રવાસીની નજરે ચડે તો સમુદ્રી સાહિત્યમાં એકાદ ભૂતકથાનો ઉમેરો થવા સિવાય બીજું શું થઇ શકે? પરંતુ સાંપ્રત સમયમાં ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમને કારણે દરિયો ખેડતા દરેક જહાજને સામે દેખાતા બીજા જહાજ વિષે માહિતી હોય જ એટલે હવે 'ભૂતિયા જહાજ'ની કથાઓ બનતી અટકી ગઈ છે. જોકે, જહાજોને મધદરિયે ત્યજી દેવાની પ્રથા આજે ય ચાલુ જ છે.

પ્રશ્ન એ થાય કે મોંઘાદાટ જહાજોને દરિયાના પાણીમાં ત્યજી દેતા કેમનો'ક જીવ ચાલે? આટઆટલી ટેક્નોલોજી મોજૂદ હોય, તેમ છતાં બગડેલા જહાજને કિનારા સુધી તાણી ન શકાય? અરે, દાયકાઓ અગાઉ ડૂબેલા જહાજના અવશેષો પણ ટેકનોલોજીની મદદથી બહાર કાઢી જ શકાય કેમ કે અહીં કારણ જરા જુદું છે. 'ટાઈટેનિક'નો કાટમાળ આજની તારીખે ય દરિયાના પેટાળમાં એ જ જગ્યાએ પડ્યો છે, જ્યાં એ દંતકથાસમા જહાજે જળસમાધિ લીધેલી. આ કાટમાળને કિનારે તાણી લાવવા પાછળ જેટલો જંગી ખર્ચ થાય, એટલો કિંમતી એ કાટમાળ નથી. બસ, આ જ કારણોસર ડૂબેલા કે મોટી ટેક્નિકલ ક્ષતિનો ભોગ બનેલા અનેક જહાજોને આજેય મધદરિયે ત્યજી દેવામાં આવે છે.

આધુનિક સમયનું ભૂતિયું જહાજ : 'એમવી અલ્ટા' નામનું જહાજ ઓક્ટોબર, ૨૦૧૮માં આ જ રીતે મધદરિયે ખોટકાયું. ઠેઠ ૧૯૭૬થી સેવા આપી રહેલું આ વેપારી જહાજ પોતાની ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ (AIS) વારંવાર ચાલુ-બંધ કરતું હતું. કોઈ જહાજ આવી ભૂલ કરે નહિં, સિવાય કે એ દાણચોરીમાં સંડોવાયેલું હોય અને મરીન ફોર્સિસની નજરમાં આવવા ન માગતું હોય. કારણ ગમે તે હોય પણ ગ્રીસથી હૈતી સુધીની - પ્રમાણમાં ખાસ્સી લાંબી ગણાતી મુસાફરીએ નીકળેલું 'એમવી અલ્ટા' એટલાન્ટિક મહાસાગરમાં ખોટકાયું. અમેરિકન કોસ્ટગાર્ડે તમામ ક્રૂ મેમ્બર્સને બચાવી લીધા. એ વખતે જહાજ બર્મુડાના કિનારાથી ૨,૨૦૦ કિલોમીટર દૂર મધદરિયે હતું. ઠેઠ આટલે દૂરથી ખખડધજ જહાજને કિનારા સુધી ખેંચી લાવવામાં કોઈને રસ નહોતો એટલે 'એમવી અલ્ટા'ને દરિયા વચ્ચે રેઢું મૂકી દેવાયું. બધાને એમ હતું કે દરિયાનાં મોજા પર સવાર થઈને જહાજ થોડા અઠવાડિયાઓમાં પોતાની મેળે જ એકાદ કિનારે પહોંચી જશે અથવા ડૂબી જશે.

જોકે, ખરું કૌતુક હવે થયું. સપ્ટેમ્બર, ૨૦૧૯માં બર્મુડા નજીકથી પસાર થયેલા 'એચએમએસ પ્રોટેક્ટર' નામના જહાજના ખલાસીઓએ જોયું કે 'એમવી અલ્ટા' હજી એ જ સ્થળે ઝોલા ખાય છે, જ્યાં એને ત્યજી દેવાયેલું.

આ ઘટના જરા વિસ્મય પમાડે એવી હતી. અગિયાર મહિના વીતવા છતાં જહાજ વેગીલા દરિયાઈ મોજાઓ સાથે તણાયું નહોતું! એક વાયકા એવી ય છે કે આ મહિનાઓ દરમિયાન કેટલાક ચાંચિયાઓ એને ગુયાનાના કાંઠે તાણી ગયેલા. આ વાત જો સાચી હોય તો ચાંચિયાઓ આ જહાજને પાછું મૂળ સ્થાને શા માટે મૂકી ગયા? હકીકતમાં જહાજની AIS સિસ્ટમમાં લોચા હતા એટલે ક્રૂ મેમ્બર્સે જહાજનો ત્યાગ કર્યા પછી તો સિસ્ટમ સદંતર બંધ જ હતી માટે જહાજ ક્યાં ગયું અને એની સાથે શું શું થયું એ વિશે કોઈ માહિતી મેળવવી અશક્ય છે.

સતત અઢાર મહિના સુધી 'એમવી અલ્ટા' દરિયાના મોજાઓ પર તરતું રહ્યું. આખરે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૦ના દિવસે એ જહાજ સમુદ્રી મુસાફરીથી કંટાળ્યું હોય એમ જાતે જ આયર્લેન્ડના દરિયાકાંઠે વસેલા બેલીકોટન નામના ગામે જઈ પહોંચ્યું. કોઈ કેપ્ટન કે ક્રૂ વગર 'એમવી અલ્ટા' જે રીતે દોઢ વર્ષ સુધી દરિયામાં એકલુંઅટૂલું ભટકતું રહ્યું, એ જોતા આધુનિક સમયના એક 'ભૂતિયા જહાજ' તરીકે એની કુખ્યાતિ આખી દુનિયામાં ફેલાઈ ગઈ.

ભૂત વગરનું ભૂતિયું જહાજ પણ ડરાવી રહ્યું છે. અહીં જુદી સમસ્યા પેદા થઇ. આયર્લેન્ડની સરકારે અંદાજ કાઢ્યો એ મુજબ જહાજને દરિયા કિનારેથી ઊંચકીને બહાર કાઢવામાં એક કરોડ યુરો (આશરે સો કરોડ રૂપિયા) જેવડો તોતિંગ ખર્ચ થાય એમ હતો. જહાજ પર એ વખતે ૬૨ બેરલ્સ ભરીને ઓઈલ હતું. આટલું ઓઈલ વત્તા જહાજના ભંગારની કિંમત ગણો તો ય આખા ઓપરેશનનો ખર્ચ ભારે પડે. આખરે જહાજના મૂળ માલિકને શોધવાની કવાયત ચાલી. અચરજની વાત એ છે કે પાંચેક દાયકા જૂના આ જહાજની માલિકી સ્પષ્ટ નહોતી. અમુક રિપોર્ટ્સ એને પનામાનું જહાજ ગણતા તો વળી અમુક રિપોર્ટ્સ એને તાન્ઝાનિયાનું શિપ ગણતા હતા. સ્વાભાવિક રીતે જ પનામા કે તાન્ઝાનિયાને આ મોંઘાદાટ ભંગારની જવાબદારી લેવામાં લગીર રસ નહોતો. આખરે હેલિકોપ્ટર્સની મદદ વડે પેલા ઓઈલ બેરલ્સ એરલિફ્ટ કરી લેવાયા, પણ 'એમવી અલ્ટા'નો ભંગાર આ રીતે આયર્લેન્ડના દરિયાકિનારે પડ્યો રહે અને ત્યાંની જળસૃષ્ટિમાં પ્રદૂષણ ફેલાવીને એનો નાશ કરે, એવી કલ્પના જ આયર્લેન્ડની સરકારને ધ્રુજાવતી હતી.

બીજી તરફ ખર્ચનો આંકડો જોઈને સરકારી અધિકારીઓ ધોળેદહાડે ભૂત જોયું હોય એમ છળી મરતા. આમને આમ લગભગ બે વર્ષ સુધી આ ભૂતિયા જહાજ આયર્લેન્ડના સત્તાધીશોને અને કાંઠાવિસ્તારમાં વસતા લોકોને બીવડાવતું રહ્યું.

આખરે કુદરતે જ રસ્તો કાઢ્યો. ૨૦૨૨માં ઉપરાછાપરી દરિયાઈ તોફાનો આવ્યા અને એ ભૂતિયા ગણાતા જહાજના બે ટુકડા થઇ ગયા. એ પછી ૨૦૨૩માં પ્રદૂષણને લગતો સરકારી રિપોર્ટ પબ્લિશ થયો. રિપોર્ટમાં કહેવાયું કે 'એમવી અલ્ટા' બે ટુકડામાં વહેંચાઈ જવાથી હવે એનો ભંગાર જ બચ્યો છે, જે જળસૃષ્ટિને એક હદથી વધુ નુકસાન પહોંચાડી શકે એમ નથી માટે લોકોએ એ જહાજની ચિંતા કરવી નહિ. થોડા વર્ષોમાં આમેય આ ભંગાર ક્ષય પામીને દરિયાને પેટાળે પહોંચી જશે. સરકારની વાત સાચી હતી, પણ 'ભૂતિયું જહાજ' એમ કનડવાનું છોડે? જેમ જેમ જહાજની ખ્યાતિ ફેલાતી ગઈ તેમ તેમ દૂર દૂરથી લોકોના ધાડેધાડા બેલીકોટન ગામે ઠલવાવા માંડ્યા. બ્લોગર્સ અને બીજા ઇન્ફ્લુએન્સર્સ પણ અહીં આવી આવીને કાળો કેર વર્તાવવા માંડ્યા હશે. ભૂતિયું જહાજ જોવા આવનારા લોકો ગામની સીમમાંથી પસાર થતા ત્યારે બેજવાબદારીપૂર્વક વર્તીને ઊભા પાકનો નાશ કરતા! વળી ભારે ધસારાને કારણે સ્થાનિક પ્રજાની શાંતિ ય હણાઈ ગઈ.

શરૂઆતમાં સ્થાનિક પ્રજાને એવું લાગેલું કે નસીબજોગે તણાઈને આપણા ગામમાં આવેલું ભૂતિયું જહાજ પ્રવાસીઓને

આકર્ષીને આપણને ફદિયા રળી આપશે, પણ હાલમાં આ પ્રજા ઈશ્વરને પ્રાર્થના કરી રહી છે કે ભૂતિયા જહાજનો જલ્દી નાશ કરે અને ગામને શ્રાપમાંથી મુક્તિ અપાવે ! ■

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# બાળકોની પ્રોત્સાહક કેબિન - થાઈલેન્ડ







એમ કહેવાય છે કે જીવનમાં બે બાબતો નિર્દોષ આનંદ આપવાં સમર્થ હોય છે, કુદરત અને બાળકો. તેમાં પણ જ્યારે બાળકો આનંદમાં હોય ત્યારે અન્યને અર્થાત્ સમાજને આનંદની જે પ્રાપ્તિ થાય તે અવર્ણનીય હોય. બાળકોને ખુશ જોઈને અનેરી ખુશી પ્રાપ્ત થાય. વળી બાળકોની આ ખુશી જો કુદરતી સાનિધ્યમાં વિકસતી હોય તો તો સોનામાં જાણે સુગંધ મળે. થાઈલેન્ડમાં આ એક બાળકોને ખુશ કરવા માટે, તેમની માનસિકતાને અનુરૂપ, સન ૨૦૨૪માં 'ઈમેજનરી ઓબ્જેક્ટ' સ્થપતિ સંસ્થા દ્વારા તૈયાર કરાયેલી ઉલ્લેખનીય સ્થાપત્યકીય રચના છે. એક દ્રષ્ટિકોણ પ્રમાણે આ બાળકોની અંગત 'રિટ્રીટ' છે. અહીં ૪૫ ચોરસ મીટર જેટલા વિસ્તારમાં બાળકોની પ્રાથમિક જરૂરિયાતોનો સમાવેશ કરાયો છે. બાળકને જે મુક્તતાની ઈચ્છા હોય તે અહીં મળી રહે છે. બાળકની માનસિકતા અનુરૂપનું ખુલ્લાપણું અહીં સ્થાપિત કરાયું છે. બાળક માટે પોતાનું સ્થાન તો નિર્ધારિત થયુ જ છે પરંતુ સાથે સાથે અન્ય બાળક સાથે હળવા-મળવા માટે ઘણી સંભાવનાઓ સ્થાપિત થાય તેનું ધ્યાન રખાયું છે.

અહીંયા રમવાની વ્યવસ્થા છે અને ભણવાની પણ. અહીં બાળકની ઈચ્છા અનુસાર સ્થિરતા પણ છે અને ચલિતતા પણ. અહીં જમીન સાથેનું જોડાણ પણ છે અને ટ્રી-હાઉસની ભાવના પણ છે. અહીં બાળકો પોતાની રીતે તલ્લીન થઈ શકે છે અને સાથે સાથે તેમનાં પર નજર પણ રહી શકે છે. અહીં સાદગી છે પણ તે સાદગી સાથે ઉત્કૃષ્ટ કક્ષાની રસપ્રદતા સંકળાયેલી છે. અહીં સ્થાનિક પરંપરાગત બાંધકામની તકનીકનો ઉપયોગ કરાયો છે અને સાથે સાથે આધુનિક સામગ્રી પણ પ્રયોજાયેલી છે. આ રચનામાં સ્થાનિક સ્થાપત્ય શૈલીની અસર જણાય છે અને આધુનિક બાળકોની આધુનિક જરૂરિયાતોનું પણ અહીં ધ્યાન રખાયું છે. અહીં પ્રકૃતિ સાથે જોડાણ પણ છે અને આ જોડાણમાં એક પ્રકારની સ્થાપિત પસંદગી પણ છે.

લોખંડના માળખા પર ટેકવાયેલ જમીનથી ઊંચા એક લાંબા અને વિસ્તૃત મંચ ઉપર અહીં સ્થાન આયોજન થયું છે. આ રચનામાં બે 'કોમ્પેક્ટ' શયનકક્ષ, બંને શયનકક્ષ વચ્ચે એક ટોઇલેટ અને વિવિધ પ્રકારની ઉપયોગિતા માટે એક દીવાલ વગરની 'ડેક'નો સમાવેશ થાય છે. આ ડેક ઉપયોગિતાની દ્રષ્ટિએ આ રચનાનો સૌથી મહત્ત્વનું, અનુભૂતિની દ્રષ્ટિએ સૌથી આકર્ષક, મનોવૈજ્ઞાનિક જરૂરિયાત પ્રમાણે સૌથી અસરકારક, સામાજિક દ્રષ્ટિએ નિયંત્રક તથા બાળકોની વ્યક્તિગત દ્રષ્ટિએ 'રસીક' સ્થાન છે. આ ડેકમાં એક ભોજન સ્થાન, સામાન્ય ઉપયોગ માટે એક સિંક, એક વિવિધ પ્રવૃત્તિ માટેનું ટેબલ સાથેનું કાર્યસ્થાન તથા નવરાશ તેમજ હળવાશની પળો માટે ખાસ વ્યવસ્થા કરાઈ છે. એમ કહી શકાય કે બહારના વિસ્તાર અને અંદરની સીમા આ સ્થાન ઉપર ભેગાં થાય છે. એમ જણાય છે કે બાળકો આ સ્થાનનો ઉપયોગ સૌથી વધુ કરતાં હશે.

આ સમગ્ર રચના લોખંડના માળખા પર ટેકવવામાં આવી છે તે છતાં પણ તેમાં જે રીતે લાકડાનો ઉપયોગ થયો છે તેનાથી તેની અનુભૂતિમાં લોખંડનું અસ્તિત્વ ગૌણ બની રહે છે. વળી ઉપર છત તરીકે ઢળતું છાપરું હોવાથી અનુભૂતિમાં તેનું મહત્ત્વ વધુ રહે તે સ્વાભાવિક છે. એકવાર એમ કહી શકાય કે લોખંડ તો અહીં મજબૂરી હતી, જ્યારે અન્ય સામગ્રીની પસંદગી એ મજા છે.

અહીં જે શયનકક્ષ છે તેમાંથી એક એક બાળક માટે છે અને બીજાનો ઉપયોગ બે બાળકો કરી શકે તે પ્રમાણેની ગોઠવણ છે. અહીંથી પણ ખુલી શકે તેવી વિશાળ બારીઓથી બહારના વિશ્વ સાથેનો, કુદરત સાથેનો, આબોહવા સાથેનો, પશુ-પક્ષીની ધ્વનિ સાથેનો તેમજ ચારે બાજુની વનરાજી સાથેનો સંપર્ક જળવાઈ રહે છે. આ સમગ્ર રચનામાં જે રીતે બાળકોની માનસિકતાનું ધ્યાન રખાયું છે તે જ રીતે અહીંના પ્રમાણમાપ, અહીંનું વિગતિકરણ, સંપર્કમાં આવનારી વિવિધ સપાટીની પસંદગી તથા તેનું રંગ આયોજન બાળકો માટે એકદમ અનુકૂળ છે. વળી માળિયું કહી શકાય તેવા ઉપરના સ્થળે ગોઠવાયેલા કેટલાક સ્થાન અહીંની રમતને વધુ રમત-લક્ષી બનાવે છે.


આધુનિક જરૂરિયાતોને કુદરત તેમ જ પરંપરાગત સ્થાપત્ય શૈલી સાથે સાંકળવાનો પ્રયત્ન, બાળકોની પરિકલ્પના મુજબની સગવડો, વાસ્તવિકતા અને કલ્પના વચ્ચેનું સંતુલન, વિશેષતાની સાથે ગોઠવાઈ જતી સામાન્ય સ્થાપત્યકીય ઘટનાઓ, તકનીકી મજબૂતાઈની સાથે અનુભવાતી નરમાશ, ખુલ્લાપણાં સાથે વ્યવસ્થિત રીતે ગોઠવાઈ જતાં 'બંધ' સ્થાન, ઇતર પ્રવૃત્તિઓ માટે સ્વાભાવિક રીતે મળી જતું પ્રોત્સાહન અને સમગ્ર રચનામાં પ્રતીત થતી સંવેદનશીલતા તેમજ સર્જનાત્મકતા - આ રચનાની આ કેટલીક ખાસિયતો છે.

કેટલાક પ્રશ્નો જુદાં છે. સાંપ્રત સમયમાં જ્યાં વિશ્વની મોટાભાગની વસ્તીને જરૂરિયાત મુજબનું આવાસ પણ મળતું ન હોય ત્યાં ખાસ બાળકો માટે આ પ્રકારની રચનાની યથાર્થતા કેટલી! આ પ્રકારના પ્રયોગો જરૂરી તો છે જ પણ જો તેની રચનામાં ચોક્કસ પ્રકારનો સંયમ અને વિવેક જળવાય તો શું તે વધુ ઇચ્છનીય ન ગણાય! બાળકોને પરીઓના દેશમાં લઈ જવાની વાત ખુશી અપાવે, પરંતુ બાળકોને, તે સાથે વાસ્તવિકતાની પ્રતીતિ પણ થવી જોઈએ. ઘણીવાર પ્રશ્ન એ થાય કે આ પ્રકારની રચના થકી બાળક કુદરત સાથે તો જોડાઈ શકે પરંતુ શું બહુજન સમાજ સાથે તે સરળતાથી ભવિષ્યમાં જોડાઈ શકશે! સમાજના સંવેદનશીલ તેમ જ સર્જનાત્મક વર્ગે જુદા જ પ્રકારનું ઉત્તરદાયિત્વ દર્શાવવાની આવશ્યકતા છે. આમ પણ કહેવાય છે કે સ્થાપત્યનો વ્યવસાય અમીર લોકોની જરૂરિયાતો કેન્દ્રિત હોય છે - સ્થપતિની વ્યવસાયિક સેવાનો ફાયદો મોટેભાગે ધનિક વર્ગ મેળવે છે. જો આ સત્ય હોય તો તે વિશે વિચારવું રહ્યું, અને જો આ ભ્રમણા હોય તો તે સાબિત કરવું રહ્યું. એમાં કોઈ શંકા નથી કે આ એક પ્રશંસનીય રચના છે. સાથે સાથે એ પણ વિચારવું રહ્યું કે આ પ્રકારની રચના સામાન્ય બાળકો સુધી કેવી રીતે પહોંચી શકે. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# આમાં ગણપતિ બાપા ક્યાંથી રીઝે?




છેલ્લાં ૧૫ દિવસથી ગણપતિ બાપ્પાને વધાવવાની તૈયારીઓ અમારા ફ્લેટમાં શરૂ થઈ ગઈ હતી.

જુદી જુદી કમિટીઓની રચના કરવામાં આવી હતી. મૂર્તિ પર્ચેસ કમિટી, ડેકોરેશન કમિટી, પ્રસાદ કમિટી, આરતી કમિટી, પ્રોગ્રામ કમિટી, જેમ જેમ કમિટીઓની રચના થતી ગઈ તેમ તેમ ગંભીર મુખમુદ્રા ધારણ કરી કમિટીના ચેરમેનો પોતાના સભ્યોને અલગ અલગ ખૂણામાં લઈ ચર્ચાઓ કરવા લાગ્યા.

જનરેશન ઝેડ જેને આપણે ઝેન ઝી કહીએ છીએ તે ખુન્નસ ખાઈ અને વડીલો સામે જોઈ રહ્યા હતા. મેં પરિસ્થિતિ પામી અને એમની વચ્ચે જઈ અને પૂછ્યું,'શું વાત છે કેમ તમે કોઈ મૂડમાં નથી દેખાતા?' ઉપરવાસમાં ખૂબ વરસાદ થયો હોય અને ડેમ ઉપર સુધી ભરાઈ જાય પછી થોડોક દરવાજો ખોલે અને જે પાણીનો પ્રવાહ ચાલુ થાય એમ એક સાથે ધાણી ફૂટ શબ્દો આવવા લાગ્યા. જામભાઈ જમાદારનો નાનકો ચકુ ચતુર તરત જ બોલ્યો,

'તમને વડીલોને કોઈ આયોજન કરતા આવડતું નથી. મુખ્ય કમિટી તો તમે બનાવી જ નહીં.'

માથાભારે ગીતાબહેન ગંભીરનો દીકરો મન્યો કૂદ્યો 'સોશ્યલ મીડિયા કમિટી બનાવી? કેવું લાગશે જ્યારે instagram facebook કે whatsapp સ્ટોરીમાં કે સ્ટેટસમાં આપણા ગણપતિ દેખાશે નહીં?'

શાંતિલાલની ૧૨મું નાપાસ જીગલીએ તાન છેડ્યો, 'વડીલોને તો કાંઈ ન હોય પરંતુ અમારી કોમ્યુનિટી અમને ક્યારેય માફ ન કરે. ગણપતિને લઈ અને એક પણ પોસ્ટ ન હોય તો કેટલું ઓકવર્ડ અને બેકવર્ડ ફિલ થાય?'

મેં તરત જ બધા વડીલોને બોલાવી અને કહ્યું કે 'આ છોકરાઓ આપણા ગણપતિના પ્રચાર અને પ્રસારની જવાબદારી લેશે. એટલે સોશ્યલ મીડિયા કમિટી આ લોકોને સોંપીએ છીએ.'

અડધા સાંભળતા અને અડધા ન સાંભળતા વડીલોએ 'મેં કાંઈ કીધું છે તો વ્યવસ્થિત હશે' એમ માની અને હાથ ઊંચા કરી સંમતિ આપી દીધી.

નિકી, બબુ, ટોની, રાજુ, જીગલી, ચકુ, મન્યો, ઓસ્કાર એવોર્ડમાં ફિલ્મ મૂકવાની હોય અને જેટલી ગંભીરતાથી ચર્ચા થતી હોય તેટલી જ ગંભીરતાથી માંડ્યા ચર્ચા કરવા.

સ્ટેડી શોટ કોણ લેશે?, ટ્રોલી શોટમાં કોની માસ્ટરી છે?, ગીમ્બલ શૂટિંગ કોણ કરશે? સૌ પોતપોતાના ઇન્સ્ટા એકાઉન્ટમાં પોતાનું વર્ક દેખાડી સારામાં સારું કામ દેખાડવાની ગેરંટી લેતા હતા.

વડીલોની કમિટીમાં મૂર્તિ કેવડી પસંદ કરીશું? કેટલા બજેટમાં જઈશું? પ્લાસ્ટર ઓફ પેરિસની કે માટીની મૂર્તિ લેવી?

બહેનોની કમિટીમાં ડેકોરેશન કેવું કરશું કોના ઘરે શું પડ્યું છે અને કઈ રીતે લગાડી શકાય તેની ચર્ચાઓ થવા લાગી whatsapp ગ્રુપ બની ગયા અને તેમાં શું સારું લાગશે શું નહીં ધડાધડ ફોટા મૂકવા લાગ્યા.

લેડીઝુ કોણ પ્રસાદ બનાવશે તેની જવાબદારી એકબીજા પર નાખી રહી હતી.

જેન્ટસુ ભૂતકાળના પ્રશ્નોમાં કોણ નડતર રૂપ હતું તે પ્રમાણે ચોકઠા ગોઠવી વિરોધ કરી રહ્યા હતા.

તમામ કમિટીમાં વિવાદ ચાલી રહ્યો હતો. વાતાવરણ ધીમે ધીમે ઉગ્ર થતું ગયું. મારે વચ્ચે પડવું પડ્યું અને 'આવતીકાલે ગણપતિ બાપાને લઈ આવવાના છે બધું ઘીના ઠામમાં ઘી પડી જશે' તેવું સમજાવી બધાને ઘરે રવાના કર્યા.

સૌ પોતપોતાની રીતે તૈયારીમાં લાગી ગયા હતા.

બહેનોએ સરસ મજાનું ડેકોરેશન કરી લીધું, પ્રસાદ ના થાળ આવી ગયા, ખાલી પંડાલથી માંડી અને ઉપસ્થિત ભક્ત સમુદાયની રીલ બનવા માંડી.

બહેનોમાં અને છોકરાઓમાં ઉત્સાહ હતો, પરંતુ વડીલો મોટાભાગે એકબીજાને પીઠ દેખાડી બેઠા હતા. મોઢા ચડાવી મનમાં ગણગણતા હતા.

પોણા ૧૧નું મૂરત છે બાપાનું સ્થાપન કરવા મેં વડીલોને કહ્યું કે 'ચાલો ગણપતિ બાપા ને વાજતે ગાજતે લઈ આવીએ.'

બધા એકબીજા સામે જોતા હતા, કારણ કે મૂર્તિ કેટલા ફૂટની? પ્લાસ્ટર ઓફ પેરિસની કે માટીની? તેમાં એટલી ઉગ્ર ચર્ચા થઈ ગઈ કે એકબીજાને કહી દીધું 'તમારે જેમ કરવું હોય એમ કરો.' અને આ મગજમારી માં કોઈએ કાંઈ કર્યું ન હતું.

બધી તૈયારી પછી ગણપતિબાપા જ ભુલાઈ ગયા હતા. ખરેખર ગણપતિ ઉત્સવ છે તે રિદ્ધિ અને સિદ્ધિના ઓવારણા લેવાનો ઉત્સવ છે, વિઘ્ન હર્તા દેવ છે, અને એવા ઘરે જ રાજી ખુશીથી બાપા પધારે જ્યાં ખુલ્લા મને, રાગ દ્વેષ વગર, સંપૂર્ણ ભક્તિ ભાવથી તેમને આવકાર મળે. બાપાએ અમારા વડીલોને ચમત્કાર દેખાડી દીધો. બધાના મોઢા વિલા થઈ ગયા. એકબીજાની માફી મંગાઈ, બગીચામાં જઈ માટીનો પિંડો તૈયાર કર્યો અને એક જ કલાકમાં સરસ મજાના ગણપતિ બાપા તૈયાર કરી ભક્તિ ભાવથી સેવા પૂજા કરી તેમની સ્થાપના કરી. ■

**વિચારવાયુઃ**

*ગણપતિ બાપાઃ એ' લા, તમે પણ ખરા છો. રિસાયેલા ફુવાને મનાવવા એક મહિનો સાચવી શકો. અને હું બધી રીતે અનુકૂળ, સુખ સમૃદ્ધિ આપું, છતાં દસ દિવસે મને પાછા ધકેલી દ્યો છો. 'આવતા વર્ષે આવજો' એ' લા આવ્યો છું તો રહેવા દે ને તને ક્યાં નડું છું?*

## ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# ભૂત-પ્રેતના ભ્રમ : જંતરમંતરના બખડજંતર...!




ભૂત-પ્રેત-પિશાચ-ડાકણ આ ચાર શબ્દ સાંભળતાં જ આપણાં મનમાં ઉત્કંઠા- રોમાંચ-રહસ્ય અને ભયનું એક ઠંડુંગાર લખલખું કરોડરજ્જુમાંથી પસાર થઈ જાય ને સાથે માથા પર પ્રસ્વેદ બિંદુ ફૂટી નીકળે..!

બ્રહ્માંડમાં ભમતાં-ભટકતાં આ કહેવાતા અસંતોષી આત્મા જ એક એવી જણસ છે, જે તમને ભય-ઉત્તેજના-રહસ્ય- રોમાંચ જેવાં 'ફોર ઈન વન' અનુભવ એકસાથે કરાવી શકે!

અમુક અગમનિગમ ઘટનાના આપણા અજ્ઞાન કરતાં અજ્ઞાત ભય આપણને વધુ ધ્રુજાવે છે... આમ છતાં ભૂત-ડાકણની વાત ભલે આપણી વાટ લગાડી દે તો પણ એ વાંચવી જાણવી જરૂર ગમે. ગમે તેવી ડરામણી હોય તો પણ ડરીને પણ લોકો એ માણે છે એ હકીકત છે.

આમ તો કોઈ પણ ભાષાની હોરર ફિલ્મ મોટાભાગે દર્શકોને ડરાવીને- ભયભીત કરીને બોક્સ ઓફિસ રણકાવતી હોય છે. એમાં જરૂરી નથી હોતું કે એ ફિલ્મો ભૂત-પ્રેત પ્રેરિત હોય. હા, ભૂત કે ડાકણ આવી ફિલ્મમાં એક વધારાનું રેડિમેડ તત્ત્વ જરૂર હોય છે.


ભૂત હવેલી : અહીં ભૂત-ડાકણ આ રીતે 'પ્રગટે' છે!

આપણે ત્યાં છેલ્લાં બે વર્ષમાં મનોરંજનની દુનિયામાં 'ભૂત -પ્રેત -ડાકણ'ની જબરી નીકળી પડી છે.

'ભૂલ- ભૂલૈયા' અને 'સ્ત્રી' જેવી હોરર -કોમેડી ફિલ્મમાં ૫૦ ટકાથી વધુ દર્શકો ડરપોક ગણાતી મહિલા હોય છે એવો એક અહેવાલ કહે છે!

આવાં અસૂરી તત્ત્વોની ફિલ્મો -વેબ સિરીઝ બોક્સ ઓફિસ એવી છલકાવે છે કે દર નવો ક્લાકાર ભૂત બનવા તૈયાર છે તો કોઈ પણ નવોદિત અભિનેત્રી ભૂતડી કે -ડાકણનો મેકઅપ ધારણ કરીને હિટ અને હોટ બનવા તત્પર છે. ભૂત -પ્રેતમાં જરાય ન વિશ્વાસ કરનારા નિર્માતા પણ અઢળક કમાવી દેતાં આ અનિષ્ટ તત્ત્વોમાં માનવા માંડ્યાં છે !

ગત વર્ષ ૨૦૨૪માં રજૂ થયેલી ફિલ્મોમાં 'ભૂત ભૂલૈયા -૩' ( રૂપિયાઃ ૪૨૩ કરોડ ) 'સ્ત્રી-૨' (૮૮૫ કરોડ) અને 'મૂંજ્યા' ( ૧૩૫ કરોડ), ઈત્યાદિ હિટ રહી એમાં મજાની વાત એ રહી કે આ બધી સફળ ફિલ્મ જાણીતા નિર્માતાઓના વૈભવી બજેટથી બની નથી. અનામી નિર્માતાઓએ ઓછા બજેટે આવો તગડો ધંધો કર્યો છે.

બીજા શબ્દોમાં કહીએ તો શાહરુખ -હૃતિક કે કાર્તિક જેવા સોહામણા સુપરસ્ટારની સરખામણીએ એકાદ કદરૂપો ભૂત કે બેડોળ-ડરામણી ડાકણ વધુ કમાવી આપે છે!

આગામી મહિનાઓમાં પણ જે હોરર-કોમેડી ફિલ્મ્સનો ઉમેરો થઈ રહ્યો છે એમાં 'છોરી-૨' 'ભૂતની' 'કપકપી' અને 'ઓયે ભૂતની કે...' ઉલ્લેખનીય છે.

આમ તો ફિલ્મી દુનિયાના 'અતૃપ્ત આત્મા'ની વાતો નિર્માતાઓ માટે જેટલી નફાકારક છે એવી જ રસપ્રદ છે બહારના જગતમાં ગાજેલી ભૂત -પ્રેતના ખોફની વાતો...

અગમનિગમની દુનિયાનાં ભૂત-પ્રેત-પિશાચ જેવાં પાત્રોનું અસ્તિત્ત્વ છે કે નહીં એ જબરા મત-મતાંતરનો વિષય છે, પણ ભૂત-ડાકણના મહેલ-બંગલા- હવેલીની કથા કંપાવનારી હોવા છતાંય જબરી મજેદાર હોય છે.

એમાં મડર્ર-મિસ્ટ્રી-હોરર જેવાં લોકપ્રિય કથાના બધા જ તત્ત્વ ઠાંસોઠાંસ ભરેલા હોય છે.

જગતના એવાં કેટલાંય સ્થળો છે, જે ભૂત-ડાકણના કહેવાતા વાસ-આવાસને લીધે વગોવાઈ ગયા છે. અનેક અતૃપ્ત આત્મા તો દાયકાઓથી ભમતા ભટકતા રહે છે.

આમાં ના કેટલાક તો 'વર્લ્ડ ફેમસ' થઈ ગયા છે. એમની વાત વગર ભૂત- પ્રેતકથાઓ સાવ અધૂરી. એ બધામાં સૌથી જાણીતી છે એક લેડી ભૂત અર્થાત ડાકણ, જે આજે સૈકાઓ પછી પણ બ્રિટનની 'બ્રાઉન લેડી ઓફ રિધમ હોલ ' અને અમેરિકાના પૂર્વ પ્રેસિડન્ટ અબ્રાહમ લિંકનનું વ્હાઈટ હાઉસમાં લટાર મારતા ભૂતની કથા બહુ જાણીતી છે.

૧૯૩૬માં તો આ ભૂત 'બ્રાઉન લેડી'નો છાયો પણ એક તસવીરમાં ઝડપાઈ હતી એવો દાવો થાય છે.

આપણા ભારતમાં પણ આવાં કેટલાંક ભૂતિયાં સ્થળ છે એની તો વિગતવાર વાત માંડવી પડે, જે અહીં સ્થળ -સંકોચને લીધે શક્ય નથી. ખેર, આ બધા વચ્ચે થોડા સમય પહેલાં આવી એક ભૂત હવેલી અખબારો- ટીવી ચેનલોમાં બહુ ચમકી હતી.

આયર્લેન્ડમાં ૧૪મી સદીમાં બંધાયેલી એક વિશાળ હવેલી અત્યારે સાવ અવાવરુ છે, કારણ કે કહે છે કે બે-ત્રત્ર માથાભારે ભૂતના વાસનો ત્યાં ત્રાસ છે.

વેક્સફોર્ડ ટાઉનમાં ૬૭ એકર જમીન પર આવેલી ૨૭ હજાર સ્કેર ફુટ્ની 'લોફટ્સ હોલ' તરીકે ઓળખાતી હવેલીમાં સદીઓ પૂર્વે એક વરસાદી સાંજે એક આગંતુક આવ્યો અને રાતભર માટે આશ્રય માગ્યો. રાતે હવીલીના માલિક-માલકણ અને પેલો મહેમાન ડ્રિન્ક્સ-ડિનર કરતાં બેઠા હતા ત્યાં હવેલીની લેડી માલિકને ન જાણે એવું લાગ્યું કે આ અજાણ્યો આગંતુક સામાન્ય માનવી નહીં, પણ કોઈ અતૃપ્ત આત્મા છે. લેડીને પોતાની સાચી ઓળખ થઈ ગઈ છે એવો અણસાર આવતા જ પેલો મહેમાન-ભૂત એક ધડાકા સાથે અગનગોળો બનીને ગાયબ થઈ ગયો અને નજર સામે જ આ ભયાનક દૃશ્ય જોઈને પેલી લેડીનું ત્યાં જ હાર્ટફેલ થઈ ગયું. ત્યાર પછી કહે છે કે આ લેડી તથા પેલા મહેમાનના અતૃપ્ત આત્મા ત્યાં હવેલીમાં જ ભટકે છે.!

ત્યારથી જ અવાવરું-ભેંકાર પડેલી આ હવેલીમાં ભૂત-પ્રેતના ભયથી કોઈ જતું નથી. હા, એના અત્યારના માલિક એઈડન કિવ્ગલેએ થોડા સમય પહેલાં હવેલીની મરમ્મત કરાવી છે અને એ આ વેંચી નાખવા ઈચ્છે છે. આ વિશાળ હવેલીમાં ૨૨ રૂમ તથા ૯૭ બારી ઉપરાંત એક ખાનગી બીચ પણ છે. આ સમગ્ર પ્રોપર્ટીની કિંમત આજે કરોડો રૂપિયા છે, પણ ભૂત-ડાકણ હવીલીનો જ્યાં સુધી સોદો ન થાય ત્યાં સુધી આ હવેલી પર હોરર ફિલ્મોના શૂટિંગ થાય છે. પર્યટકો માટે 'ઘોસ્ટ સ્પોટ- ટૂર'નું આયોજન થાય છે. હવેલી-ટૂરના આયોજક- માલિક ટૂરિસ્ટોને એટલું જ કહે છેઃ 'અમારી આ ઘોસ્ટ હવેલી પર હોંશે હોંશે પધારો..નસીબ સાથ દેશે તો અમારા મનમોજી એવા બે ફેમસ ભૂત સાથે મુલાકાતનો લ્હાવો પણ મળશે!'

હવેની આ ઘટના આપણા મૈરુતની છે. અહીં પોલીસે એક યુવાનને સંભવિત આરોપી તરીકે પકડીને કસ્ટડીમાં નાખ્યો. ગુનો કબૂલ કરાવવા પોલીસે મારઝુડ કરી. એમાં પેલા યુવાન આરોપીએ જેલ કસ્ટડીમાં આપઘાત કરી નાખ્યો. પોલીસે આ કેસ રફેદફે તો કરી નાખ્યો, પણ ક-મોતથી માર્યા ગયેલા પેલા યુવાન આરોપીનું 'ભૂત' જાણે વેર વાળવું હોય તેમ રોજ સવાર-સાંજ પોલીસ સ્ટેશનમાં પ્રગટ થવા લાગ્યું અને એની અનેક પ્રકારની ડરામણી હરકતોથી પોલીસ ટીમને એવું રંજાડવા માંડ્યું કે ત્યાંનો પોલીસ સ્ટાફ ભયભીત થઈને ભાગી ગયો! પાછળથી આવા 'વૈરી' ભૂતને કાબૂમાં લેવા એક બ્રાહ્મણની સલાહથી પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં રામભકત ભીડભંજન હનુમાનજીનું એક મિનિ મંદિર બાંધવામાં આવ્યું અને ત્યાં શાસ્ત્રોકત વિધિ સાથે નિયમિત હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા પછી પોલીસ કસ્ટડીમાં પેલા યુવાનનું અપ-મૃત કેમ થયું એના માટે ફરીથી પોલીસ તપાસ શરૂ થઈ એ બાદ પેલા ભૂતનો રંજાડ બંધ થઈ ગયો !




ભૂત-પ્રેત કે ડાકણ જેવા અતૃપ્ત આત્માના વળગાડથી મુક્તિ અપાવવાનો દાવો કરતાં ભૂવા-તાંત્રિક- બંગાળી બાબા-મૌલવી કે કહેવાતા માતાજીના ભક્તો આપણા દેશ અને વિદેશોમાં પણ અસંખ્ય છે.

શ્રીલંકાના એક જાણીતા તાંત્રિક તો ન્યૂયોર્કની વૈભવી હોટેલ્સમાં માત્ર પાંચેક ડૉલરની સસ્તી ટિકિટ રાખીને સંખ્યાબંધ શો રાખીને સ્ત્રીઓના વળગાડ કઈ રીતે કાઢવાની એની રીત શીખવે છે!

આવા તો અનેક લેભાગુ લોકો છે, જે લોકોના અજ્ઞાન અને અંધશ્રદ્ધા તથા અજ્ઞાત ભયનો પૂરેપૂરો ગેરફાયદો કઈ રીતે લે છે એની બીજી અનેક રોચક કથાઓ છે, પણ એ વિશે ફરી ક્યારેક..! ■

### કેટલા પ્રકારના હોય છે અતૃપ્ત આત્મા?

હજુ સુધી જીવન અને મૃત્યુ વચ્ચેની આ દુનિયા આપણે સમજી નથી શક્યા. ત્યારે કેટલાંક અજાણ્યા ભય આપણને ડરાવે છે એમ આકર્ષિત પણ કરે છે. હિંદુ ધર્મમાં પુનર્જન્મની માન્યતા છે. જ્યાં સુધી આત્મા તેનું આગલું નવું શરીર ન મેળવે ત્યાં સુધી એ ભટકતો ફરે છે. આ જ કારણ છે કે હિંદુ ધર્મમાં એક નહીં, પરંતુ ઘણા અલગ-અલગ પાત્રો છે, જે ન તો મનુષ્ય છે અને ન તો દેવ. એને આપણે બધા એક શબ્દમાં 'ભૂત' કહી શકીએ, જેનો અર્થ થાય છે 'વીતી ચુકેલું'.



**પિશાચ :** ખ્રિસ્તી માન્યતા પ્રમાણે જે મનુષ્યનું લોહી પીને અને એનું માંસ ખાઈને જીવે છે એ 'વેમ્પાયર'- પિશાચ છે. એક માન્યતા અનુસાર પિશાચની પણ મનુષ્યની જેમ યોનિ-વિવિધ જન્મ હોય છે.

**પ્રેત :** પ્રેતનો ઉલ્લેખ માત્ર હિંદુ ધર્મમાં જ નથી, પરંતુ ચાઈનીઝ, જાપાનીઝ, બૌદ્ધ અને વિયેતનામી સંસ્કૃતિમાં પણ જોવા મળે છે. પ્રેતનો અર્થ થાય છે 'ભૂખી આત્મા', જેણે પાછલા જન્મમાં ખોટાં કાર્ય કરે છે અને એનો લોભ કે ભૂખ તૃપ્ત નથી થઇ. આવી અતૃપ્તતાને કારણે પ્રેત તરીક ભટકે છે. આવા પ્રેત આત્મા મનુષ્યને હેરાન પણ કરે છે.

**જિનઃ** ઇસ્લામમાં જિનને માનવામાં આવે છે. ઇસ્લામમાં કહેવાયું છે કે જિન તરીકે ઓળખાતો અતૃપ્ત આત્મા અગ્નિના બનેલા છે. એ ઉદાર છે. કોઈને પરેશાન કરતો નથી. કોઈ પર રાજી થાય તો જિન એ મનુષ્યને ઇચ્છા પૂરી કરે છે, પરંતુ બદલામાં જિન કશું માગી પણ લે છે!

**ડાકણઃ** કોઈપણ બૂરી સ્ત્રીને ડાકણ સમજવાની પ્રથા માત્ર ભારતમાં જ નહીં, પરંતુ પશ્ચિમમાં પણ પ્રચલિત છે. એવું કહેવાય છે કે સુંદર સ્ત્રી મેલીવિદ્યા દ્વારા પુરુષને વશ કરીને મારી નાખે છે... ડાકણની ઓળખ એના ઊંધા પગ છે.

**બ્રહ્મરાક્ષસઃ** કહેવાય છે કે બ્રહ્મરાક્ષસ એ દુષ્ટાત્મા છે જે બ્રાહ્મણ જેવા કર્મ સાથે જીવતા હતા, પણ પૂજા કાર્ય ન કર્યું એટલે મૃત્યુ બાદ બ્રહ્મરાક્ષસ બની ગયા.

## વિશેષ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# લોન તમારા માટે સહાય કે ગળે ફાંસો?




એક એવો સમય હતો જ્યોરે લોકોને લોન નહોતી મળતી. બૅંકથી લોન લેવા માટે લોકોએ કેટકેટલી લાગવગ લગાડવી પડતી અને જરૂર પડે તો બૅંકના ચપરાસીથી લઈને મેનેજર સુધી લાંચ આપવા માટે પણ તૈયાર રહેવું પડતું. અને આજે એવી સ્થિતિ છે કે લોન લેવાથી લોકો ગભરાઈ રહ્યા છે. જો તમારી પાસે સ્માર્ટ ફોન હોય તો તમે ચોક્કસ અનુભવ્યું હશે કે, રોજ લોન માટે ૨ કે ૩ ફોન તો આવતા જ હશે. મોટાભાગના લોકો આવો ફોન સાંભળતા જ કોલ કાપી નાખે છે. સવાલ એ છે કે, વર્ષો પહેલાં લોકો લોન લેવા માટે તરસતા હતા અને હવે એવું તો શું થયું કે, લોકો હવે લોન શબ્દ સાંભળી દૂર ભાગે છે.

૯૦ના દાયકામાં કે આ સદીની શરૂઆતના પહેલા બે દાયકાના લોકો જે આ ગાળામાં જવાન થયા છે અને જેમણે ગૃહસ્થી સંભાળી છે તેઓ જાણે છે કે, ૯૦ ટકાથી પણ વધુ લોકો લોન લઈને જ તેમની કિસ્મત બદલી શક્યા હતાં. પરંતુ હવે એવું શું બન્યું કે આમ જનતા લોન લેવા માટે અચકાય છે? સાલ ૨૦૨૪-૨૫માં લોન લઈને કેટલા લોકો પરેશાન થયા છે એ આ આંકડાઓથી ખબર પડશે. જ્યારે સાલ ૨૦૨૩-૨૪ માં દેશની ટોટલ ક્રેડિટ વૃદ્ધિ ૨૦ ટકા હતી, જે ૨૦૨૪-૨૫માં ઓછી થઈને ૧૧ ટકા થઈ ગઈ છે. રિટેલ કે વ્યક્તિગત લોન લેવા માટે સાલ ૨૦૨૩-૨૪માં ૨૩ ટકા હતા. ત્યાં ૨૦૨૩-૨૪માં ૩૧ ટકા હતી તો ૨૦૧૪-૨૫માં લગભગ ૧૩ ટકા થઈ ગઈ અને આની સાથે વાહન લોન લેવા માટેના દરમાં ભારે ઘટાડો જોયો. સાલ ૨૦૨૩-૨૪માં ૩૭ ટકા હતાં તો સાલ ૨૦૧૪-૨૫માં ઓછા થઈને ૧૦ થી ૧૧ ટકા હતી. હદ તો એ થાય છે કે, ખેડૂતોની લોન માટે જ્યાં નાણાકિય વર્ષ ૨૦૨૪માં ૨૦ ટકાથી વૃદ્ધિ થઈ હતી, તે ૨૦૨૪-૨૫માં ઓછી થઈને ૯ થી ૧૨ ટકા રહી છે. નોન બૅંકિંગ એનબીએફસી દ્વારા વિતરણ કરવામાં આવેલી લોનના દર ૨૦૧૩-૨૪ માં ૨૦.૮ ટકા હતા, જ્યારે ૨૦૨૪-૨૫માં આ ઓછો થઈને ૧૧.૨ થી ૧૩.૪ ટકા સુધી આવી ગયો છે.

જ્યારે આ દરમિયાન સોનાની લોન લેવા માટે ખાસ્સી એવી વૃદ્ધિ થઈ છે. લોન લેવા માટે ખચકાતા લોકો જોઈને આરબીઆઈ એ બૅંકોએ લોન આપવાની પ્રક્રિયાને સરળ બનાવાનો આદેશ આપ્યો છે. જેના લીધે જૂન ૨૦૨૫થી બૅંકોએ લોન આવેદન સ્વીકારવા અને લોન પ્રોસેસિંગ પ્રક્રિયાને પૂરી કરવા માટે ઘણી સરળ બનાવવાની કોશીશ કરી છે. તે છતાં સાલ ૨૦૨૫માં હજી સુધી લોન લેવાવાળાની સંખ્યા પાછલાં વર્ષના આ સમયના મુકાબલે ૯ ટકાથી પણ વધારે ઓછી થઈ ગઈ છે. સવાલ એ છે કે, આખરે લોન લેવા માટે લોકો કેમ આટલા ગભરાય છે? આમજનતા હોય કે ખાસ, ખેડૂત હોય કે વિદ્યાર્થી, આ બધા જ આજની તારીખમાં લોન લેવા માટે શા માટે ગભરાય છે? આનું કારણ શું છે?

આ એક ગંભીર પરિસ્થિતિ છે, કારણ કે આપણે દિવસ રાત આ જ વાતોનો ઉલ્લેખ કરી થાકતાં નથી કે ભારત દુનિયાની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ચુકી છે અને સાલ ૨૦૪૭ સુધી ભારત વિકસિત દેશ થઈ જશે, જેનો અર્થ આજે એટલે કે, સાલ ૨૦૨૫ થી ૨૦૪૭ સુધી ભારતનો આપણા વિકાસનો દર ૮ થી ૯ ટકા સુધી વૃદ્ધિ નોંધાવશે. ત્યારે જઈને આપણને આ ઉપલબ્ધીઓ પ્રાપ્ત થશે. પરંતુ કોઈ પણ દેશના લોકો લોન લઈને પોતાની કિસ્મત સુધારવા માટે ડરતા હોય તો તેમાં આમજનતા પોતાનો વિકાસ ન કરી શકે, અને તે દેશ પણ કયારેય જલદીથી આગળ નહીં વધી શકે. વધુમાં એમ છે કે, જો લોન લેવાથી આપણે આ રીતે ગભરાશું તો, સાલ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય કઈ રીતે સાધ્ય કરી શકીશું?

પરંતુ આની પહેલા સવાલ એ છે કે, આખરે લોકો લોન લેવા માટે શું કામ અચકાય છે. શા માટે, આરબીઆઈને બૅંકો પર દબાવ નાખવો પડે કે, આ જ આમ જનતા લોકોની લોન લેવાની પ્રક્રિયાને સરળ કરશે. આ છતાં પણ લોન લેવા માટે લોકો કેમ હિંમત નથી કરી શકતાં? આમ જોઈએ તો, લોન લેવા માટે લોકો રાતોરાત નથી ડર્યા. આ ડરની પાછળ લોકોનો વિશેષ કરીને આમ જનતાના ડરની પાછળ બૅંકોની જબરદસ્ત લૂંટ છે. આ દેશમાં બૅંક મોટા મોટા ઉદ્યોગપતિઓને હજારોકરોડ રૂપિયાનું ઋણ આપીને ભલે નુકશાન ઉઠાવી રહી હોય, પરંતુ તે બૅંક આમજનતાને થોડા લાખો અથવા થોડા હજારોની લોન આપી તેનાથી વધારે દરમાં વસૂલી કરે છે. અને જો ટાઈમસર ન ચુકવી શકો તો એટલું દબાણ આપે કે એમ જ લાગે કે જાણે આપણી લોન પર જ તેઓની બૅંક ચાલે છે. જેણે હોમ લોન લીધી હોય તેઓને તો મહિનાની શરૂઆતમાં જ ઈએમઆઈ ભરવાના મેસેજ આવવા લાગે છે. અને જો ભૂલથી ઈએમઆઈ ભરવાની તારીખ નીકળી જાય તો તેના પર પણ વ્યાજ લાગે છે. જ્યારે આ જ બૅંક મોટી કોર્પોરેટ કંપનીઓને ૧ થી ૫ દિવસ સુધી હપ્તો ચુકવવા માટે સમય આપે છે અથવા જો વ્યવસ્થા ન હોય તો એકાદ અઠવાડિયા માટેનો સમય આપે છે. આટલો પક્ષપાત શા માટે?

બૅંક ૧૦થી ૨૦ લાખ રૂપિયાની લોન લેવાવાળાઓને હંમેશાં શકની નજરે જુએ છે અને તેઓ દ્રઢપણે માને છે કે, આ લોકો આટલી મોટી લોન ચુકવી જ નહીં શકે અને તેમની સાથે વ્યવહાર પણ અણગમતો હોવાને કારણે આમજનતા લોન લેવા માટે અચકાય છે. પર્સનલ લોન લેવાવાળાને બૅંક અને નોન બૅંકિંગ ફાઈનાન્સ કંપનીઓ, બન્ને આમજનતા પાસે અણધાર્યા વ્યાજ વસૂલે છે અને ભૂલથી પણ જો એકાદ હપ્તો મીસ થઈ જાય તો વ્યાજ વસૂલી કરવા માટે તેમના ઘરે જતાં પણ અચકાતા નથી. આ જ કારણોસર સાલ ૨૦૨૩-૨૪માં જ્યારે ૧૭ ટકા લોકોએ વ્યક્તિગત લોન લીધી હતી ત્યારે ૨૦૧૪-૨૫માં આ દર ઘટીને ૧૩-૧૪ ટકા થઈ ગયો. આ રીતે જોઈએ તો બૅંકોથી લોન લેવા માટે આમજનતા ઓછી થઈ ગઈ છે તેનું કારણ બીજુ કોઈ નહીં માત્ર બૅંક પોતે જ છે.

આમજનતા લોન લેવાથી એટલે ગભરાય છે કારણકે ૨૦૨૨ થી ૨૦૨૪ની દરમિયાન બૅંકલોનની ઈએમઆઈમાં લગાતાર વૃદ્ધિ થઈ છે. કારણ કે, આરબીઆઈને આ દરમિયાન રેપો રેટ તરફથી મળ્યો છે. આ જ નહીં આરબીઆઈને જ્યાં ઘોષણાની તરત બાદ બૅંકોના રેપો રેટમાં ઘટાડો કર્યો હતો, જ્યાં બૅંકો વ્યાજ લેવાવાળાની લોન સાઈકલને આધારે વ્યાજ દરમાં ઘટાડો કર્યો છે. ઘણા લોકોને લોન સાઈકલના કારણે બે અથવા ત્રણ મહિના પછી વ્યાજ દરમાં ઘટાડાનો ફાયદો મળી શક્યો હતો, બેંકોને જે ફાયદો પહેલા દિવસથી જ મળવા લાગ્યો હતો. આ રીતે સામાન્ય લોકોને વ્યાજ આપવાવાળી બૅંકોને આરબીઆઈના નિયમમાં પણ ટેકનિકલ રૂપથી વ્યાજ લેવાવાળાઓને નિરાશ કર્યા છે.

પાછલા ઘણા વર્ષોમાં ફલોટિંગ દરો પર લોન લેવાવાળાને હફતાના ભાગોમાં જે વધારો મળ્યો છે, એના કરતાં પણ લોકોમાં એવો ડર બેઠો છે કે, બૅંકથી લોન લેવી એટલે આપણે પોતે જ ગળામાં ફાંસો નાખવો. છેલ્લાં થોડાં ઘણા વર્ષોમાં લોકો ક્રેડિડ કાર્ડ લઈને જે ફસાણા છે એને જોઈને પણ લોકો પર્સનલ લોન લેતા અચકાયા છે. આ બધાને એક સાથે આર્થિક અનિશ્ચિતા અને નોકરી ખોવાવાનો ડર સતત રહે છે. કોરોના પછી ઘણા એમ કહે છે કે, સ્થિતિ સુધરી ગઈ છે પરંતુ હજીપણ ઘણાને માથે અનિશ્ચિતતાની તલવાર લટકેલી છે.

જીએસટી તેમજ લોન ચુકાવવાની શરતોને કારણે નાના વેપારીઓ અને ખેડૂતોનો લોન લેવા પરનો ભરોસો ડગમગાઇ ગયો છે. પાછલાં બે વર્ષોની અંદર ડિજિટલ લોન એપ્સના માધ્યમ દ્વારા દેશમાં કરોડો લોકો છેતરાઈ ગયા છે અને અપમાનિત થયા છે આને કારણે પણ લોકોનો વિશ્વાસ લોન પરથી ઉઠી ગયો છે. સૌથી મોટી વાત તો એ છે કે, એક વાર ફરીથી લોન લેવી એટલે પોતાના ગળામાં જ ફાંસો નાખવો. તેથી લોકો લોનથી પણ દૂર ભાગે છે. પરિણામે લોન લેવાવાળા લોકોની સંખ્યાઓ ઘટી છે. આ જ કારણે લોકો હવે લોન લેતા અચકાય છે. ■

### લોન લેવાથી લોકો ગભરાય છે એનું કારણ શું?

આમજનતા લોન લેવાથી એટલે ગભરાય છે કારણકે ૨૦૨૨ થી ૨૦૨૪ની દરમિયાન બૅંકલોનની ઈએમઆઈમાં લગાતાર વૃદ્ધિ થઈ છે. કારણ કે, આરબીઆઈને આ દરમિયાન રેપો રેટ ૪ ટકાથી વધારીને ૬.૫ ટકા સુધી કરી છે. પરંતુ આના પછી જ્યારે આરબીઆઈએ પાછલા એક વર્ષમાં ૩ ભાગમાં રેપો રેટ લગભગ ૧ ટકા સુધી ઓછો કરી નાખ્યો છે તો બૅંકોએ આ દરમિયાન પોતોના વ્યાજ દરોમાં થોડો ઘટાડો કર્યો છે. એટલો ઘટાડો નથી કર્યો જેટલો તેમને આરબીઆઈ તરફથી મળ્યો છે. આ જ નહીં આરબીઆઈને જ્યાં ઘોષણાની તરત બાદ બૅંકોના રેપો રેટમાં ઘટાડો કર્યો હતો, જયાં બૅંકો વ્યાજ લેવાવાળાની લોન સાઈકલને આધારે વ્યાજ દરમાં ઘટાડો કર્યો છે. ઘણા લોકોને લોન સાઈકલના કારણે બે અથવા ત્રણ મહિના પછી વ્યાજ દરમાં ઘટાડાનો ફાયદો મળી શક્યો હતો, બેંકોને જે ફાયદો પહેલા દિવસથી જ મળવા લાગ્યો હતો. આ રીતે સામાન્ય લોકોને વ્યાજ આપવાવાળી બૅંકોને આરબીઆઈના નિયમમાં પણ ટેકનિકલ રૂપથી વ્યાજ લેવાવાળાઓને નિરાશ કર્યા છે.

પાછલા ઘણા વર્ષોમાં ફલોટિંગ દરો પર લોન લેવાવાળાને હફતાના ભાગોમાં જે વધારો મળ્યો છે, એના કરતાં પણ લોકોમાં એવો ડર બેઠો છે કે, બૅંકથી લોન લેવી એટલે આપણે પોતે જ ગળામાં ફાંસો નાખવો. છેલ્લાં થોડાં ઘણા વર્ષોમાં લોકો ક્રેડિડ કાર્ડ લઈને જે ફસાણા છે એને જોઈને પણ લોકો પર્સનલ લોન લેતા અચકાયા છે. આ બધાને એક સાથે આર્થિક અનિશ્ચિતા અને નોકરી ખોવાવાનો ડર સતત રહે છે. કોરોના પછી ઘણા એમ કહે છે કે, સ્થિતિ સુધરી ગઈ છે પરંતુ હજીપણ ઘણાને માથે અનિશ્ચિતતાની તલવાર લટકેલી છે.

જીએસટી તેમજ લોન ચુકાવવાની શરતોને કારણે નાના વેપારીઓ અને ખેડૂતોનો લોન લેવા પરનો ભરોસો ડગમગાઇ ગયો છે. પાછલાં બે વર્ષોની અંદર ડિજિટલ લોન એપ્સના માધ્યમ દ્વારા દેશમાં કરોડો લોકો છેતરાઈ ગયા છે અને અપમાનિત થયા છે આને કારણે પણ લોકોનો વિશ્વાસ લોન પરથી ઉઠી ગયો છે. સૌથી મોટી વાત તો એ છે કે, એક વાર ફરીથી લોન લેવી એટલે પોતાના ગળામાં જ ફાંસો નાખવો. તેથી લોકો લોનથી પણ દૂર ભાગે છે. પરિણામે લોન લેવાવાળા લોકોની સંખ્યાઓ ઘટી છે. આ જ કારણે લોકો હવે લોન લેતા અચકાય છે.

# મુંબઈમાં અનામતની આગ

તસવીરોઃ અમય ખરાડે




મહારાષ્ટ્રના ખૂણેખૂણેથી મુંબઈમાં મરાઠાઓ આવ્યા હોવાથી રસ્તાઓ જામ થઈ ગયા હતા



પાણીના ટેન્કરો પર ચઢી ગયા હતા મરાઠાઓ



ટ્રેનોમાં ભીડ થવાને કારણે મુંબઈનો નોકરિયાત વર્ગ હેરાન થયો હતો



સીએસએમટી ખાતે ટ્રેનોની રાહ જોતા અને આરામ ફરમાવતા આંદોલનકારીઓ



બિસ્કિટો અને ફૂડ પૅકેટ લેવા ઊમટી પડ્યા આંદોલનકારીઓ



છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) પરનો માનવ મહેરામણ



મરાઠા આંદોલનના સમર્થનમાં નારાઓ લગાવવામાં આવ્યા હતા



આંદોલનકારીઓ મનફાવે તેમ રસ્તાઓ પર બેસી ગયા હોવાથી ટ્રાફિક-જૅમ થયો હતો

## ફન વર્લ્ડ


'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| નખ્ખોદ | પરિણામ |
| નચિંત | સત્યાનાશ |
| નજરાણું | ખરાબ |
| નઠારું | ભેટ |
| નતીજો | બેફિકર |

### ઓળખાણ પડી?



મુખ્યત્વે ફિલિપાઇન્સમાં જોવા મળતા આ નયનરમ્ય ફૂલની ઓળખાણ પડી? એનું પરાગનયન ચામાચીડિયા દ્વારા થાય છે.

અ) CACTUS બ) JADE VINE
ક) DAFFODIL ડ) CHRYSANTHEMUMS

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગ | ણે | ૨ શ | ચ | ૩ તુ | ર્થી | | ૪ મો | ૫ દ | ક |
| જા | | ત | | રં | | ૬ ગા | જ | ર | |
| ૭ ન | વ્ય | | ૮ આ | ગ | ૯ મ | ન | | | ૧૦ કા |
| ન | | ૧૧ ઉ | ર | | હા | | ૧૨ આ | પૂ | ર્તિ |
| | ૧૩ પા | ર્વ | તી | | ૧૪ રા | ફા | ડા | | કે |
| ૧૫ દ્વા | દ | શી | | ૧૬ લા | જ | | | ૧૭ ન્યા | ય |
| | ટી | | ૧૮ ભૃ | ગુ | | ૧૯ આ | ૨૦ હ | ત | |
| ૨૧ અ | પ | ૨૨ કૃ | ત્ય | | ૨૩ ખા | ર | વા | | ૨૪ ચ |
| રે | | ત | | ૨૫ ભ | વ | | બા | | રિ |
| | ૨૬ વિ | ઘ્ન | હ | ર્તા | | ૨૭ ગૌ | રી | પુ | ત્ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | | | ૬ |
| | | ૭ | | ૮ | | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | | | ૧૨ | | | |
| ૧૩ | | | ૧૪ | | ૧૫ | | | ૧૬ | |
| | ૧૭ | | | | | | ૧૮ | | |
| ૧૯ | | | | | ૨૦ | | | ૨૧ | |
| | | ૨૨ | | | | | ૨૩ | | |
| ૨૪ | | | | | | ૨૫ | | | ૨૬ |
| | | | | | ૨૭ | | | ૨૮ | |
| | | | | ૨૯ | | | | ૩૦ | |

**આડી ચાવી**

૧. મળેલા જીવ ફિલ્મ નવલકથા પર --- હતી (૪)
૪. જો, સુગંધી લાકડું (૩)
૭. ઘરવખરી (૩)
૯. માળા, મેડી (૨)
૧૦. વિદાય લેવી (૩)
૧૨. વૃક્ષ વિના --- ના ચડે (૨)
૧૩. સ્ત્રીઓ --- રંગે (૨)
૧૪. અમૃત જેવો (૪)
૧૬. પિતાજી (૨)
૧૭. સિંહની ત્રાડ (૩)
૧૮. અભિમાનની સાથે (૩)
૧૯. --- નવ દહાડા (૨)
૨૦. અંતઃકરણ (૨)
૨૧. વાણી (૨)
૨૨. --- માં ત્રણ મોટાં યુદ્ધ થયેલાં (૪)
૨૩. રમૂજ, મજાક, (અ.) (૨)
૨૪. સુંદર, મનમોહક (૪)
૨૫. પાણી (૨)
૨૭. પાણીમાં લાગેલી આગ (૫)
૨૯. --- કાપીને ટુકડા કરે (૩)
૩૦. વસ્ત્રવિહીન (૨)

**ઊભી ચાવી**

૧. ગણેશચતુર્થીએ બાપાનું --- થાય (૪)
૨. રોષે ભરાઇને અબોલા પાળવા (૩)
૩. પરવા (૨)
૫. પોલાદ, એક જાતના ચોખા (૪)
૬. જતનથી (૬)
૮. કામ વગરની, ફાલતું (૩)
૧૧. કામ વિના ભટકવું (૪)
૧૪. જેની કલ્પના પણ નથી કરી (૫)
૧૫. થોડુંક, જરાક, (૪)
૧૬. માળી (૪)
૧૯. જાદુથી લોકોની આંખ ભુલાવામાં નાખવી તે (૫)
૨૨. ગદગદું (૪)
૨૩. હું તો બસ --- આવ્યો છું (૩)
૨૫. નિર્ભય (૩)
૨૬. જોડાયેલું (૩)
૨૭. શબ --- એટલે મડદાની જેમ (૨)
૨૮. ખ્રિસ્તી સાધ્વી (૨)

### ગુજરાત મોરી મોરી રે

કાવ્યાત્મક ટાઈટલ ધરાવતાં નાટકોના નિર્માણ અને દિગ્દર્શન માટે જાણીતા કાંતિ મડિયાનું પ્રવીણ સોલંકી લિખિત નાટકનું નામ જણાવો.

અ) અમે બરફના પંખી બ) કુમારની અગાશી
ક) તોખાર ડ) કોઈ ભીંતેથી આયના ઉતારો

### જાણવા જેવું

વેનિસ 'નહેરોના શહેર' તરીકે ખ્યાતિ ધરાવે છે. શહેરની સંખ્યાબંધ નહેર શહેરની જાણે કે સોનામહોર છે. વેનિસમાં પાંચ પચીસ કે પચાસ નહીં, બલ્કે ૧૫૦ નહેર વહે છે અને શહેરની શોભા વધારે છે. સૌંદર્યનો ગુણાકાર થાય છે અને વેનિસ ટાપુઓના શહેર જેવું પ્રતિત થઈ પર્યટકોની આંખ ઠારે છે.

### સુડોકુ-૯૦૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૨ | | | | | ૭ | |
| ૮ | | | ૭ | ૧ | ૬ | ૩ | ૪ | |
| ૭ | | | | ૨ | | | | |
| ૧ | ૪ | ૬ | ૯ | | | | | ૩ |
| | | | | ૬ | | | | |
| ૩ | | | | | ૪ | ૯ | ૮ | ૬ |
| | | | | ૪ | | | | ૮ |
| | ૯ | ૩ | ૮ | ૫ | ૧ | | | ૭ |
| | ૮ | | | | | ૧ | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૮ | ૭ | ૫ | ૯ | ૬ | ૧ | ૪ |
| ૯ | ૬ | ૪ | ૮ | ૧ | ૨ | ૫ | ૭ | ૩ |
| ૫ | ૭ | ૧ | ૪ | ૩ | ૬ | ૯ | ૨ | ૮ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૨ | ૧ | ૭ | ૮ | ૯ |
| ૮ | ૨ | ૭ | ૯ | ૪ | ૫ | ૧ | ૩ | ૬ |
| ૬ | ૧ | ૯ | ૩ | ૮ | ૭ | ૨ | ૪ | ૫ |
| ૧ | ૫ | ૩ | ૨ | ૬ | ૮ | ૪ | ૯ | ૭ |
| ૪ | ૯ | ૬ | ૧ | ૭ | ૩ | ૮ | ૫ | ૨ |
| ૭ | ૮ | ૨ | ૫ | ૯ | ૪ | ૩ | ૬ | ૧ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

વિશ્વનું કયું શહેર આર્કિટેક્ચરની કમાલને લીધે 'સિટી ઓફ થાઉઝન્ડ મીનરેટ્સ' (હજારો મિનારોના શહેર) તરીકે ખ્યાતિ ધરાવે છે?

અ) સિડની બ) કૈરો
ક) બગદાદ ડ) શાંઘાઈ

### નોંધી રાખો

જીવનમાં એક વાત કાયમ યાદ રાખી હૈયે કોતરી લેજો કે જે લોકો ભાનમાં હોય છે એમને ક્યારેય અભિમાન નથી આવતું.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૧૧, ૩૩, ૬૬, ૧૧૦, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૧૦ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૪૦ બ) ૧૬૫
ક) ૧૮૬ ડ) ૨૦૫

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ધખારો | ઉકળાટ |
| ધગશ | હોંશ |
| ધરખમ | મજબૂત |
| ધજાગરો | ફજેતી |
| ધનગર | ભરવાડ |

ગુજરાત મોરી મોરી રે
ઢીંગલી ઘર

ઓળખાણ પડી
CARNATION

માઈન્ડ ગેમ
૨૪૪

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
શિકાગો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૯) નીતા દેસાઈ (૧૦) હર્ષા મહેતા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) પુષ્પા પટેલ (૧૬) મહેન્દ્ર લોઢાવિયા (૧૭) મીનલ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) નૂતન વિપીન શાહ (૨૧) વિપીન શાહ (૨૨) જીત શાહ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) પ્રવીણ વોરા (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) શ્રદ્ધા આશર (૨૭) નિતિન જયંતિલાલ બજરિયા (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) ભાવના કર્વે (૩૧) અંજુ ટોલિયા (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) મહેશ દોશી (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) પુષ્પા ખોના (૩૯) અલકા વાણી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) ઈનાક્ષીબેન દલાલ (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ સંઘવી

# સેન્સેક્સે ૮૦,૦૦૦ની સપાટી ગુમાવી, નિફ્ટી ૨૪,૪૦૦ની નજીક; એફએમસીજીમાં ચમકારો, રિયલ્ટી શેરો ગબડ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાની ઊંચી ટેરિફને કારણે કથળેલા સેન્ટિમેન્ટ સાથે વિદેશી ફંડોની એકધારી વેચવાલીને કારણે ભારતીય શેરબજારમાં સતત ત્રીજા દિવસે પીછેહઠ જોવા મળી હતી. નિફ્ટી ૨૪,૪૦૦ની આસપાસ હતો જ્યારે સેન્સેક્સ ૮૦,૦૦૦ની નીચે સરકી ગયો હતો. નકારાત્મક શરૂઆત છતાં, બજાર સત્રના મોટા ભાગના ભાગમાં હકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થયું પરંતુ છેલ્લા કલાકના વેચવાલીના દબાણે બન્ને બેન્ચમાર્કને નેગેટીવ ઝોનમાં ધકેલી દીધાં હતા.

સત્ર દરમિયાન ૩૩૨ પોઇન્ટના ઘટાડા સાથે ૭૯,૭૪૧.૭૬ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ અંતે સેન્સેક્સ ૨૭૦.૯૨ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૭૯,૮૦૯.૬૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૭૪.૦૫ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા ઘટીને ૨૪,૪૨૬.૮૫ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૪૫.૧૭ લાખ કરોડથી રૂ. ૧.૫૨ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૩.૬૫ લાખ કરોડ રહ્યું હતું.

અઠવાડિયા દરમિયાન, સેન્સેક્સ અને નિફ્ટી ઇન્ડેક્સ ૧.૮ ટકા ઘટ્યા હતા, જ્યારે ઓગસ્ટ મહિનામાં બંને બેન્ચમાર્કમાં ૧.૫ ટકાનો ઘટાડો થયો હતો. વેચવાલી સાર્વત્રિક હતી અને તમામ વર્ગમાં પીછેહઠ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ ૦.૪ ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૩ ટકા ગબડ્યો હતો. ટેરિફ બજારને ઘટાડનારા સૌથી મોટું પરિબળ રહ્યું હતું, પરંતુ એફઆઇઆઇની એકધારી વેચવાલી નબળા સહિતના અન્ય અવરોધોને કારણે પણ બજારનું સેન્ટિમેન્ટ ખરડાયેલું રહ્યું હતું. ઉપરાંત રિલાયન્સની એજીએમમાં સારી જાહેરાત થવા છતાં ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ઘટાડો થવાથી વેચવાલીને વધુ તીવ્ર બની હતી.

બજારમાં જોકે એવી ચર્ચા પણ હતી કે અમેરિકાએ વધારાની પચીસ ટકા પેનલ્ટી સાથે કુલ પચાસ ટકા ટેરિફ ભલે લગાવી હોય, પરંતુ ભારતીય અર્થતંત્ર પર તેની ઝાઝી અસર નહીં જોવા મળે. એ ઉપરાંત નોમુરાના અંદાજ અનુસાર વિવિધ એક્ઝમ્પશન બાદ અસરકારક દર ૩૩.૬૦ ટકા જેવો રહેશે.

ટ્રમ્પની પચાસ ટકા ટેરિફ લાગુ થવાને કારણે ટેક્સટાઇલ, લેધર, જેમ્સ અને જ્વેલરીના શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. આ સેક્ટર્સની નિકાસને ફટકો પડવાની ભીતિ સેવાઇ રહી છે. જોકે, નિરિક્ષકો માને છે કે માત્ર અમેરિકામાં થનારી નિકાસને અસર થવાની હોવાથી દરેક કંપની પર નકારાત્મક અસર થશે એવું ધારી લેવું ખોટું છે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨.૯૬ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો. આ પછી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો શેર ૨.૨૧ ટકાના કડાકા સાથે બીજા ક્રમે રહ્યો હતો. સેન્સેક્સના સૌથી વધુ ઘટનારા શેરોમાં આ ઉપરાંત ઇન્ફોસિસ, એનટીપીસી, ટાટા મોટર્સ અને



ટેક મહિન્દ્રાનો સમાવેશ હતો. જોકે, આઇટીસી, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટ્રેન્ટ અને લાર્સન એન્ડ ટૂબ્રો સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની એજીએમને સંબોધતા મુકેશ અંબાણીએ એવી જાહેરાત કરી હતી કે કંપની ૨૦૨૬ના પૂર્વાર્ધમાં જીઓ ઇન્ફોકોમનો આઇપીઓ લાવવાની યોજના ધરાવે છે, જે ભારતના કેપિટલ માર્કેટના ઇતિહાસમાં સૌથી મોટો હશે. બજારની ચર્ચા અનુસાર આ આઇપીઓ રૂ. ૫૨,૦૦૦ કરોડનો હોવાનો અંદાજ છે.

સેકટરલ ધોરણે, મેટલ, આઇટી, રિયલ્ટી, ઓટો સેકટરના ઇન્ડેક્સમાં અડધાથી એક ટકા જેટલો ઘટાડો થયો હતો, જ્યારે કેપિટલ ગુડ્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મીડિયા, એફએમસીજી ઇન્ડેક્સમાં ૦.૨ ટકાથી એક ટકા જેટલો સુધારો જોવા મળ્યો હતો.


બીએસઇ પર લગભગ ૧૦૦ શેર તેમના ૫૨ અઠવાડિયાના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા, જેમાં ક્રેડિટ એક્સેસ ગ્રામીણ, એચબીએલ એન્જિનિયરિંગ, ડાલમિયા ભારત, પ્રોક્ટર એન્ડ ગેમ્બલ હેલ્થ, ઓથમ ઇન્વેસ્ટમેન્ટ વગેરેનો સમાવેશ થાય છે.

ગુરુવારે, સેન્સેક્સ ૭૦૫.૯૭ પોઈન્ટ અથવા ૦.૮૭ ટકા ઘટીને ૮૦,૦૮૦.૫૭ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો અને નિફ્ટી ૨૧૧.૧૫ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા ઘટીને ૨૪,૫૦૦.૯૦પોઇન્ટના સ્તરે બંધ થયો હતો. પાછલા ત્રણ ટ્રેડિંગ દિવસોમાં, બેન્ચમાર્ક ૧,૮૨૬.૨૬ પોઈન્ટ અથવા ૨.૨૩ ટકા ગગડ્યો છે અને નિફ્ટી ૫૪૦.૯ પોઈન્ટ અથવા ૨.૧૬ ટકા ગગડ્યો છે. બજારના સાધનોએ જણાવ્યું હતું કે, બજારોએ યુએસ ટેરિફની સંપૂર્ણ અસરને પચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રોકાણકારોનું સેન્ટિમેન્ટ સાવચેતીપૂર્ણ રહ્યું હતું. ટેરિફની અસરને કારણે કેટલાક ક્ષેત્રોમાં ભારતની નિકાસની ભવિષ્યની સ્પર્ધાત્મકતામાં ઘટાડો થવાની સંભાવના છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નીચા સ્તરે સ્થિર થયો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો હતો. યુરોપમાં બજારો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે અમેરિકન બજારો ઊંચા સ્તરે બંધ થયા. એક્સચેન્જ ડેટા અનુસાર ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૮૦ ટકા ઘટીને ૬૮.૦૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૩,૮૫૬.૫૧ કરોડના મૂલ્યના ઇક્વિટી શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૬,૯૨૦.૩૪ કરોડના શેર ખરીદ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે આઈટીસી ૨.૨૬ ટકા, બીઈએલ ૧.૪૭ ટકા, ટ્રેન્ટ ૧.૪૩ ટકા, લાર્સન ૧.૧૨ ટકા, કોટક બેન્ક ૧.૦૭ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૦૫ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૦ ટકા, તાતા સ્ટીલ ૦.૫૯ ટકા અને સન ફાર્મા ૦.૪૯ ટકા વધ્યા હતા, જ્યારે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૯૬ ટકા, રિલાયન્સ ૨.૨૧ ટકા, ઈન્ફોસીસ ૨.૦૪ ટકા, એનટીપીસી ૧.૦૩ ટકા, તાતા મોટર્સ ૦.૯૮ ટકા, ટેક મહિન્દ્ર ૦.૯૨ ટકા, એચડીએફસી બેન્ક ૦.૬૮ ટકા, એક્સિસ બેન્ક ૦.૬૫ ટકા અને તાતા કન્સલ્ટન્સી ૦.૪૦ ટકા ઘટ્યા હતા.

## ડૉલર સામે રૂપિયો ૫૭ પૈસાના ગાબડાં સાથે ૮૮ની પાર



મુંબઈઃ અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલમાં વધેલા તણાવને પગલે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન એક તબક્કે ૭૫ પૈસાનું ગાબડું પડ્યા બાદ સત્રના અંતે ૫૭ પૈસાના કડાકા સાથે સૌપ્રથમ વખત ૮૮ની સપાટી પાર કરીને ૮૮.૧૫ના મથાળે બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર અમેરિકાએ ભારતથી થતી આયાત સામે લાદવામાં આવેલી ૫૦ ટકા જેટલી ઊંચી ટૅરિફ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીના દબાણ ઉપરાંત ઈક્વિટી માર્કેટમાં નરમાઈતરફી વલણને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૫૮ના બંધ સામે ૮૭.૭૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૩૩ અને ઉપરમાં ૮૭.૭૧ની રેન્જમાં અથડાઈને અંતે ૫૭ પૈસાના ગાબડાં સાથે ૮૮.૧૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનો સુધારો નોંધાયો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ પૂર્વે ડૉલર સામે રૂપિયો ગત પાંચમી ઑગસ્ટના રોજ ૮૭.૮૮ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. અમેરિકા દ્વારા ભારત પર અતિરિક્ત ટૅરિફ લાદવામાં આવી હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના દબાણને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.


દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા વધીને ૯૭.૯૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૭૦.૯૨ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૭૪.૦૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે રૂ. ૩૮૫૬.૫૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૭૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૧૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

### વૈશ્વિક સોનું એક મહિનાની ટોચેથી પાછું ફર્યું

## સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગબડતાં શુદ્ધ સોનાએ ₹ ૮૮૨ની તેજી સાથે ₹ ૧,૦૨,૦૦૦ની સપાટી કુદાવી, ચાંદીમાં ₹ ૪૬૨નો સુધારો

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સની નરમાઈ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ એક મહિનાની ઊંચી ઔંસદીઠ ૩૪૨૩.૧૬ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં નફારૂપી વેચવાલી રહેતાં ભાવ ૦.૫ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૬૦ પૈસા ગબડી ગયો હોવાથી સોનાની આયાત પડતરો વધવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૭૮થી ૮૮૨ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાએ રૂ. ૧,૦૨,૦૦૦ની સપાટી કુદાવી હતી. તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૬૨ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ છતાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૬૨ના સુધારા સાથે રૂ. ૧,૧૭,૫૭૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ



ઉપરાંત ડૉલર સામે રૂપિયો ૬૦ પૈસા જેટલા કડાકા સાથે ૮૮.૧૯ના મથાળે રહ્યો હોવાથી સોનાની આયાત પડતરો પણ વધી આવતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૭૮ વધીને રૂ. ૧,૦૧,૯૭૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૮૨ વધીને રૂ. ૧,૦૨,૩૮૮ના મથાળે રહ્યા હતા. જોકે, તેજીના માહોલમાં સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે મોડી સાંજે અમેરિકાના જુલાઈ મહિનાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટાની જાહેરાત પૂર્વે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કપાતના આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ગત ગત ૨૩મી જુલાઈ પછીની ઊંચી ઔંસદીઠ ૩૪૨૩.૧૬ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલી નીકળતાં ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૩૪૦૭.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૩.૭ ટકાનો સાપ્તાહિક ધોરણે વધારો નોંધાયો છે. તેમ જ વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૪૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૮.૮૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ફેડરલ રિઝર્વ દ્વારા હળવી નાણાનીતિ અપનાવવામાં આવે તેવા આશાવાદને કારણે સોનામાં તેજીને ટેકો મળ્યો હોવાનું કેસીએમ ટ્રેડનાં વિશ્લેષક ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે આજે જાહેર થનારા અમેરિકાના જુલાઈ મહિનાના ફુગાવામાં ૦.૩ ટકાનો વધારો થવાની ધારણા છે.

નોંધનીય બાબત એ છે કે ફેડરલ રિઝર્વના ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે જણાવ્યું હતું કે આગામી નીતિવિષયક બેઠકમાં અમેરિકાના ટૂંકા ગાળાના દેવાના ખર્ચને ઘટાડવા વ્યાજદરમાં કપાત માટે તેમ જ ત્યાર પછી ત્રણથી છ મહિના બાદ વ્યાજદરમાં કપાતને મારું સમર્થન છે. હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટના ઘટાડાની ૮૬ ટકા ધારણા મૂકી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર ફેડ ગવર્નર લિસા કૂકે ગત ગુરુવારે કાયદાકીય કેસ દાખલ કરતાં દાવો કર્યો હતો કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ પાસે મને સત્તા પરથી દૂર કરવાનો કોઈ અધિકાર નથી.

## ટીન અને કોપરની આગેવાની હેઠળ ધાતુમાં આગેકૂચ



મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈના વલણ સાથે ખાસ કરીને લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની વિવિધ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં ટીન અને કોપરની આગેવાની હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૫૮ સુધીના ઉછાળા જોવા મળ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૮ વધીને રૂ. ૩૧૬૬, રૂ. ૧૫ વધીને રૂ. ૯૩૮ અને રૂ. ૧૧ વધીને રૂ. ૮૬૨ના મથાળે રહ્યા હતા.

આ સિવાયની અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૮૪૯, કોપર યુટેન્સિલ્સ ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૭૭૫ અને રૂ. ૧૩૫૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૨૭૪, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૩૪, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૬૦ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૬૧૦ અને રૂ. ૧૮૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ ખપપૂરતી માગ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૬૫ અને રૂ. ૨૧૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

## ખાંડમાં ખપપૂરતા કામકાજે હાજર અને નાકા ડિલિવરીમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૪૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને વરસાદી વાતાવરણમાં રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગ નિરસ રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને વરસાદી વાતાવરણમાં રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મર્યાદિત માગને કારણે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૪૨થી ૪૦૯૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૧૦૨થી ૪૧૮૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની પણ માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૦થી ૩૯૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૯૦થી ૪૦૫૦માં થયાના અહેવાલ હતા.



### વિશ્વ બજાર પાછળ દેશી-આયાતી તેલમાં નરમાઈ

## ઈન્ડોનેશિયાએ સપ્ટેમ્બર માટે ક્રૂડ પામતેલનો રેફરન્સ રેટ વધાર્યો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૭૨ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૭૨ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ હાજરમાં એકમાત્ર સન રિફાઈન્ડમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં તમામ દેશી-આયાતી તેલના ભાવ ઘટી આવ્યા હતા, જેમાં ૧૦ કિલોદીઠ સરસવમાં રૂ. ૩૦, સિંગતેલમાં રૂ. ૨૦, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫, આરબીડી પામોલિનમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર નિરસ રહ્યા હોવાથી પણ ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હતા.

દરમિયાન આજે ઈન્ડોનેશિયાએ આગામી સપ્ટેમ્બર મહિના માટે ક્રૂડ પામતેલના રેફરન્સ રેટ જે હાલ ટનદીઠ ૯૧૦.૯૧ ડૉલર છે તે વધારીને ૯૫૪.૭૧ ડૉલર નિર્ધારિત કર્યાના અહેવાલ હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૧ અને જી-વનના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૩૫ અને રૂ. ૧૨૧૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૪૦૦ ગૂણી અને રાજકોટ મથકે ૭૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૦૦માં થયાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, સિંગતેલના રૂ. ૧૩૬૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને સરસવના રૂ. ૧૬૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા, વધુમાં ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૩૫ ઘટીને રૂ. ૨૧૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૩૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભાવનગરમાં સિદ્ધિતપના તપસ્વીઓના પારણા પ્રસંગે વરઘોડાનું પ્રસ્થાન કરાવ્યું


(તસવીર-વિપુલ હિરાણી,ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે શુક્રવાર સવારે ભાવનગર ખાતે સિદ્ધિતપના આરાધકોના સામૂહિક પારણા પ્રસંગે ઉપસ્થિત રહી વરઘોડાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપા સંઘના આંગણે ચાતુર્માસ બિરાજમાન પૂ. ગુરુ ભગવંતોની પાવન નિશ્રામાં સિદ્ધિદાયક ૫૩૧ થી વધુ સિદ્ધિતપના તપસ્વીઓની તપશ્ચર્યાના પારણા મહોત્સવ પ્રસંગે જિનાલય ખાતેથી મુખ્યમંત્રીશ્રીએ તપસ્વીઓના વરઘોડાને શાસન ધ્વજ ફરકાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. અને આરાધકોને શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મહામંત્ર ગાન કરવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાને જૈન આચાર્ય દ્વારા વાસક્ષેપ અને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપા સંઘના આગેવાનો દ્વારા ભૂપેન્દ્ર પટેલનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, એક સાથે આટલા તપસ્વીઓના દર્શનનો લ્હાવો મળ્યો છે તેમજ આપણી તો સંસ્કૃતિ છે કે તપસ્વીઓના દર્શન માત્રથી ઉદ્ધાર થાય છે. તેમણે કહ્યું હતું કે, તપશ્ચર્યા અને તપસ્યાના માધ્યમથી મુનિ ભગવંતશ્રીના ચરણોમાં જેટલા રહીએ એટલો લાભ થાય છે. તેમણે તપસ્વીઓને વંદન કરી, સકળ શ્રી સંઘને મિચ્છામિ દુક્કડમ્ કર્યું હતું. ■

# અંજારમાં ત્રણ કરોડના મૂલ્યની સરકારી જમીન પર થયેલાં અતિક્રમણોને જમીનદોસ્ત કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સમગ્ર રાજ્યની સાથે સરહદી જિલ્લા કચ્છમાં પણ કરોડોના મૂલ્યની સરકારી જમીનોને દબાણમુક્ત કરાવવા માટે ગત ૧૫મી એપ્રિલથી છેડવામાં આવેલી વિશેષ ઝુંબશ અંતર્ગત અંજાર શહેરના ગણેશ્રી તળાવ પાસેની સરકારી જમીન પર ખડકી દેવામાં આવેલા અતિક્રમણોને સ્થાનિક વહીવટી તંત્રએ જમીનદોસ્ત કર્યા હતાં.

જિલ્લા કલેક્ટર આનંદ પટેલની સૂચના તથા પ્રાંત અધિકારી ચૌધરીનાં માર્ગદર્શન તળે અંજારની મામલતદાર કચેરી દ્વારા શહેરના જીઆઈડીસી વિસ્તારમાં સરકારી સર્વે નં.૫૪૭માં ૬૮૮૯૮ ચોરસ મીટર જેટલી જગ્યા પરના દબાણકર્તાઓને પોતાનાં અતિક્રમણ સ્વેચ્છાએ દૂર કરવા અથવા માલિકી અંગેના દસ્તાવેજી પુરાવા માટે પાંચ વાર તાકીદ કરવામાં આવી હતી તેમ છતાં આ દબાણ દૂર થયાં ન હતાં. અંજાર મામલતદાર ભગવતીબેન ચાવડાના નેતૃત્વ તળે સર્કલ ઓફિસર વિક્રમ ગોહિલ અને તેમની ટુકડી દ્વારા સરકારી જમીન પર જુદા-જુદા આઠ વાડા સ્વરૂપે થયેલાં દબાણોને દૂર કરીને અંદાજિત ૩.૫૦ કરોડના વર્તમાન મૂલ્યની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હોવાનું સત્તાધિશોએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યારસુધી બે લાખ ચોરસ મીટરથી વધારે સરકારી જમીનોને દબાણમુક્ત કરી દેવામાં આવી છે. કચ્છ કલેક્ટર આનંદ પટેલના જણાવ્યા પ્રમાણે, દબાણ હટાવ અભિયાનની આ મહાઝુંબેશ હજુ અવિરત જારી રહેવાની છે. વહીવટી તંત્ર દ્વારા આ ઝુંબેશ હાથ ધરવા પૂર્વે આદરાયેલી મોજણીમાં વિશાળ વિસ્તારમાં પથરાયેલા આ જિલ્લામાં ૫૦૦૦થી વધુ તારવાયેલાં તમામ દબાણો હટવા સાથે હજુ પણ સરકારી જમીન પર પેશકદમી દેખાશે તો તેને હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ તેઓએ ઉમેર્યું હતું. ■

# રાપરના રતનપરમાં અકસ્માતે કૂવામાં પડી જતાં આધેડ વયની મહિલાએ જીવ ખોયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છની આંતરરાષ્ટ્રીય સીમા નજીક આવેલા રાપર તાલુકાના રતનપર ગામમાં અકસ્માતે કૂવામાં પડી જતાં સતીબેન કાનજી વાવિયા (પટેલ) (ઉં.વ. ૫૫)નું મોત થયું હતું. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, રતનપરમાં રહેતાં સતીબેન નામના આધેડ મહિલા વરણુદાદાનાં મંદિર પાછળ કુદરતી હાજતે ગયા હતા, આ દરમ્યાન ડોલમાં પાણી ભરવા જતાં કૂવામાં અકસ્માતે પડી ગયાં હતાં. ઘટનાની જાણ થયે કૂવામાંથી ગામ લોકો તેમનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. પોલીસે ઘટના સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે. ■

# લખપત ક્રીકના દુર્ગમ ભૂટાઉના સમુદ્ર કિનારેથી પેટ્રોલિંગ દરમ્યાન બીએસએફના જવાનોને ચરસના ૨૦ બિનવારસુ પડીકાં મળી આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વર્ષાઋતુમાં હાલ અરબી સમુદ્રમાં ઊંચા મોજા ઉછળી રહ્યાં હોઈ, દર વર્ષની જેમ આ વર્ષે પણ તણાઈને કાંઠે આવી ગયેલા કરોડોની કિંમતના કેફી પદાર્થોના બિનવારસુ પડીકાઓના ઢગલા મળી આવવાનો સિલસિલો ફરી શરૂ થયો છે, અને ટૂંકાગાળામાં લખપતના ક્રીક વિસ્તારના ભૂટાઉ આસપાસના દરિયા કંઠેથી કેફી પદાર્થના વિસ જેટલાં બિનવારસુ પડીકાં સરહદી સલામતી દળના જવાનોને પેટ્રોલિંગ દરમ્યાન મળી આવ્યાં હતા.

આ અંગે નારાયણ સરોવર પોલીસ મથકના પી.આઇ જે.બી.કુરિયાએ જણાવ્યું હતું કે, રોડાસરથી અઢી કિ.મી દૂર ભુટાઉ દરિયા કિનારા પર બીએસએફના જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન ગત ગુરુવારના મોડી સાંજે અલગ અલગ જગ્યાએથી ૨૦ જેટલા માદક પદાર્થના બિનવારસુ પડીકાં મળી આવ્યાં હતાં. ગુલાબી રંગના આ બિનવારસુ પેકેટો પર વચ્ચેના ભાગે લાલ પટ્ટી ચિતરેલી હતી અને અંગ્રેજીમાં નંબર વન ક્વોલિટી અને ‘ઝમન’ તથા ૧૨૦૦ જી.એમ (ગ્રામ) છાપેલું હતું. તે ઉપરાંત ઊર્દૂ ભાષામાં પણ લખાણ હતું અને સિંહ તથા ફૂલનાં ચિત્રો દોરેલાં હતાં. ગણતરીના દિવસોમાં જ આવાં સેંકડો પડીકાઓ મળી આવતાં તાજેતરમાં કચ્છના સાગરકાંઠાનો ઉપયોગ કરી ડ્રગ્સની કોઈ મોટી ખેપ મારવામાં આવી હોવાની શકયતાના આધારે તપાસને વધુ સઘન બનાવવાની સાથે સ્થાનિકોને પણ આ પ્રકારનો માદક પદાર્થ કિનારા પર કે ટાપુઓ પર દેખાય તો પોલીસ મથકને જાણ કરવા અનુરોધ કરાયો હોવાનું નારાયણ સરોવર પોલીસ મથકના પી.આઇ. જે.બી. કુરિયાએ ઉમેર્યું હતું. ■

# ભાવનગરના મહુવામાં બે ઈંચ, ઘોઘામાં એક ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં મોડી રાત્રે ગાજવીજ સાથે અડધો ઇંચ અને ઘોઘામાં એક ઇંચ વરસાદ પડ્યો હતો. શુક્રવાર બપોરે મહુવામાં બે ઇંચ વરસાદ પડ્યો હતો, જ્યારે અન્ય તાલુકાઓમાં હરવા ભારે ઝાપટા વરસી ગયા હતા. ગોહિલવાડ પંથકમાં મોડી રાત્રી દરમિયાન વરસાદી માહોલ ઊભો થયો હતો.

મોડી રાત્રે ભાવનગર શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે અડધો ઇંચ વરસાદ પડી ગયો હતો ત્યારે ઘોઘામાં એક ઇંચ અને સવારે અને બપોરે મહુવામાં બે ઇંચ જેટલો વરસાદ પડી ગયો હતો.

સિહોર તથા પાલીતાણામાં હળવા ભારે ઝાપટા વરસી ગયા હતા. શુક્રવાર સાંજે છ વાગે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભાવનગર શહેરમાં ૧૧ મિ.મી. ઘોઘામાં ૨૨ મિ.મી., સિહોરમાં બે મિ.મી. અને પાલીતાણામાં ૪ મી.મી. પાલીતાણામાં ૫૩ મિ.મી.વરસાદ નોંધાયો હતો. ■


જૂનાગઢમાં તા.૨૯ના રોજ જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગ્રામ્ય અને શાળાથી વિજેતા થયેલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# ભાવનગરના સનેસ ગામ ખાતે ₹૧૭.૮૩ કરોડના ખર્ચે ડેમ નવનિર્માણ પામશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના સનેસ ગામમાંથી પસાર થતી કેરી નદીમાં વલ્લભીપુર બ્રાન્ચ કેનાલનો એન્ડ પોઇન્ટ ભળે છે. આ કેનાલ દ્વારા વધારાનું નર્મદાનું પાણી કેરી નદીમાં છોડવું પડે છે. આ નર્મદાનુ પાણી કેરી નદીમાંથી વહીને સમુદ્રમાં ભળી જાય છે. જે પાણીને અટકાવવા સનેસ ગામના સરકારી ખરાબામાં નદીના વહેણની બાજુમા આવેલ સરકારી પડતરમાં તળાવનું નિર્માણ કરવામાં આવે તો આ વ્યય થતાં મીઠા પાણીનો સદુપયોગ થાય અને આ વિસ્તારના ખેડૂતોને ખેતીમાં ખૂબ જ ફાયદો થાય તેમ હોઈ, જે મુજબ સરકારી પડતર જમીનમાં અંદાજે ૬.૪૦ (લાખ) ચો.મી. વિસ્તારમાં એક તળાવ બનાવવાનુ આયોજન કરવામાં આવ્યું છે. ઉપરોક્ત ડેમમાં અંદાજિત ૩૪.૨૭ (એમસીએફટી) પાણીનો સંગ્રહ થશે. જેને કારણે સનેસ તેમજ આજુ બાજુના ખેડૂતોની અંદાજે ૨૦૦ હેકટર જમીનને ફાયદો થાય તેમ છે. જેનો પ્રાથમિક અંદાજ રૂ.૧૭૮૩.૩૦(લાખ) થવા જાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા.૦૭/૦૫/૨૦૨૫ના રોજ સનેસ ગામના આગેવાનો દ્વારા જાહેર હિસાબ સમિતિના ચેરમેન સમક્ષ સનેસ તળાવના સ્થળ ફેરફારની રજૂઆત કરવામાં આવતા જાહેર હિસાબ સમિતિના ચેરમેન જીતુભાઈ વાઘાણીએ સિંચાઈ વિભાગના કેબિનેટ પ્રધાન કુંવરજીભાઇ બાવળીયાને આ બાબતે રજૂઆત કરતા મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી સૌરાષ્ટ્રની મૌખિક સૂચનાથી સનેસ ગામના આગેવાનો સાથે તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ નવા સ્થળ માટે મુલાકાત લેવામાં આવી હતી અને સ્થળ ફેરફાર કરી સરકારશ્રી દ્વારા રૂ.૧૭.૮૩ કરોડના ખર્ચેડેમ/તળાવ બનાવવાની મંજૂરી સિંચાઈ પ્રધાન કુંવરજીભાઈ બાવળિયા દ્વારા આપવામાં આવી હતી. ઉપરોક્ત સ્થળ ફેરફારવાળી સરકારી પડતર જમીન સર્વે નં.૨૦૯/૧ માં ૬.૪૦ (લાખ) ચો.મી જમીનને તળાવ તરીકે નીમ કરવા માટેની દરખાસ્ત પ્રાંત કચેરી, ભાવનગર ખાતે પ્રગતિ હેઠળ છે. સુધારા સાથે સુધારેલી વહીવટી મંજૂરી રોજ સરકારશ્રીમાંથી આપવામાં આવેલ છે. જેના ડીટીપી તૈયાર કરી, ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. આ સનેસ ડેમ બનતા ૭-૮ ગામના ખેડૂતોને મીઠા પાણીનો સિંચાઈ તેમજ પીવાના પાણીનો લાભ મળશે. આ ડેમ બનવાથી ભાવનગર મહાનગરપાલિકા તેમજ ઉદ્યોગોને પણ પીવાના પાણીનો લાભ મળશે. ■

# અરવિંદ કેજરીવાલ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર પ્રવાસ આવશે, ખેડૂતો માટે જાહેર સભા યોજશે

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ટૂંક સમયમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના પ્રદેશમાં પ્રવાસ માટે આવવાના છે. તેઓ આગામી ૭ સપ્ટેમ્બરના રોજ ચોટીલા ખાતે ખેડૂતોના પ્રશ્નો મુદ્દે જાહેર સભાને સંબોધશે. અરવિંદ કેજરીવાલની આ યાત્રા મહાનગરપાલિકાની આગામી ચૂંટણી પહેલા સક્રિય સ્થિતિમાં પાર્ટી દ્વારા રાજકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વપૂર્ણ રહેશે. સૂત્રોનું કહેવું છે કે, અરવિંદ કેજરીવાલ ૭ સપ્ટેમ્બરના રોજ રાજકોટના હીરાસર ઈન્ટરનેશનલ વિમાનમથક પર ઉતરીને, રાજકોટ અને સુરેન્દ્રનગરના આપના આગેવાનો સાથે મુલાકાત કરીને પણ કરવાના છે.

તાજેતરમાં કેન્દ્ર સરકારે અમેરિકન કપાસની આયાત પર આયાત શુલ્ક ઝીરો કરવાના નિર્ણયથી સૌરાષ્ટ્ર સહિતના કપાસ ખેડૂતોએ વિશાળ નુકસાન ભોગવ્યું છે. ખાસ કરીને રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કપાસનું વાવેતર અને ઉત્પાદન મોટા પાયે થાય છે. આમ આદમી પાર્ટી આ વિષયને લઈને ચોટીલા ખાતે ખેડૂતોને સમર્થન આપવા માટે સભા કરશે. આ ઉપરાંત, ૩૦ ઓગસ્ટે રાજકોટના પેડક રોડ ઉપર વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાની જાહેર સભા પણ યોજાવાની છે. આ સાથે સૌરાષ્ટ્રમાં આપ દ્વારા લોકોમાં પ્રજા સમ્પર્ક વધારવાના અન્ય કાર્યક્રમો પણ ચાલુ રહેશે. ■

# અંજારમાં રાષ્ટ્રીય બજરંગ દળે એક લાખ હનુમાન ચાલીસા શરૂ કરવાનો સંકલ્પ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાષ્ટ્રીય બજરંગ દળ અને મહિલા પરિષદ ઓજસ્વીની અંજારના રાયમલ ધામ આશ્રમ ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં રાષ્ટ્રીય પ્રમુખ ડો. પ્રવીણભાઈ તોગડિયા અને રાષ્ટ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવી હતી. બેઠકમાં રાષ્ટ્રીય બજરંગ દળે દેશભરમાં એક લાખ હનુમાન ચાલીસાના પાઠ શરૂ કરવાનો વિશેષ સંકલ્પ કર્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન અનેક કાર્યકરો અને બ્રહ્મ સમાજે રાષ્ટ્રીય પ્રમુખનું સન્માન કર્યું અને શાસ્ત્રી ભરત જોષીનું સન્માન સાલ અને ઉપયોગી ઉપહાર આપી કરવામાં આવ્યું હતું.

બેઠકમાં સંગઠન પ્રધાન નિર્મલસિંહ ખુમાર, ગુજરાત મહા પ્રધાન શશિકાંત પટેલ, કચ્છ જિલ્લા મહામંત્રી બાબુભાઈ આહીર, કચ્છ વિભાગના પ્રમુખ વિનોદ ભાનુશાલી, પ્રધાન ગિરિરાજસિંહ રાણા અને ઉદ્યોગપતિ હેમચંદ યાદવ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજના અગ્રણીઓમાં વિક્રમ જોશી, હિતેશ જોષી, મુકેશ બાપટ અને મોહનલાલ ગૌર હાજર રહ્યા હતા. મહિલા પરિષદમાંથી ક્રિષ્નાબેન, ભારતી માખીજાની, હિનાબેન ઓજસ્વી અને હનીબેન હાજર રહ્યાં હતાં.

આ ઉપરાંત ચેતનસિંહ ઝાલા, યુવાનસિંહ ઝાલા અને રાજેશ ગુશાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. ■

# વિસાવદરમાં નલ સે જલ યોજનામાં કરોડોનું કૌભાંડ! લોકોએ રજૂઆત કરી તો તંત્રે હાથ ખંખેર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિસાવદરમાં નલ સે જલ યોજનામાં કરોડોના ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. અંદાજે ૭ કરોડ રૂપિયાની કિંમતવાળી આ યોજનામાંથી ચાર કરોડથી વધુના બિલની ચુકવણી થઈ ગઈ હોવા છતાં મોટા ભાગના કામો સ્થળે પૂર્ણ થયા નથી. સ્થાનિકોનું કહેવું છે કે જ્યાં ૭૫ લાખ રૂપિયાનો પાણીનો ટાંકો બનાવવો હતો તે ટાંકો બનાવવામાં આવ્યો જ નથી, એટલું જ નહીં, પરંતુ ૭૫ લાખનો આરઓ પ્લાન્ટ પણ નાખવામાં નથી આવ્યો.

જૂની પાઈપલાઈનોને કાગળ પર નવી બતાવીને કરોડોની કામગીરી કરી થઈ હોવાના બિલોની ચુકવણી કરી દેવાઈ હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

સ્થાનિકોનું કહ્યું હતું કે, પાણીના પ્રેશરના કારણે જૂની પાઈપલાઈનમાં વારંવાર ભંગાણ થાય છે, તેમ છતાંય કામ થતું નથી અને કાગળ પર લાઈનો ફિટ થયાનું બતાવવામાં આવ્યું છે. આક્ષેપ એવો છે કે, જે કામ થયું જ નથી તેના રૂપિયા ખંખેરવામાં આવી રહ્યાં છે. આ મામલે ચીફ ઓફિસર, પ્રાંત અધિકારી અને કલેક્ટર સુધી લેખિતથી રજૂઆત કરી છે, પણ હજુ સુધી કોઈ કાર્યવાહી થઇ નથી. ■

# જામનગરના દરિયાકાંઠે એસઓજી અને મરીન પોલીસે સાથે મળી મોકડ્રિલ યોજી

અમદાવાદઃ સાગર સુરક્ષા કવચ અંતર્ગત જામનગરના દરિયાકાંઠે મહત્ત્વપૂર્ણ મોકડ્રિલ યોજવામાં આવી હતી. દરિયાઈ વિસ્તારમાં શંકાસ્પદ ગતિવિધિઓની માહિતી મળતાં જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક કાર્યવાહી આદેશ આપતા તપાસ શરૂ કરવામાં આવી હતી. એસઓજી અને મરીન પોલીસની ટીમે સાથે મળીને દરિયાઈ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. સુરક્ષા મોકડ્રિલ દરમિયાન એક શંકાસ્પદ બોટ દેખાતાં તેનો પીછો કરીને તેને ઝડપી લેવામાં આવી હતી. આ લોકો પાસેથી બે એકે-૪૭ રાઇફલ, આરડીએક્સ બોમ્બ અને લેપટોપ સહિતનો સામાન મળી આવ્યો હતો. બોટમાંથી બે કથિત આતંકવાદીઓને પણ પકડી પાડવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યવાહી કર્યા બાદ તંત્રએ આ એક મોકડ્રિલનો ભાગ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ■


આંગણવાડીની અલગ અલગ જગ્યા માટે રાજકોટની મામલતદાર કચેરી ખાતે વહેલી સવારથી ઉમેદવારોની લાંબી લાઈનો હતી... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ૬૫ વર્ષમાં ૨૫મી વાર કમલેશ્વર ડેમ ઓવરફ્લો થયો! એલર્ટ રહેવાની સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર વિસ્તારનો જીવાદોરી સમાન કમલેશ્વર ડેમ (હિરણ-૧) ૨૯ ઓગસ્ટે ઓવરફ્લો થયો હતો. ડેમના ૬૫ વર્ષના ઇતિહાસમાં આ ૨૫મી વખત ઓવરફ્લો થયો છે. કમલેશ્વર ડેમ ગીરના વન્યજીવ માટે પણ અતિ મહત્ત્વનો છે, અહીં સિંહ સહિતના વન્યજીવો માટે ૧૦૦ એમસીએફટ પાણી અનામત તરીકે રાખવામાં આવે છે. ડેમમાંથી તાલાલા અને આસપાસના ૧૨ ગામને સિંચાઈ અને પીવાનું પાણી પણ પૂરું પાડવામાં આવે છે. ડેમના પાણીથી તાલાલા અને આસપાસના ૧૨ ગામોને પીવાનું તથા સિંચાઈનું પાણી પૂરું પાડવામાં આવે છે. ડેમ સાઇટ પર સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર આર. કે. સામાણી અને મદદનીશ ઇજનેરો દ્વારા વિધિવત પૂજન અને હિરણમાતાજીને શ્રીફળ-ચૂંદડી અર્પણ કરીને નવા નીરના વધામણાં કરવામાં આવ્યાં હતાં. આ સાથે વરસાદી માહોલને ધ્યાનમાં રાખીને ડેમ સાઈટના કર્મચારીઓને પણ એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી હતી.

# તરણેતર મેળામાં ચાર દિવસમાં પાંચ લાખ શ્રદ્ધાળુઓએ મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરના થાનગઢમાં યોજાયેલા તરણેતર મેળામાં ચાર દિવસ દરમિયાન પાંચ લાખ લોકોએ આવ્યા હતા. ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલા ગંગાજી કુંડમાં એક લાખ ભક્તોએ સ્નાન કર્યું હતું. ઋષી પંચમીના દિવસે ૫૦ હજારથી વધારે ભક્તોએ કુંડમાં સ્નાન કર્યું હતું. મેળામાં પ્રવાસન પ્રધાન મુળુભાઈ બેરા અને જળસંપત્તિ પ્રધાન કુંવરજીભાઈ બાવળીયાએ ભોળાનાથની પૂજા-અર્ચના કરી હતી.

તરણેતર મેળામાં સુરક્ષાને ધ્યાન રાખીને ૨૦ ફૂટ ઊંડા અને ૨૦ ફૂટ પહોળા કુંડમાં ૮ તરવૈયા તૈનાત કરવામાં આવ્યા હતા. સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા બે ફાયર ફાઇટર પણ તહેનાત કરવામાં આવ્યા હતા. સુરક્ષા માટે તમામ પ્રકારની વ્યવસ્થાનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. ■